# ॥ ૐ ॥

# શ્રીજૈનસિદ્ધાન્તપ્રવેશિકા.

મૂળલેખક:

[illegible] સ્યાદ્વાદવારિધિ વિદ્વચ્છિરોમણિ

સ્વ૦ પંડિત શ્રીગોપાળદાસજી બરૈયા.

---

[illegible]

[illegible] જીવરાજભાઈ

કાપડીયા—[illegible].

[illegible]

ઝવેરી નાનાલાલ કાળીદાસ.

[illegible]

[illegible] વિ. સં. [illegible]

મુદ્રક—[illegible] અમદાવાદ.

ધી અમૃત પ્રિન્ટિંગ પ્રેસ
સોનગઢ—કાઠિયાવાડ.

**સુવર્ણવચન.**

**संविशुद्धपरमात्मभावना
सविशुद्धपदकारणं भवेत् ।
सेतरेतरकृते सुवर्णतो
लोहतश्च विकृती तदाश्रिते ॥**

અર્થ:—જે પ્રકારે સુવર્ણથી સુવર્ણપાત્રની ઉત્પત્તિ થાય છે અને લોખંડથી લોખંડપાત્રની ઉત્પત્તિ થાય છે તેવી રીતે શુદ્ધ પરમાત્માની ભાવના કરવાથી શુદ્ધપદ—મોક્ષપદની પ્રાપ્તિ થાય છે તથા અશુદ્ધ ભાવનાથી અશુદ્ધપદ—સ્વર્ગનરકાદિ પદની પ્રાપ્તિ થાય છે.

**પદ્મનન્દિપંચવિંશતિકા—સદ્બોધચન્દ્રોદયાધિકાર.**

મુદ્રક:
વોરા અમૃતલાલ દેવકરણ.

# બે શબ્દ.

આ 'શ્રીજૈનસિદ્ધાન્તપ્રવેશિકા' પુસ્તિકા પ્રાવેશિક પાઠ્ય પુસ્તક છે. જે સજ્જન આ પુસ્તકનો ધ્યાનપૂર્વક સ્વાધ્યાય કરે છે તેને જૈન સિદ્ધાંત ગ્રંથોના સ્વાધ્યાયમાં તે સહાયક થાય છે. આ પુસ્તક બહુ ઉપયોગી હોઇને જૈન દિગંબર પાઠશાલાઓમાં ભણાવવામાં આવે છે; અને પરીક્ષાલયોમાં પણ તેને સ્થાન આપેલ છે. સ્વ૦ વિદ્વચ્છિરોમણિ શ્રીગોપાલદાસજીબરૈયાએ આ ગ્રંથ મૂળ હિન્દીમાં લખી જૈન સમાજ પર મહાન્ ઉપકાર કર્યો છે. તેના અનુવાદ પણ ગુજરાતી, મરાઠી આદિ ભાષાઓમાં થઇ ગયા છે. અને તેની કેટલીય આવૃત્તિઓ પણ નીકળી ચૂકી છે. એટલું જ નહિ પણ આ પુસ્તક દરેક સ્વાધ્યાય પ્રેમીને કોશ સમાન બહુ સહાય આપે છે.

આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ થોડાં વર્ષ પહેલાં શ્રીયુત મૂળચંદભાઇ કીશનદાસ કાપડિયાદ્વારા પ્રગટ થયો હતો. તે અનુવાદ અત્યારે મળતો નથી.

તેથી શ્રીયુત મૂળચંદભાઈ પાસે આ ઉપયોગી પુસ્તકની ગુજરાતી દ્વિતીયાવૃત્તિ કાઢવાની રજા માંગતાં તેમણે તે સહર્ષ આપી છે. તેથી તેમનો આભાર માનું છું. તે પુસ્તકમાં જે સ્ખલનાઓ લાગી તે યથાશક્તિ દૂર કરી છે. અને તેના માટે આ પુસ્તકના પૃષ્ઠ ૧૮૧ પર 'શુદ્ધિ' આપેલ છે તે પ્રમાણે આ પુસ્તક સુધારી લેવા વિનતિ છે. તેમ છતાં મતિદોષના કારણે કોઈ ભૂલો કરી હોય તો ક્ષમા માંગી તે દર્શાવવા પ્રાર્થના કરું છું. આ પુસ્તકની વિષયાનુક્રમણિકા પુસ્તકને અંતે આપેલ છે.

આ પુસ્તકમાં જે ધર્મસ્નેહીએ સમજણ આપી છે તેમનો તથા આ પુસ્તકના પ્રકાશક ઉદારચિત્ત દાતા શ્રીમાન **નાનાલાલભાઈ કાલિદાસ ઝવેરી**નો પણ હૃદયપૂર્વક ઉપકાર માની વિરમું છું.

| | |
|---|---|
| ફાલ્ગુન અષ્ટાહ્નિકા. ૧૯૯૫-સોનગઢ. | સંતસેવક **ભાયાણી હરિલાલ જીવરાજભાઈ** |

॥ श्री परमात्मने नमः ॥

# શ્રી જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા.

नत्वा जिनेन्द्रं गतसर्वदोषं
सर्वज्ञदेवं हितदर्शकं च ।
श्रीजैनसिद्धान्तप्रवेशिकेयं
विरच्यते स्वल्पधियां हिताय ॥

અર્થઃ—જેના સર્વ દોષો નાશ થયા છે, અને જેઓ હિતને માટે ઉપદેશ આપનાર છે, એવા સર્વજ્ઞદેવ શ્રીજિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરીને આ "શ્રીજૈનસિદ્ધાન્તપ્રવેશિકા" ગ્રંથ અલ્પ બુદ્ધિવાળાને હિતને માટે રચવામાં આવે છે.

## પ્રથમોઽધ્યાયઃ ।

**૧ પ્ર. પદાર્થોને જાણવાના કેટલા ઉપાય છે?**

ઉ. ચાર ઉપાય છે. ૧ લક્ષણ, ૨ પ્રમાણ, ૩ નય અને ૪ નિક્ષેપ.

**૨ પ્ર. લક્ષણ કોને કહે છે?**

ઉ. ઘણાએક મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરનાર હેતુને લક્ષણ કહે છે. જેમકેઃ- જીવનું લક્ષણ ચેતના.

**૩ પ્ર. લક્ષણના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છેઃ-એક આત્મભૂત બીજો અનાત્મભૂત.

**૪ પ્ર. આત્મભૂતલક્ષણ કોને કહે છે?**

ઉ. જે લક્ષણ વસ્તુના સ્વરૂપમાં મળેલું હોય. જેમકે અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું.

**૫. પ્ર. અનાત્મભૂતલક્ષણ કોને કહે છે?**

ઉ. જે લક્ષણ વસ્તુના સ્વરૂપમાં મળેલું ન હોય. જેમકે-દંડી પુરુષનું લક્ષણ દંડ.

**૬ પ્ર. લક્ષણાભાસ કોને કહે છે?**

ઉ. જે લક્ષણ સદોષ હોય.

**૭ પ્ર. લક્ષણના દોષ કેટલા છે?**

ઉ. ત્રણ છે. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ.

**૮ પ્ર. લક્ષ્ય કોને કહે છે?**

ઉ. જેનું લક્ષણ કરવામાં આવે તેને લક્ષ્ય કહે છે.

**૯ પ્ર. અવ્યાપ્તિદોષ કોને કહે છે?**

ઉ લક્ષ્યના એક દેશમાં (એક ભાગમાં) લક્ષણનું રહેવું તેને અવ્યાપ્તિ દોષ કહે છે; જેમકે પશુનું લક્ષણ શીંગડું.

**૧૦ પ્ર. અતિવ્યાપ્તિદોષ કોને કહે છે?**

ઉ. લક્ષ્ય તેમજ અલક્ષ્યમાં લક્ષણનું રહેવું, તેને અતિવ્યાપ્તિ દોષ કહે છે. જેમકે ગાયનું લક્ષણ શીંગડાં.

**૧૧ પ્ર. અલક્ષ્ય કોને કહે છે?**

ઉ. લક્ષ્ય સિવાયના બીજા પદાર્થોને અલક્ષ્ય કહે છે.

**૧૨ પ્ર. અસંભવદોષ કોને કહે છે?**

ઉ. લક્ષ્યમાં લક્ષણની અસંભવતાને અસંભવ-દોષ કહે છે.

**૧૩ પ્ર. પ્રમાણ કોને કહે છે?**

ઉ. સાચા જ્ઞાનને પ્રમાણ કહે છે.

**૧૪ પ્ર. પ્રમાણના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે. એક પ્રત્યક્ષ અને બીજો પરોક્ષ.

**૧૫ પ્ર. પ્રત્યક્ષ કોને કહે છે?**

ઉ. જે પદાર્થને સ્પષ્ટ જાણે.

**૧૬ પ્ર. પ્રત્યક્ષના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે. એક સાંવ્યવહારિકપ્રત્યક્ષ, અને બીજો પારમાર્થિકપ્રત્યક્ષ.

**૧૭ પ્ર. સાંવ્યવહારિકપ્રત્યક્ષ કોને કહે છે?**

ઉ. જે ઇન્દ્રિય અને મનની સહાયતાથી પદાર્થને એક દેશ [ભાગ] સ્પષ્ટ જાણે.

**૧૮ પ્ર. પારમાર્થિકપ્રત્યક્ષ કોને કહે છે?**

ઉ. જે કોઈની પણ સહાયતા વગર પદાર્થને સ્પષ્ટ જાણે.

**૧૯ પ્ર. પારમાર્થિકપ્રત્યક્ષના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે.—વિકલપારમાર્થિક અને સકલ-પારમાર્થિક.

**૨૦ પ્ર. વિકલપારમાર્થિકપ્રત્યક્ષ કોને કહે છે?**

ઉ. જે રૂપી પદાર્થોને કોઈની સહાયતા વિના સ્પષ્ટ જાણે.

**૨૧ પ્ર. વિકલપારમાર્થિકપ્રત્યક્ષના કેટલા ભેદ છે. ?**

ઉ. બે ભેદ છેઃ—એક અવધિજ્ઞાન અને બીજું મનઃપર્યયજ્ઞાન.

**૨૨ પ્ર. અવધિજ્ઞાન કોને કહે છે ?**

ઉ. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની મર્યાદાથી જે રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે.

**૨૩ પ્ર. મનઃપર્યયજ્ઞાન કોને કહે છે ?**

ઉ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાથી જે બીજાના મનમાં રહેલા રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે.

**૨૪ પ્ર. સકલપારમાર્થિકપ્રત્યક્ષ કોને કહે છે ?**

ઉ. કેવલજ્ઞાનને.

**૨૫ પ્ર. કેવલજ્ઞાન કોને કહે છે ?**

ઉ. જે ત્રિકાળવર્તી (ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના) સમસ્ત પદાર્થોને યુગપત્ (એક સાથે) સ્પષ્ટ જાણે.

**૨૬ પ્ર. પરોક્ષપ્રમાણ કોને કહે છે ?**

ઉ. જે બીજાની ( ઇંદ્રિય અને મનની ) સહાયતાથી પદાર્થને સ્પષ્ટ જાણે.

**૨૭ પ્ર. પરોક્ષપ્રમાણના કેટલા ભેદ છે ?**

ઉ પાંચ છે—સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ.

**૨૮ પ્ર. સ્મૃતિ કોને કહે છે ?**

ઉ. પહેલાં અનુભવ કરેલ પદાર્થને યાદ કરવો તેને સ્મૃતિ કહે છે.

**૨૯ પ્ર. પ્રત્યભિજ્ઞાન કોને કહે છે ?**

ઉ. સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમકે આ તે જ મનુષ્ય છે કે, જેને કાલે જોયો હતો.

**૩૦ પ્ર. પ્રત્યભિજ્ઞાનના કેટલા ભેદ છે ?**

ઉ. એકત્વપ્રત્યભિજ્ઞાન, સાદસ્યપ્રત્યભિજ્ઞાન આદિ અનેક ભેદ છે.

**૩૧ પ્ર. એકત્વપ્રત્યભિજ્ઞાન કોને કહે છે ?**

ઉ. સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થમાં એકતા બતાવતા જોડરૂપ જ્ઞાનને એકત્વપ્રત્યભિજ્ઞાન

કહે છે. જેમકે—આ તે જ મનુષ્ય છે કે જેને કાલે જોયો હતો.

૩૨ પ્ર. **સાદૃશ્યપ્રત્યભિજ્ઞાન કોને કહે છે?**

ઉ. સ્મૃતિ અને પત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં સાદૃશ્ય [સમાન] દેખાડતા જોડરૂપ જ્ઞાનને સાદૃશ્યપત્યભિજ્ઞાન કહે છે. જેમકે આ ગાય રોઝના જેવી છે.

૩૩ પ્ર. **તર્ક કોને કહે છે?**

ઉ. વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહે છે.

૩૪ પ્ર. **વ્યાપ્તિ કોને કહે છે?**

ઉ. અવિનાભાવસંબંધને વ્યાપ્તિ કહે છે,

૩૫ પ્ર. **અવિનાભાવસંબંધ કોને કહે છે?**

ઉ. જ્યાં જ્યાં સાધન (હેતુ) હોય, ત્યાં ત્યાં સાધ્યનું હોવું અને જ્યાં જ્યાં સાધ્ય ન હોય ત્યાં ત્યાં સાધનના પણ ન હોવાને અવિનાભાવસંબંધ કહે છે. જેમકે—જ્યાં જ્યાં ધૂમાડો છે, ત્યાં ત્યાં અગ્નિ છે અને જ્યાં જ્યાં અગ્નિ નથી, ત્યાં ત્યાં ધૂમાડો પણ નથી.

૩૬ પ્ર. **સાધન કોને કહે છે?**

ઉ. જે સાધ્ય વિના ન હોય. જેમકે—અગ્નિનો હેતુ ( સાધન ) ધૂમાડો.

૩૭ **પ્ર. સાધ્ય કોને કહે છે?**

ઉ. ઇષ્ટ અબાધિત અસિદ્ધને સાધ્ય કહે છે.

૩૮ **પ્ર. ઇષ્ટ કોને કહે છે?**

ઉ. વાદી અને પ્રતિવાદી જેને સિદ્ધ કરવાને ચાહે, તેને ઇષ્ટ કહે છે.

૩૯ **પ્ર. અબાધિત કોને કહે છે?**

ઉ. જે બીજા પ્રમાણથી બાધિત ન હોય. જેમકે—અગ્નિમાં ઠંડાપણું પ્રત્યક્ષપ્રમાણથી બાધિત છે, એ કારણથી આ ઠંડાપણું સાધ્ય ( સિદ્ધ ) થઈ શકતું નથી.

૪૦ **પ્ર. અસિદ્ધ કોને કહે છે?**

ઉ. જે બીજા પ્રમાણથી સિદ્ધ ન થાય અથવા જેનો નિશ્ચય ન હોય તેને અસિદ્ધ કહે છે.

૪૧ **પ્ર. અનુમાન કોને કહે છે?**

ઉ. સાધનથી સાધ્યના જ્ઞાનને અનુમાન કહે છે.

૪૨ **પ્ર. હેત્વાભાસ(સાધનાભાસ) કોને કહે છે?**

ઉ. સદોષ હેતુને અથવા દોષ સહિત હેતુને.

૪૩ **પ્ર. હેત્વાભાસના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે:- અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાન્તિ (વ્યભિચારી) અને અકિંચિત્કર.

૪૪ **પ્ર. અસિદ્ધહેત્વાભાસ કોને કહે છે?**

ઉ. જે હેતુના અભાવનો (ગેરહાજરીનો) નિશ્ચ હોય અથવા તેના સદ્‌ભાવમાં (હાજરીમાં) સદેહ (શક હોય, તેને અસિદ્ધહેત્વાભાસ કહે છે. જેમકે-"શબ્દ નિત્ય છે કેમકે નેત્રનો વિષય છે," પરન્તુ શબ્દ કર્ણ (કાન) નો વિષય છે, નેત્રનો થઈ શકતો નથી, તેથી "નેત્રનો વિષય" એ હેતુ અસિદ્ધહેત્વાભાસ છે.

૪૫ **પ્ર. વિરુદ્ધહેત્વાભાસ કોને કહે છે?**

ઉ. સાધ્યથી વિરુદ્ધ પદાર્થની સાથે જેની વ્યાપ્તિ હોય, તેને વિરુદ્ધહેત્વાભાસ કહે છે. જેમકે-"શબ્દ નિત્ય છે કેમકે પરિણામી છે." આ અનુમાનમાં પરિણામીની વ્યાપ્તિ અનિત્યની સાથે છે, નિત્યની સાથે નથી, તે માટે નિત્યત્વનો "પરિણામી હેતુ" વિરુદ્ધ-હેત્વાભાસ છે.

**૪૬ પ્ર. અનૈકાન્તિક (વ્યભિચારી) હેત્વાભાસ કોને કહે છે. ?**

ઉ. જે હેતુ પક્ષ, સપક્ષ, વિપક્ષ એ ત્રણેમાં વ્યાપે, તેને અનૈકાન્તિક (વ્યભિચારી) હેત્વાભાસ કહે છે. જેમકે—"આ ઓરડામાં ધૂમાડો છે કેમકે તેમાં અગ્નિ છે." અહીંયાં અગ્નિ હેતુ પક્ષ, સપક્ષ, વિપક્ષ એ ત્રણેમાં વ્યાપક હોવાથી અનૈકાન્તિકહેત્વાભાસ છે.

**૪૭ પ્ર. પક્ષ કોને કહે છે ?**

ઉ. જ્યાં સાધ્યને રહેવાનો શક હોય. જેમકે ઉપરના દૃષ્ટાન્તમાં ઓરડો.

**૪૮ પ્ર. સપક્ષ કોને કહે છે ?**

ઉ. જ્યાં સાધ્યના સદ્‌ભાવ (હાજરી) નો નિશ્ચય હોય. જેમકે—ધૂમાડાનો સપક્ષ લીલા ઇંધન (બળતણ) થી મળેલી અગ્નિવાળું રસોઇઘર છે.

**૪૯ પ્ર. વિપક્ષ કોને કહે છે ?**

ઉ. જ્યાં સાધ્યના અભાવ ( ગૈરમૌજૂદગી ) નો નિશ્ચય હોય. જેમકે અગ્નિથી તપલો લોઢાનો ગોળો.

**૫૦ પ્ર. અકિઞ્ચિત્કરહેત્વાભાસ કોને કહે છે ?**

ઉ. જે હેતુ કોઈપણ કાર્ય (સાધ્યની સિદ્ધિ) કરવામાં સમર્થ ન હોય.

૫૧ **પ્ર. અકિઞ્ચિત્કરહેત્વાભાસના કેટલા ભેદ છે?**

ઉ. બે છે:–એક સિદ્ધસાધન, બીજો બાધિતવિષય.

૫૨ **પ્ર. સિદ્ધસાધન કોને કહે છે?**

ઉ. જે હેતુનું સાધ્ય સિધ્ધ હોય. જેમકે:–અગ્નિ ગરમ છે. કેમકે સ્પર્શ ઇન્દ્રિયથી એવું જ પ્રતીત થાય છે.

૫૩ **પ્ર. બાધિતવિષયહેત્વાભાસ કોને કહે છે?**

ઉ. જે હેતુના સાધ્યમાં બીજા પ્રમાણથી બાધા (હરકત) આવે.

૫૪ **પ્ર. બાધિતવિષયહેત્વાભાસના કેટલાભેદ છે?**

ઉ. પ્રત્યક્ષબાધિત, અનુમાનબાધિત, આગમબાધિત, સ્વવચનબાધિત, આદિ અનેક ભેદ છે.

૫૫ **પ્ર. પ્રત્યક્ષબાધિત કોને કહે છે?**

ઉ. જેના સાધ્યમાં પ્રત્યક્ષથી બાધા આવે. જેમકે "અગ્નિ ઠંડી છે, કેમકે એ દ્રવ્ય છે"; આ હેતુ-પ્રત્યક્ષબાધિત છે.

**૫૬ પ્ર. અનુમાનબાધિત કોને કહે છે?**

ઉ. જેના સાધ્યમાં અનુમાનથી બાધા આવે. જેમકે 'ઘાસ આદિ કર્ત્તાનું બનાવેલું છે; કેમકે-એ કાર્ય છે;' પરન્તુ આમાં આ અનુમાનથી બાધા આવે છે કે ઘાસ આદિ કોઈનું બનાવેલું નથી, કેમકે તેનો બનાવવાવાળો શરીરધારી નથી. જે જે શરીરધારીનું બનાવેલું નથી, તે તે વસ્તુઓ કર્ત્તાની બનાવેલી નથી. જેમકે-આકાશ.

**૫૭ પ્ર. આગમબાધિત કોને કહે છે?**

ઉ. શાસ્ત્રથી જેનું સાધ્ય બાધિત હોય તેને આગમબાધિત કહે છે. જેમકે-પાપ સુખને આપવા-વાલું છે; કેમકે તે કર્મ છે. જે જે કર્મ હોય છે, તે તે સુખના આપવાવાલાં હોય છે, જેમકે-પુણ્યકર્મ. આમાં શાસ્ત્રથી બાધા આવે છે, કેમકે શાસ્ત્રમાં પાપને દુઃખ દેવાવાળું લખ્યું છે.

**૫૮ પ્ર. સ્વવચનબાધિત કોને કહે છે?**

ઉ. જેના સાધ્યમાં પોતાનાં વચનથી જ બાધા આવે. જેમકે-મારી માતા વંધ્યા છે, કેમકે પુરુષનો

સંયોગ થવા છતાં પણ તેને ગર્ભ રહેતો નથી.

**૫૯ પ્ર. અનુમાનના કેટલા અંગ છે?**

ઉ. પાંચ છેઃ–પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન.

**૬૦ પ્ર. પ્રતિજ્ઞા કોને કહે છે?**

ઉ. પક્ષ અને સાધ્યના કહેવાને પ્રતિજ્ઞા કહે છે. જેમકે–"આ પર્વતમાં અગ્નિ છે."

**૬૧ પ્ર. હેતુ કોને કહે છે?**

ઉ. સાધનના વચનને (કહેવાને) હેતુ કહે છે; જેમકે–"કેમકે આ ધૂમવાન્ છે."

**૬૨ પ્ર. ઉદાહરણ કોને કહે છે?**

ઉ. વ્યાપ્તિપૂર્વક દૃષ્ટાન્તને કહેવું તેને ઉદાહરણ કહે છે. જેમકે–"જ્યાં જ્યાં ધૂમાડો છે, ત્યાં ત્યાં અગ્નિ છે. જેમકે રસોડું. અને જ્યાં જ્યાં અગ્નિ નથી, ત્યાં ત્યાં ધૂમાડો પણ નથી. જેમકે–"તળાવ"

**૬૩ પ્ર. દૃષ્ટાન્ત કોને કહે છે?**

ઉ. જ્યાં સાધ્ય અને સાધનની મૌજૂદગી (હાજરી) અથવા ગૈરમૌજૂદગી દેખાઈ જાય. જેમકે–

રસોઇનું ઘર અથવા તળાવ.

**૬૪ પ્ર. દૃષ્ટાન્તના કેટલા ભેદ છે?**

ઉ. બે. અન્વયદષ્ટાન્ત અને વ્યતિરેક દષ્ટાન્ત.

**૬૫ પ્ર અન્વયદૃષ્ટાન્ત કોને કહે છે?**

ઉ. જ્યાં સાધનની હૈયાતિમાં સાધ્યની હૈયાતિ બતાવાય તેને. જેમકે-રસોડામાં ધૂમાડાનો સદ્ભાવ (હાજરી હોવાથી અગ્નિનો સદ્ભાવ બતાવ્યો.

**૬૬ પ્ર. વ્યતિરેકદૃષ્ટાન્ત કોને કહે છે?**

ઉ. જ્યાં સાધ્યની ગેરહાજરીમાં સાધનની ગેરહાજરી દેખાડાય તેને. જેમકે-તળાવ.

**૬૭ પ્ર. ઉપનય કોને કહે છે?**

ઉ. પક્ષ અને સાધનમાં દષ્ટાન્તની સદશતા દેખાડવાને ઉપનય કહે છે. જેમકે-આ પર્વત પણ એવા જ ધૂમાડાવાળો છે.

**૬૮ પ્ર. નિગમન કોને કહે છે?**

ઉ. પરિણામ દેખાડીને પ્રતિજ્ઞાને સિધ્ધ કરવાને ફરીથી કહેવું તેને નિગમન કહે છે જેમકે- તેથી કરીને આ પર્વત પણ અગ્નિવાન્ છે.

**૬૯ પ્ર. હેતુના કેટલા ભેદ છે?**

ઉ. ત્રણ ભેદ છે. કેવલાન્વયી, કેવલવ્યતિરેકી અને અન્વયવ્યતિરેકી.

**૭૦ પ્ર. કેવલાન્વયી હેતુ કોને કહે છે?**

ઉ. જે હેતુમાં માત્ર અન્વય દષ્ટાન્ત હોય. જેમકે-જીવ અનેકાન્તસ્વરૂપ છે કેમકે સત્સ્વરૂપ છે. જે જે સત્સ્વરૂપ હોય છે, તે તે અનેકાન્તસ્વરૂપ હોય છે, જેમકે-પુદ્ગલાદિક.

**૭૧ પ્ર. કેવલવ્યતિરેકી હેતુ કોને કહે છે?**

ઉ. જેમાં માત્ર વ્યતિરેકી દષ્ટાન્ત હોય તેને. જેમકે-સજીવ શરીરમાં આત્મા છે; કેમકે તેમાં શ્વાસોચ્છ્વાસ છે. જ્યાં જ્યાં આત્મા હોતો નથી, ત્યાં ત્યાં શ્વાસોચ્છ્વાસ પણ હોતો નથી, જેમકે-મેજ વગેરે.

**૭૨ પ્ર. અન્વયવ્યતિરેકી હેતુ કોને કહે છે?**

ઉ. જેમાં અન્વયી દષ્ટાન્ત અને વ્યતિરેકી દષ્ટાન્ત બન્ને હોય તેને. જેમકે-પર્વતમાં અગ્નિ છે; કેમકે તેમાં ધૂમાડો છે. જ્યાં જ્યાં ધૂમાડો છે, ત્યાં ત્યાં અગ્નિ હોય છે. જેમકે રસોડું; જ્યાં જ્યાં અગ્નિ નથી,

ત્યાં ત્યાં ધૂમાડો પણ નથી. જેમકે-તળાવ.

૭૩ **પ્ર. આગમપ્રમાણ કોને કહે છે ?**

ઉ. આપ્તના વચન આદિથી ઉત્પન્ન થયેલા પદાર્થના જ્ઞાનને.

૭૪ **પ્ર. આપ્ત કોને કહે છે ?**

ઉ. પરમહિતોપદેશક સર્વજ્ઞદેવને આપ્ત કહે છે.

૭૫ **પ્ર. પ્રમાણનો વિષય શું છે ?**

ઉ. સામાન્ય અથવા ધર્મી, તથા વિશેષ અથવા ધર્મ, એ બન્ને અંશોના સમૂહરૂપ વસ્તુ તે પ્રમાણનો વિષય છે.

૭૬ **પ્ર. વિશેષ કોને કહે છે ?**

ઉ. વસ્તુના કોઈ ખાસ અંશ અથવા ભાગને વિશેષ કહે છે.

૭૭ **પ્ર. વિશેષના કેટલા ભેદ છે ?**

ઉ. બે છે-સહભાવી વિશેષ અને ક્રમભાવી વિશેષ.

૭૮ **પ્ર. સહભાવી વિશેષ કોને કહે છે ?**

ઉ. વસ્તુના પૂરા ભાગમાં તથા તેની સર્વ અવ-

સ્થાઓમાં રહેવાવાળા વિશેષને સહભાવી વિશેષ અથવા ગુણ કહે છે.

૭૯ પ્ર. **ક્રમભાવી વિશેષ કોને કહે છે?**

ઉ. ક્રમથી થનાર વસ્તુના વિશેષને ક્રમભાવી વિશેષ અથવા પર્યાય કહે છે.

૮૦ પ્ર. **પ્રમાણાભાસ કોને કહે છે?**

ઉ. મિથ્યાજ્ઞાનને પ્રમાણાભાસ કહે છે.

૮૧ પ્ર. **પ્રમાણાભાસ કેટલા છે?**

ઉ. ત્રણ છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય.

૮૨ પ્ર. **સંશય કોને કહે છે?**

ઉ. વિરુદ્ધ અનેક કોટી સ્પર્શ કરવાવાલા જ્ઞાનને સંશય કહે છે; જેમકે—સીપ છે કે ચાંદી?

૮૩ પ્ર. **વિપર્યય કોને કહે છે?**

ઉ. વિપરીત એક કોટી (પ્રકાર)નો નિશ્ચય કરવાવાળા જ્ઞાનને વિપર્યય કહે છે; જેમકે સીપને ચાંદી જાણવી.

૮૪ પ્ર. **અનધ્યવસાય કોને કહે છે?**

ઉ. "આ શું છે" એવા પ્રતિભાસને અનધ્યવસાય કહે છે. જેમકે રસ્તામાં ચાલતાં થકાં તૃણ વગેરેનું જ્ઞાન.

**૮૫ પ્ર. નય કોને કહે છે?**

ઉ. વસ્તુના એક દેશ (ભાગ) ને જાણવાવાલા જ્ઞાનને નય કહે છે.

**૮૬ પ્ર. નયના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. એક નિશ્ચયનય બીજો વ્યવહારનય અથવા ઉપનય.

**૮૭ પ્ર. નિશ્ચયનય કોને કહે છે?**

ઉ. વસ્તુના કોઈ અસલી (મૂળ) અંશને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને નિશ્ચયનય કહે છે. જેમકે–માટીના ઘડાને માટીનો ઘડો કહેવો.

**૮૮ પ્ર. વ્યવહારનય કોને કહે છે?**

ઉ. કોઈ નિમિત્તના કારણથી એક પદાર્થને બીજા પદાર્થરૂપે જાણવાવાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે. જેમકે–માટીના ઘડાને ઘીના રહેવાના નિમિત્તથી ઘીનો ઘડો કહેવો.

૮૯ પ્ર. નિશ્ચયનયના કેટલા ભેદ છે?

ઉ. બે છે. દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય.

૯૦ પ્ર. દ્રવ્યાર્થિકનય કોને કહે છે?

ઉ. જે દ્રવ્ય અર્થાત્ સામાન્યને ગ્રહણ કરે.

૯૧ પ્ર. પર્યાયાર્થિકનય કોને કહે છે?

ઉ. જે વિશેષને (ગુણ અથવા પર્યાયને) વિષય કરે.

૯૨ પ્ર. દ્રવ્યાર્થિકનયના કેટલા ભેદ છે?

ઉ. ત્રણ છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર.

૯૩ પ્ર. નૈગમનય કોને કહે છે?

ઉ. બે પદાર્થોમાંથી એકને ગૌણ અને બીજાને પ્રધાન કરી ભેદ અથવા અભેદને વિષય કરવાવાળું (જાણવાવાળું) જ્ઞાન નૈગમનય છે. તથા પદાર્થના સંકલ્પને ગ્રહણ કરવાવાળું જ્ઞાન નૈગમનય છે. જેમકે:— કોઈ પુરુષ રસોઇમાં ચોખા લઇને વીણુતો હતો, તે વખતે કોઇએ તેને પૂછ્યું કે, તમે શું કરી રહ્યા છો? ત્યારે તેણે કહ્યું કે હું ભાત બનાવી રહ્યો છું. અહીંયા ચોખા અને ભાતમાં અભેદવિવક્ષા છે; અથવા ચોખામાં ભાતનો સંકલ્પ છે.

**૯૪ પ્ર. સંગ્રહનય કોને કહે છે?**

ઉ. પોતાની જાતિનો વિરોધ નહિ કરીને અનેક વિષયોને એકપણાથી જે ગ્રહણ કરે, તેને સંગ્રહનય કહે છે. જેમકે—જીવ કહેવાથી ચારે ગતિના સર્વ જીવોનું ગ્રહણ હોય છે.

**૯૫ પ્ર. વ્યવહારનય કોને કહે છે?**

ઉ. જે સંગ્રહનયથી ગ્રહણ કરેલા પદાર્થોનો વિધિપૂર્વક ભેદ કર, તે વ્યવહારનય છે. જેમકે—જીવના ભેદ ત્રસ અને સ્થાવર વગેરે કરવા.

**૯૬ પ્ર. પર્યાયાર્થિકનયના કેટલા ભેદ છે?**

ઉ. ચાર ભેદ છે. ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.

**૯૭ પ્ર. ઋજુસૂત્રનય કોને કહે છે?**

ઉ. ભૂત ભવિષ્યત્‌ની અપેક્ષા ન કરીને વર્તમાનપર્યાય માત્રને જે ગ્રહણ કરે, તે ઋજુસૂત્રનય છે.

**૯૮ પ્ર. શબ્દનય કોને કહે છે?**

ઉ. લિંગ, કારક, વચન, કાળ, ઉપસર્ગાદિકના

ભેદથી જે પદાર્થને ભેદરૂપ ગ્રહણ કરે, તે શબ્દનય છે. જેમકે—દાર, ભાર્યા, કલત્ર એ ત્રણે જુદા જુદા લિંગના શબ્દ એક જ સ્ત્રી પદાર્થના વાચક છે; તેથી આ નય સ્ત્રી પદાર્થને ત્રણ ભેદરૂપે ગ્રહણ કરે છે. એવી રીતે કારકાદિનું પણ દૃષ્ટાન્ત જાણવું.

**૯૯ પ્ર. સમભિરૂઢનય કોને કહે છે ?**

ઉ. લિંગાદિકના ભેદ ન હોવા છતાં પણ પર્યાયશબ્દના ભેદથી જે પદાર્થને ભેદરૂપ ગ્રહણ કરે જેમકે-શક્ર, પુરન્દર, ઇન્દ્ર, એ ત્રણે એક જ લિંગના પર્યાયશબ્દ દેવરાજના વાચક છે, તેથી આ નય દેવરાજને ત્રણ ભેદરૂપે ગ્રહણ કરે છે.

**૧૦૦ પ્ર. એવંભૂતનય કોને કહે છે ?**

ઉ. જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ હોય, તે ક્રિયારૂપ પરિણમેલ પદાર્થને જે ગ્રહણ કરે, તે એવંભૂતનય છે. જેમકે—પૂજારીને પૂજા કરતી વખતે જ પૂજારી કહેવો.

**૧૦૧ પ્ર. વ્યવહારનય અથવા ઉપનયના કેટલા ભેદ છે ?**

ઉ. ત્રણ છે. સદ્ભૂતવ્યવહારનય, અસદ્ભૂતવ્યવહારનય, અને ઉપચરિતવ્યવહારનય અથવા ઉપચરિતાસદ્ભૂતવ્યવહારનય.

**૧૦૨ પ્ર. સદ્ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉ. એક અખંડ દ્રવ્યને ભેદરૂપ વિષય કરવાવાળા જ્ઞાનને સદ્ભૂતવ્યવહારનય કહે છે. જેમકે જીવના કેવળજ્ઞાનાદિક વા મતિજ્ઞાનાદિક ગુણ છે.

**૧૦૩ પ્ર. અસદ્ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉ. જે મળેલા ભિન્ન પદાર્થોને અભેદરૂપે ગ્રહણ કરે. જેમકેઃ—આ શરીર મારૂં છે અથવા માટીના ઘડાને ઘીનો ઘડો કહેવો.

**૧૦૪ પ્ર. ઉપચરિતવ્યવહાર અથવા ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉ. અત્યન્ત ભિન્ન પદાર્થોને જે અભેદરૂપે ગ્રહણ કરે. જેમકે હાથી, ઘોડા, મહેલ, મકાન મારાં છે ઇત્યાદિ.

**૧૦૫ પ્ર. નિક્ષેપ કોને કહે છે?**

ઉ. યુક્તિદ્વારા સુયુક્ત માર્ગ પ્રાપ્ત થતાં કાર્યના

વશથી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં પદાર્થના સ્થાપનને નિક્ષેપ કહે છે.

**૧૦૬ પ્ર. નિક્ષેપના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે:—નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્ય-નિક્ષેપ અને ભાવનિક્ષેપ.

**૧૦૭ પ્ર. નામનિક્ષેપ કોને કહે છે?**

ઉ. જે પદાર્થમાં જે ગુણ નથી, તેને તે નામથી કહેવું (અથવા ગુણ, જાતિ, દ્રવ્ય, અને ક્રિયાની અપેક્ષા રહિત કેવળ લોક વ્યવહારને માટે નામ સ્થાપન કરવું, તેને નામનિક્ષેપ કહે છે; જેમકે કોઇએ પોતાના છોક-રાનું નામ હાથીસિંહ રાખ્યું છે, પણ તેનામાં હાથી અને સિંહ બન્નેના ગુણો નથી.

**૧૦૮ પ્ર. સ્થાપનાનિક્ષેપ કોને કહે છે?**

ઉ. સાકાર અથવા નિરાકાર પદાર્થમાં તે આ છે, એવી રીતે અવધાન કરીને નિવેશ (સ્થાપન) કર-વાને સ્થાપનાનિક્ષેપ કહે છે. જેમકે—પાર્શ્વનાથની પ્રતિમાને પાર્શ્વનાથ કહેવા અથવા સેતરંજની સોકટીને હાથી ઘોડા કહેવા.

**૧૦૯ પ્ર. નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપમાં શો ભેદ છે ?**

ઉ. નામનિક્ષેપમાં મૂળ પદાર્થની માફક સત્કાર આદિકની પ્રવૃત્તિ હોતી નથી, પરન્તુ સ્થાપનાનિક્ષેપમાં હોય છે. જેમકે–કોઇએ પોતાના છોકરાનું નામ પાર્શ્વનાથ રાખ્યું છે, તો તે છોકરાનો સત્કાર પાર્શ્વનાથની માફક થતો નથી, પરન્તુ પાર્શ્વનાથની પ્રતિમાનો સત્કાર થાય છે.

**૧૧૦ પ્ર. દ્રવ્યનિક્ષેપ કોને કહે છે ?**

ઉ. જે પદાર્થ ભવિષ્યના પરિણામની યોગ્યતા રાખવાવાળો હોય તેને દ્રવ્યનિક્ષેપ કહે છે.–જેમકે રાજાના પુત્રને રાજા કહેવો.

**૧૧૧ પ્ર ભાવનિક્ષેપ કોને કહે છે ?**

ઉ. વર્તમાનપર્યાયસંયુક્ત વસ્તુને ભાવનિક્ષેપ કહે છે. જેમકે રાજ્ય કરતા પુરુષને રાજા કહેવો.

ઇતિ પ્રથમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧ ॥

## દ્વિતીયોऽध्यायः ।

—०—

૧૧૨ **પ્ર. દ્રવ્ય કોને કહે છે?**

ઉ. ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

૧૧૩ **પ્ર. ગુણ કોને કહે છે?**

ઉ. દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં ( અવસ્થામાં ) જે રહે, તેને ગુણ કહે છે.

૧૧૪ **પ્ર. ગુણના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. એક સામાન્ય, બીજો વિશેષ.

૧૧૫ **પ્ર. સામાન્યગુણ કોને કહે છે?**

ઉ. જે સર્વ દ્રવ્યોમાં વ્યાપે, તેને સામાન્યગુણ કહે છે.

૧૧૬ **પ્ર. વિશેષગુણ કોને કહે છે?**

ઉ. જે સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે, તેને વિશેષગુણ કહે છે.

૧૧૭ **પ્ર. સામાન્યગુણ કેટલા છે?**

ઉ. અનેક છે, પણ તેમાં ૭ ગુણ મુખ્ય છે. જેમકે:—અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ.

**૧૧૮ પ્ર. અસ્તિત્વગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી દ્રવ્યનો કદી નાશ ન થાય, તેને અસ્તિત્વ ગુણ કહે છે.

**૧૧૯ પ્ર. વસ્તુત્વગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી દ્રવ્યમાં અર્થક્રિયા હોય, તેને વસ્તુત્વગુણ કહે છે. જેમકે–ઘડાની અર્થ-ક્રિયા જલધારણ છે.

**૧૨૦ પ્ર. દ્રવ્યત્વગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી દ્રવ્ય સર્વદા એક સરખા ન રહે અને જેની પર્યાયો (હાલતો) હમેશાં બદલતી રહે.

**૧૨૧ પ્ર. પ્રમેયત્વગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય, તેને પ્રમેયત્વગુણ કહે છે.

**૧૨૨ પ્ર. અગુરુલઘુત્વગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન પ-

રિણમે અથવા એક ગુણ બીજા ગુણરૂપ ન પરિણમે તથા એક દ્રવ્યના અનેક અથવા અનન્તગુણ વિખરાઇને જુદા જુદા ન થઈ જાય, તેને અગુરુલઘુત્વગુણ કહે છે.

**૧૨૩ પ્ર. પ્રદેશત્વગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી દ્રવ્યનો કોઇપણ આકાર અવશ્ય હોય.

**૧૨૪ પ્ર. દ્રવ્યના કેટલા ભેદ છે?**

ઉ. છ ભેદ છેઃ–જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

**૧૨૫ પ્ર. જીવદ્રવ્ય કોને કહે છે?**

ઉ. જેમાં ચેતના ગુણ પ્રાપ્ત હોય, તેને જીવ-દ્રવ્ય કહે છે.

**૧૨૬ પ્ર. પુદ્ગલ દ્રવ્ય કોને કહે છે?**

ઉ. જેમાં સ્પર્શ, રસ, ગન્ધ, અને વર્ણ હોય.

**૧૨૭ પ્ર. પુદ્ગલ દ્રવ્યના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે. એક પરમાણુ, બીજો સ્કન્ધ.

**૧૨૮ પ્ર. પરમાણુ કોને કહે છે?**

ઉ. સર્વથી નાના પુદ્ગલને પરમાણુ કહે છે.

**૧૨૯ પ્ર. સ્કન્ધ કોને કહે છે?**

ઉ. અનેક પરમાણુઓનાં બન્ધને સ્કન્ધ કહે છે.

**૧૩૦ પ્ર. બન્ધ કોને કહે છે?**

ઉ. અનેક ચીજોમાં એકપણાનું જ્ઞાન કરાવવા-વાળા સમ્બન્ધવિશેષને બંધ કહે છે.

**૧૩૧ પ્ર. સ્કન્ધના કેટલા ભેદ છે?**

ઉ. આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્માણવર્ગણા વગેરે બાવીશ ભેદ છે.

**૧૩૨ પ્ર. આહારવર્ગણા કોને કહે છે?**

ઉ. ઔદારિક, વૈક્રિયિક અને આહારક, એ ત્રણ શરીરરૂપ જે પરિણમે, તેને આહારવર્ગણા કહે છે.

**૧૩૩ પ્ર. ઔદારિક શરીર કોને કહે છે?**

ઉ. મનુષ્ય, તિર્યંચનાં સ્થૂલ શરીરને ઔદા-રિક શરીર કહે છે.

**૧૩૪ પ્ર. વૈક્રિયિક શરીર કોને કહે છે?**

ઉ. જે નાના, મોટા, એક, અનેક વગેરે જુદા જુદા પ્રકારની ક્રિયાઓને કરે એવા દેવ અને નાર-કીઓના શરીરને વૈક્રિયિક શરીર કહે છે.

**૧૩૫ પ્ર. આહારક શરીર કોને કહે છે?**

ઉ. છઠ્ઠા ગુણસ્થાનવર્ત્તી મુનિને તત્ત્વોમાં કોઈ શંકા ઉત્પન્ન થયેથી કેવળી અથવા શ્રુત કેવળીની સમીપ જવાને માટે મસ્તકમાંથી જે એક હાથનું પૂતળું નીકળે છે, તેને આહારક શરીર કહે છે.

**૧૩૬ પ્ર. તૈજસ વર્ગણા કોને કહે છે?**

ઉ. ઔદારિક અને વૈક્રિયિક શરીરને કાન્તિ આપવાવાળુ તૈજસ શરીર જે વર્ગણાથી બને, તેને તૈજસ વર્ગણા કહે છે.

**૧૩૭ પ્ર. ભાષા વર્ગણા કોને કહે છે?**

ઉ. જે શબ્દરૂપ પરિણમે, તેને ભાષા વર્ગણા કહે છે.

**૧૩૮ પ્ર. કાર્માણવર્ગણા કોને કહે છે?**

ઉ. જે કાર્માણ શરીરરૂપ પરિણમે, તેને કાર્માણવર્ગણા કહે છે.

**૧૩૯ પ્ર. કાર્માણ શરીર કોને કહે છે?**

ઉ. જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે.

**૧૪૦ પ્ર. તૈજસ અને કાર્માણ શરીર કોને હોય છે?**

ઉ. સર્વ સંસારી જીવોને તૈજસ અને કાર્માણ શરીર હોય છે.

**૧૪૧ પ્ર. ધર્મ દ્રવ્ય કોને કહે છે?**

ઉ. ગતિરૂપ પરિણત જીવ અને પુદ્ગલોને જે ગમન કરવામાં સહાયકારી હોય, તેને ધર્મ દ્રવ્ય કહે છે. જેમકે-માછલીને માટે પાણી.

**૧૪૨ પ્ર. અધર્મ દ્રવ્ય કોને કહે છે?**

ઉ. ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગલને સ્થિતિમાં જે સહાયકારી હોય, તેને અધર્મદ્રવ્ય કહે છે.

**૧૪૩ પ્ર. આકાશદ્રવ્ય કોને કહે છે?**

ઉ. જે, જીવાદિક પાંચે દ્રવ્યોને રહેવાને માટે જગ્યા આપે.

**૧૪૪ પ્ર. કાળ દ્રવ્ય કોને કહે છે?**

ઉ. જે, જીવાદિક દ્રવ્યોને પરિણમનમાં સહકારી (સહાયક) હોય, તેને કાળદ્રવ્ય કહે છે. જેમકે-કુંભારના ચાકને ફરવાને માટે લોઢાનો ખીલો.

**૧૪૫ પ્ર. કાળદ્રવ્યના કેટલા ભેદ છે ?**

ઉ. બે છે. એક નિશ્ચયકાળ, બીજો વ્યવહારકાળ.

**૧૪૬ પ્ર. નિશ્ચયકાળ કોને કહે છે ?**

ઉ. કાળદ્રવ્યને નિશ્ચયકાલ કહે છે.

**૧૪૭ પ્ર. વ્યવહારકાળ કોને કહે છે ?**

ઉ. કાળદ્રવ્યની ઘડી, દિવસ, માસ આદિ પર્યાયોને વ્યવહારકાળ કહે છે.

**૧૪૮ પ્ર. પર્યાય કોને કહે છે ?**

ઉ. ગુણના વિકારને પર્યાય કહે છે.

**૧૪૯ પ્ર. પર્યાયના કેટલા ભેદ છે ?**

ઉ. બે છે. વ્યંજનપર્યાય અને અર્થપર્યાય.

**૧૫૦ પ્ર. વ્યંજનપર્યાય કોને કહે છે ?**

ઉ. પ્રદેશત્ત્વ ગુણના વિકારને વ્યંજનપર્યાય કહે છે.

**૧૫૧ પ્ર. વ્યંજન પર્યાયના કેટલા ભેદ છે ?**

ઉ. બે છે—સ્વભાવવ્યંજનપર્યાય અને વિભાવ-વ્યંજનપર્યાય.

**૧૫૨ પ્ર. સ્વભાવવ્યંજનપર્યાય કોને કહે છે ?**

ઉ. બીજાના નિમિત્ત વિના જે વ્યંજનપર્યાય હોય જેમકે–જીવનો સિદ્ધપર્યાય.

**૧૫૩ પ્ર. વિભાવવ્યંજનપર્યાય કોને કહે છે?**

ઉ. બીજાના નિમિત્તથી જે વ્યંજનપર્યાય હોય. જેમકે–જીવના મનુષ્ય નારકાદિ પર્યાય.

**૧૫૪ પ્ર. અર્થપર્યાય કોને કહે છે?**

ઉ. પ્રદેશત્વ ગુણના સિવાય અન્ય સમસ્ત ગુણોના વિકારને અર્થપર્યાય કહે છે.

**૧૫૫ પ્ર. અર્થપર્યાયના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. સ્વભાવઅર્થપર્યાય અને વિભાવ-અર્થપર્યાય.

**૧૫૬ પ્ર. સ્વભાવઅર્થપર્યાય કોને કહે છે?**

ઉ. બીજાના નિમિત્ત વિના જે અર્થપર્યાય હોય, તેને સ્વભાવઅર્થપર્યાય કહે છે. જેમકે–જીવનું કેવળજ્ઞાન.

**૧૫૭ પ્ર. વિભાવઅર્થપર્યાય કોને કહે છે?**

ઉ. બીજાના નિમિત્તથી જે અર્થપર્યાય હોય, તેને વિભાવઅર્થપર્યાય કહે છે. જેમકે– જીવના રાગ, દ્વેષ આદિ.

**૧૫૮ પ્ર. ઉત્પાદ કોને કહે છે?**

ઉ. દ્રવ્યમાં નવીન પર્યાયની પ્રાપ્તિને ઉત્પાદ કહે છે.

**૧૫૯ પ્ર. વ્યય કોને કહે છે?**

ઉ. દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે.

**૧૬૦ પ્ર. ધ્રૌવ્ય કોને કહે છે?**

ઉ. પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઈ પણ અવસ્થાની નિત્યતાને ધ્રૌવ્ય કહે છે.

**૧૬૧ પ્ર. દ્રવ્યોમાં વિશેષ ગુણ ક્યા ક્યા છે?**

ઉ. જીવ દ્રવ્યમાં ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર ઇત્યાદિ. પુદ્ગલદ્રવ્યમાં સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ; ધર્મ દ્રવ્યમાં ગતિહેતુત્વ વગેરે; અધર્મ દ્રવ્યમાં સ્થિતિહેતુત્વ વગેરે; આકાશ દ્રવ્યમાં અવગાહનહેતુત્વ અને કાળ દ્રવ્યમાં પરિણમનહેતુત્વ વગેરે.

**૧૬૨ પ્ર. આકાશના કેટલા ભેદ છે!**

ઉ. આકાશ એક જ અખંડ દ્રવ્ય છે.

**૧૬૩ પ્ર. આકાશ ક્યાં છે?**

ઉ. આકાશ સર્વવ્યાપી છે.

**૧૬૪ પ્ર. લોકાકાશ કોને કહે છે?**

ઉ. જ્યાં સુધી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ–એ પાંચ દ્રવ્ય છે, ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે.

**૧૬૫ પ્ર. અલોકાકાશ કોને કહે છે?**

ઉ. લોકના બહારના આકાશને અલોકાકાશ કહે છે.

**૧૬૬ પ્ર. લોકની મોટાઈ, ઊંચાઈ અને પહોળાઈ કેટલી છે?**

ઉ. લોકની મોટાઈ ઉત્તર અને દક્ષિણ દીશામાં સર્વ જગ્યાએ સાત રાજૂ છે. પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ દિશામાં મૂળમાં (નીચે જમીનમાં) સાત રાજૂ છે. અને ઉપર અનુક્રમે ઘટીને સાત રાજૂની ઊંચાઈ ઉપર પહોળાઈ એક રાજૂ છે. પછી અનુક્રમે વધીને સાડા દશ રાજૂની ઊંચાઈ ઉપર પહોળાઈ પાંચ રાજૂ છે. પછી અનુક્રમે ઘટીને ચૌદ રાજૂની ઊંચાઈ ઉપર એક રાજૂ પહોળાઈ છે. અને ઊર્ધ્વ તથા અધો દિશામાં ઊંચાઈ ચૌદ રાજૂની છે.

**૧૬૭ પ્ર. ધર્મ તથા અધર્મ દ્રવ્ય ખંડરૂપ છે કે અખંડરૂપ છે? અને તેની સ્થિતિ ક્યાં છે?**

ઉ. ધર્મ અને અધર્મ બન્ને એક એક અખંડ દ્રવ્ય છે અને તે બન્નેય સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે.

**૧૬૮ પ્ર. પ્રદેશ કોને કહે છે?**

ઉ. આકાશના જેટલા ભાગને એક પુદ્ગલ પરમાણુ રોકે, તેટલા ભાગને પ્રદેશ કહે છે.

**૧૬૯ પ્ર. કાળદ્રવ્ય કેટલા ભેદરૂપ છે અને તેની સ્થિતિ ક્યાં છે?**

ઉ. લોકાકાશના જેટલા પ્રદેશ છે, તેટલા જ કાળદ્રવ્ય છે. અને લોકાકાશના એક એક પ્રદેશપર એક એક કાળદ્રવ્ય ( કાલાણુ ) સ્થિત (રહેલ) છે.

**૧૭૦ પ્ર. પુદ્ગળદ્રવ્ય કેટલા અને તેની સ્થિતિ ક્યાં છે?**

ઉ. પુદ્ગલદ્રવ્ય અનંતાનંત છે અને તે સમસ્ત લોકાકાશમાં ભરેલા છે.

**૧૭૧ પ્ર. જીવ દ્રવ્ય કેટલા અને ક્યાં છે?**

ઉ. જીવદ્રવ્ય અનંતાનંત છે અને તે સમસ્ત લોકાકાશમાં ભરેલા છે.

**૧૭૨ પ્ર. એક જીવ કેટલો મોટો છે?**

ઉ. એક જીવ પ્રદેશોની અપેક્ષાએ લોકાકાશની બરાબર છે, પરન્તુ સંકોચ વિસ્તારના કારણથી પોતાના શરીરપ્રમાણ છે. અને મુક્ત જીવ અન્તના શરીરપ્રમાણ છે.

**૧૭૩ પ્ર. લોકાકાશની બરાબર કયો જીવ છે?**

ઉ. મોક્ષ જતાં પહેલાં સમુદ્ઘાત કરવાવાળો જીવ લોકાકાશની બરાબર થાય છે.

**૧૭૪ પ્ર. સમુદ્ઘાત કોને કહે છે?**

ઉ. મૂળ શરીર છોડયા વગર જીવના પ્રદેશોને બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે.

**૧૭૫ પ્ર. અસ્તિકાય કોને કહે છે?**

ઉ. બહુ પ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે.

**૧૭૬ પ્ર. અસ્તિકાય કેટલા છે?**

ઉ. પાંચ છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને

આકાશ; એ પાંચ દ્રવ્યોને પંચાસ્તિકાય કહે છે. કાળ-દ્રવ્ય બહુપ્રદેશી નથી, તે કારણથી તે અસ્તિકાય પણ નથી.

**૧૭૭ પ્ર. યદિ પુદ્ગલપરમાણુ એક પ્રદેશી છે, તો તે અસ્તિકાય કેવી રીતે છે?**

ઉ. પુદ્ગલપરમાણુ શક્તિની અપેક્ષાથી અસ્તિ-કાય છે અર્થાત્ સ્કંધ રૂપમાં થઈ (રૂપે પરિણમી) બહુપ્રદેશી થઈ જાય છે, તે માટે ઉપચારથી તે અ-સ્તિકાય છે.

**૧૭૮ પ્ર. અનુજીવી ગુણ કોને કહે છે?**

ઉ. ભાવસ્વરૂપ ગુણોને અનુજીવી ગુણ કહે છે. જેમકે:—સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, ચેતના, સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણાદિક.

**૧૭૯ પ્ર. પ્રતિજીવી ગુણ કોને કહે છે?**

ઉ. વસ્તુના અભાવસ્વરૂપ ધર્મને પ્રતિજીવી ગુણ કહે છે; જેમકે નાસ્તિત્વ, અમૂર્ત્તત્વ, અચેતનત્વ વગેરે.

**૧૮૦ પ્ર. અભાવ કોને કહે છે?**

ઉ. એક પદાર્થનું બીજા પદાર્થમાં નહિ હોવા-પણાને અભાવ કહે છે.

**૧૮૧ પ્ર. અભાવના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે:–પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યો-ન્યાભાવ અને અત્યન્તાભાવ.

**૧૮૨ પ્ર. પ્રાગભાવ કોને કહે છે?**

ઉ. વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં જે અભાવ, તેને પ્રાગભાવ કહે છે.

**૧૮૩ પ્ર. પ્રધ્વંસાભાવ કોને કહે છે?**

ઉ. આગામી પર્યાયમાં વર્તમાન પર્યાયના અભા-વને પ્રધ્વંસાભાવ કહે છે.

**૧૮૪ પ્ર. અન્યોન્યાભાવ કોને કહે છે?**

ઉ. પુદ્ગલદ્રવ્યના એક વર્તમાન પર્યાયમાં બીજા પુદ્ગલના વર્તમાન પર્યાયના અભાવને અન્યોન્યાભાવ કહે છે.

**૧૮૫ પ્ર. અત્યન્તાભાવ કોને કહે છે?**

ઉ. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અ-ત્યન્તાભાવ કહે છે.

## અનુજીવી ગુણ.

**૧૮૬ પ્ર. જીવના અનુજીવી ગુણ કયા કયા છે?**

ઉ. ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિક, કર્તૃત્વ, ભોક્તૃત્વ, વગેરે અનન્તગુણ છે.

**૧૮૭ પ્ર. જીવના પ્રતિજીવી ગુણ કયા કયા છે?**

ઉ. અવ્યાબાધ, અવગાહ, અગુરુલઘુ, સૂક્ષ્મત્વ, નાસ્તિત્વ ઇત્યાદિ.

**૧૮૮ પ્ર. ચેતના કોને કહે છે?**

ઉ. જેમાં પદાર્થોનો પ્રતિભાસ ( જાણ ) હોય, તેને ચેતના કહે છે.

**૧૮૯ પ્ર. ચેતનાના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. દર્શનચેતના, અને જ્ઞાનચેતના.

**૧૯૦ પ્ર. દર્શનચેતના કોને કહે છે?**

ઉ. જેમાં મહાસત્તાનો (સામાન્યનો) પ્રતિભાસ ( નિરાકાર ઝલક ) હોય, તેને દર્શનચેતના કહે છે.

**૧૯૧ પ્ર. મહાસત્તા કોને કહે છે?**

ઉ. સમસ્ત પદાર્થોના અસ્તિત્વગુણને ગ્રહણ કરવાવાળી સત્તાને મહાસત્તા કહે છે.

**૧૯૨ પ્ર. જ્ઞાનચેતના કોને કહે છે?**

ઉ. અવાન્તરસત્તાવિશિષ્ટ વિશેષપદાર્થને વિષય કરવાવાળી ચેતનાને જ્ઞાનચેતના કહે છે.

**૧૯૩ પ્ર. અવાન્તરસત્તા કોને કહે છે?**

ઉ. કોઈપણ વિવક્ષિત પદાર્થની સત્તાને અવાન્તર સત્તા કહે છે.

**૧૯૪ પ્ર. દર્શનચેતનાના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છેઃ—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**૧૯૫ પ્ર. જ્ઞાનચેતનાના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ છેઃ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન.

**૧૯૬ પ્ર. મતિજ્ઞાન કોને કહે છે?**

ઉ. ઇન્દ્રિય અને મનની સહાયતાથી જે જ્ઞાન થાય, તેને મતિજ્ઞાન કહે છે.

**૧૯૭ પ્ર. મતિજ્ઞાનના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને પરોક્ષ.

**૧૯૮ પ્ર. પરોક્ષ મતિજ્ઞાનના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન.

**૧૯૯ પ્ર. મતિજ્ઞાનના બીજી રીતે કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે:—અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા.

**૨૦૦ પ્ર. અવગ્રહ કોને કહે છે?**

ઉ. ઇન્દ્રિય અને પદાર્થના યોગ્ય સ્થાનમાં (મૌજૂદ સ્થાનમાં) રહેવાથી સામાન્યપ્રતિભાસરૂપ દર્શનની પછી અવાન્તરસત્તાસહિત વિશેષ વસ્તુના જ્ઞાનને અવગ્રહ કહે છે. જેમકે આ મનુષ્ય છે.

**૨૦૧ પ્ર. ઈહાજ્ઞાન કોને કહે છે?**

ઉ. અવગ્રહ જ્ઞાનથી જાણેલા પદાર્થના વિશેષમાં ઉત્પન્ન થયેલા સંશયને દૂર કરતા એવા અભિલાષ સ્વરૂપ જ્ઞાનને ઈહા કહે છે. જેમકે—તે ઠાકુ-

રદાસજી છે. આ જ્ઞાન એટલું કમજોર છે કે કોઇપણ પદાર્થની ઇહા થઇને છૂટી જાય, તો તેના વિષયમાં કાળાન્તરમાં સંશય અને વિસ્મરણ થઇ જાય છે.

**૨૦૨ પ્ર. અવાય કોને કહે છે?**

ઉ. ઇહાથી જાણેલા પદાર્થમાં આ તે જ છે, અન્ય નથી એવા મજબુત જ્ઞાનને અવાય કહે છે. જેમકે તે ઠાકોરદાસજી જ છે, બીજો કોઇ નથી. અવાયથી જાણેલા પદાર્થમાં સંશય તો થતો નથી, પરન્તુ વિસ્મરણ થઇ જાય છે.

**૨૦૩ પ્ર. ધારણા કોને કહે છે?**

ઉ. જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં સંશય તથા વિસ્મરણ ન હોય તેને ધારણા કહે છે.

**૨૦૪ પ્ર. મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોના કેટલા ભેદ છે?**

ઉ બે છે. વ્યક્ત અને અવ્યક્ત.

**૨૦૫ પ્ર. અવગ્રહાદિક જ્ઞાન બન્નેય પ્રકારના પ-**

**દાર્થોમાં થઈ શકે છે અથવા કેવીરીતે?**

ઉ. વ્યક્ત (પ્રગટરૂપ) પદાર્થમાં અવગ્રહાદિક ચારે જ્ઞાન હોય છે. પરન્તુ અવ્યક્ત (અપ્રગટરૂપ) પદાર્થનું માત્ર અવગ્રહ જ્ઞાન જ હોય છે.

**૨૦૬ પ્ર. અર્થાવગ્રહ કોને કહે છે?**

ઉ. વ્યક્ત ( પ્રગટ ) પદાર્થના અવગ્રહજ્ઞાનને અર્થાવગ્રહ કહે છે.

**૨૦૭ પ્ર. વ્યંજનાવગ્રહ કોને કહે છે?**

ઉ. અવ્યક્ત (અપ્રગટરૂપ) પદાર્થના અવગ્રહને વ્યંજનાવગ્રહ કહે છે.

**૨૦૮ પ્ર. વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહની માફક સર્વ ઇન્દ્રિયો અને મનદ્વારા થાય છે? કે કેવી રીતે?**

ઉ. વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનના સિવાય બાકીની સર્વે ઇન્દ્રિયોથી થાય છે.

**૨૦૯ પ્ર. વ્યક્ત અને અવ્યક્ત પદાર્થોના કેટલા ભેદ છે?**

ઉ. દરેકના બાર બાર ભેદ છે. બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, નિઃસૃત, અનિઃસૃત, ઉક્ત, અનુક્ત, ધ્રુવ, અધ્રુવ.

**૨૧૦ પ્ર. શ્રુતજ્ઞાન કોને કહે છે ?**

ઉ. મતિજ્ઞાનથી જાણેલા પદાર્થથી સંબન્ધને લઇને થયેલ કોઇ બીજા પદાર્થના જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. જેમકે–'ઘડો' શબ્દ સાંભળવા પછી ઉત્પન્ન થયેલા કંબુગ્રીવાદિરૂપ ઘડાનું જ્ઞાન.

**૨૧૧ પ્ર. દર્શન ક્યારે થાય છે ?**

ઉ. જ્ઞાનના પહેલાં દર્શન હોય છે. દર્શન વિના અલ્પજ્ઞ જનોને જ્ઞાન હોતું નથી, પરન્તુ સર્વજ્ઞ દેવને જ્ઞાન અને દર્શન એક સાથે થાય છે.

**૨૧૨ પ્ર. ચક્ષુદર્શન કોને કહે છે ?**

ઉ. નેત્રજન્ય મતિજ્ઞાનના પહેલાં સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને ચક્ષુદર્શન કહે છે.

**૨૧૩ પ્ર. અચક્ષુદર્શન કોને કહે છે ?**

ઉ. ચક્ષુ (આંખ)ના સિવાય બાકીની ઇન્દ્રિયો અને મનસંબન્ધી મતિજ્ઞાનના પહેલાં થવાવાળા સામાન્ય અવલોકન (દર્શન) ને અચક્ષુર્દર્શન કહે છે.

**૨૧૪ પ્ર. અવધિદર્શન કોને કહે છે?**

ઉ. અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય અવલોકનને અવધિદર્શન કહે છે.

**૨૧૫ પ્ર. કેવળદર્શન કોને કહે છે?**

ઉ. કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકનને કેવલદર્શન કહે છે.

**૨૧૬ પ્ર. સમ્યક્ત્વગુણ કોને કહે છે?**

ઉ. જે ગુણના પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ થાય, તેને સમ્યક્ત્વગુણ કહે છે.

**૨૧૭ પ્ર. ચારિત્ર કોને કહે છે?**

ઉ. બાહ્ય અને આભ્યન્તર ક્રિયાના નિરોધથી પ્રાદુર્ભૂત આત્માની શુદ્ધિવિશેષને ચારિત્ર કહે છે.

**૨૧૮ પ્ર. બાહ્યક્રિયા કોને કહે છે?**

ઉ. હિંસા કરવી, જૂઠું બોલવું, ચોરી કરવી, મૈથુન સેવવું, પરિગ્રહસંચય કર્યા કરવો.

**૨૧૯ પ્ર. આભ્યન્તરક્રિયા કોને કહે છે?**

ઉ. યોગ અને કષાયને આભ્યન્તર ક્રિયા કહે છે.

**૨૨૦ પ્ર. યોગ કોને કહે છે?**

ઉ. મન, વચન, કાયના નિમિત્તથી આત્માના પ્રદેશો ચંચળ થવાપણાને યોગ કહે છે.

**૨૨૧ પ્ર. કષાય કોને કહે છે?**

ઉ. ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માના વિભાવ પરિણામોને કષાય કહે છે.

**૨૨૨ પ્ર. ચારિત્રના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે. સ્વરૂપાચરણચારિત્ર, દેશચારિત્ર, સકલચારિત્ર, અને યથાખ્યાતચારિત્ર.

**૨૨૩ પ્ર. સ્વરૂપાચરણચારિત્ર કોને કહે છે?**

ઉ. શુદ્ધાત્માનુભવથી અવિનાભાવી ચારિત્રવિશેષને સ્વરૂપાચરણચારિત્ર કહે છે.

**૨૨૪ પ્ર. દેશચારિત્ર કોને કહે છે?**

ઉ. શ્રાવકોના વ્રતોને દેશચારિત્ર કહે છે.

૨૨૫ **પ્ર. સકલચારિત્ર કોને કહે છે?**

ઉ. મુનિયોના વ્રતોને સકલચારિત્ર કહે છે.

૨૨૬ **પ્ર. યથાખ્યાતચારિત્ર કોને કહે છે?**

ઉ. કષાયોના સર્વથા અભાવથી પ્રાદુર્ભૂત આત્માની શુદ્ધિવિશેષને યથાખ્યાતચારિત્ર કહે છે.

૨૨૭ **પ્ર. સુખ કોને કહે છે?**

ઉ. આહ્‌લાદસ્વરૂપ આત્માના પરિણામ વિશેષને સુખ કહે છે.

૨૨૮ **પ્ર. વીર્ય કોને કહે છે?**

ઉ. આત્માની શક્તિને (બળને) વીર્ય કહે છે.

૨૨૯ **પ્ર. ભવ્યત્વ ગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ થવાની યોગ્યતા હોય, તેને ભવ્યત્વ ગુણ કહે છે.

૨૩૦ **પ્ર. અભવ્યત્વ ગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી આત્મામાં સમ્ય-

દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ થવાની યોગ્યતા ન હોય તેને અભવ્યત્વ ગુણ કહે છે.

૨૩૧ **પ્ર. જીવત્વ ગુણ કોને કહે છે?**

ઉ. જે શકિતના નિમિત્તથી આત્મા પ્રાણ ધારણ કરે તેને જીવત્વ ગુણ કહે છે.

૨૩૨ **પ્ર. પ્રાણ કોને કહે છે?**

ઉ. જેના સંયોગથી આ જીવ, જીવન અવસ્થાને પ્રાપ્ત થાય અને વિયોગથી મરણ અવસ્થાને પ્રાપ્ત થાય, તેને પ્રાણ કહે છે.

૨૩૩ **પ્ર. પ્રાણના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ.

૨૩૪ **પ્ર. દ્રવ્યપ્રાણના કેટલા ભેદ છે?**

ઉ. દશ છે. મન, વચન, કાય, સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ અને આયુ.

૨૩૫ **પ્ર. ભાવપ્રાણ કોને કહે છે?**

ઉ. આત્માની જે શકિતના નિમિત્તથી ઇન્દ્રિયાદિક પોતાના કાર્યમાં પ્રવર્તે તેને ભાવપ્રાણ કહે છે.

**૨૩૬ પ્ર. કયા જીવને કેટલા પ્રાણ હોય છે?**

ઉ. એકેન્દ્રિય જીવને ચાર પ્રાણ હોય છે. સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ. દ્વીન્દ્રિય જીવને ૭ પ્રાણ—સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુ, રસનેન્દ્રિય, અને વચન. ત્રીન્દ્રિય જીવને સાત પ્રાણ—સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુ, રસનેન્દ્રિય, વચન, ઘ્રાણેન્દ્રિય. ચતુરિન્દ્રિય જીવોને આઠ પ્રાણઃ—સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુ, રસનેન્દ્રિય, વચન, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય. પંચેન્દ્રિય અસૈની જીવોને નવ પ્રાણઃ—સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુ, રસનેન્દ્રિય, વચન, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય. અને સૈની પંચેન્દ્રિય જીવોને દશ પ્રાણઃ—સ્પર્શનેન્દ્રિય, કાયબલ, શ્વાસોચ્છ્વાસ, આયુ, રસનેન્દ્રિય, વચન, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, અને મનબલ.

**૨૩૭ (ક) પ્ર. ભાવપ્રાણના કેટલા ભેદ છે?**

ઉ. બે છેઃ—ભાવેન્દ્રિય અને બલપ્રાણ.

**૨૩૭ (ખ) પ્ર. ભાવેન્દ્રિયના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ છે. સ્પર્શન (શરીર), રસના (જીભ), ઘ્રાણ (નાક), ચક્ષુ: (આંખ) અને શ્રોત્ર (કાન).

૨૩૮ **પ્ર. બલપ્રાણના કેટલા ભેદ છે?**

ઉ. ત્રણ છે. મનોબલ, વચનબલ, અને કાયબલ.

૨૩૯ **પ્ર. વૈભાવિક ગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના નિમિત્તથી બીજા દ્રવ્યનો સંબંધ થતાં આત્મામાં વિભાવ પરિણતિ થાય, તે શકિતને વૈભાવિક ગુણ કહે છે.

## પ્રતિજીવી ગુણ.

૨૪૦ **પ્ર. અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કોને કહે છે?**

ઉ. સાતા અને અસાતારૂપ આકુળતાના અભાવને અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કહે છે.

૨૪૧ **પ્ર. અવગાહ પ્રતિજીવી ગુણ કોને કહે છે?**

ઉ. પરતન્ત્રતાના અભાવને અવગાહ પ્રતિજીવી-ગુણ કહે છે.

૨૪૨ **પ્ર. અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે?**

ઉ. ઉચ્ચતા અને નીચતાના અભાવને અગુરુ-

લઘુત્વ પ્રતિજીવીગુણ કહે છે.

૨૪૩ **પ્ર. સૂક્ષ્મત્વ પ્રતિજીવીગુણ કોને કહે છે ?**

ઉ. ઇન્દ્રિયોના વિષયરૂપ સ્થૂલતાના અભાવને સૂક્ષ્મત્વ પ્રતિજીવીગુણ કહે છે.

**ઇતિ દ્વિતીયોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨ ॥**

## તૃતીયોऽધ્યાયઃ ।

૨૪૪ **પ્ર. જીવના કેટલા ભેદ છે ?**

ઉ. બે છે—સંસારી અને મુક્ત.

૨૪૫ **પ્ર. સંસારી જીવ કોને કહે છે ?**

ઉ કર્મસહિત જીવને સંસારી જીવ કહે છે.

૨૪૬ **પ્ર. મુક્ત જીવ કોને કહે છે ?**

ઉ. કર્મરહિત જીવને મુક્ત જીવ કહે છે.

૨૪૭ **પ્ર. કર્મ કોને કહે છે ?**

ઉ. જીવના રાગદ્વેષાદિક પરિણામોના નિમિત્તથી કાર્માણવર્ગણારૂપ જે પુદ્ગલસ્કંધ જીવની સાથે બંધને પ્રાપ્ત થાય છે, તેને કર્મ કહે છે.

૨૪૮ **પ્ર. બંધના કેટલા ભેદ છે?**

**ઉ.** ચાર છેઃ-પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ. અને અનુભાગબંધ.

૨૪૯ **પ્ર. એ ચારે પ્રકારના બંધોનું કારણ શું છે?**

**ઉ.** પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગ ( મન, વચન, કાય )થી થાય છે; સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાય ( ક્રોધ, માન, માયા, લોભ )થી થાય છે.

૨૫૦ **પ્ર. પ્રકૃતિબંધ કોને કહે છે?**

**ઉ.** મોહાદિ જનક તથા જ્ઞાનાદિ ઘાતક તત્ તત્ સ્વભાવવાળા કાર્માણ પુદ્ગલ સ્કંધોનો આત્મા સાથે સંબંધ થવો તેને પ્રકૃતિબંધ કહે છે.

૨૫૧ **પ્ર. પ્રકૃતિબંધના કેટલા ભેદ છે?**

**ઉ.** આઠ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય.

૨૫૨ **પ્ર. જ્ઞાનવરણ કોને કહે છે?**

**ઉ.** જે કર્મ આત્માના જ્ઞાનગુણને ઘાતે (ઘાત કરે) તેને જ્ઞાનાવરણકર્મ કહે છે.

૨૫૩ **પ્ર. જ્ઞાનાવરણ કર્મના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ, અને કેવલજ્ઞાનાવરણ.

૨૫૪ **પ્ર. દર્શનાવરણ કર્મ કોને કહે છે?**

ઉ. જે આત્માના દર્શન ગુણનો ઘાત કરે તેને દર્શનાવરણ કર્મ કહે છે.

૨૫૫ **પ્ર. દર્શનાવરણ કર્મના કેટલા ભેદ છે?**

ઉ. નવ છે. ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, અને સ્ત્યાનગૃદ્ધિ.

૨૫૬ **પ્ર. વેદનીય કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ફળથી જીવને આકુલતા થાય અર્થાત્ જે અવ્યાબાધ ગુણનો ઘાત કરે તેને વેદનીય કર્મ કહે છે.

૨૫૭ **પ્ર. વેદનીય કર્મના કેટલા ભેદ છે?**

ઉ. બે છેઃ—સાતાવેદનીય અને અસાતાવેદનીય.

૨૫૮ **પ્ર. મોહનીય કર્મ કોને કહે છે?**

**૨૪૮ પ્ર. બંધના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છે:-પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અને અનુભાગબંધ.

**૨૪૯ પ્ર. એ ચારે પ્રકારના બંધોનું કારણ શું છે?**

ઉ. પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગ ( મન, વચન, કાય )થી થાય છે; સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાય ( ક્રોધ, માન, માયા, લોભ )થી થાય છે.

**૨૫૦ પ્ર. પ્રકૃતિબંધ કોને કહે છે?**

ઉ. મોહાદિ જનક તથા જ્ઞાનાદિ ઘાતક તત્ તત્ સ્વભાવવાળા કાર્માણ પુદ્ગલ સ્કંધોનો આત્મા સાથે સંબંધ થવો તેને પ્રકૃતિબંધ કહે છે.

**૨૫૧ પ્ર. પ્રકૃતિબંધના કેટલા ભેદ છે?**

ઉ. આઠ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય.

**૨૫૨ પ્ર. જ્ઞાનવરણ કોને કહે છે?**

ઉ. જે કર્મ આત્માના જ્ઞાનગુણને ઘાતે (ઘાત કરે) તેને જ્ઞાનાવરણકર્મ કહે છે.

**૨૫૩ પ્ર. જ્ઞાનાવરણ કર્મના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ, અને કેવલ-જ્ઞાનાવરણ.

૨૫૪ **પ્ર. દર્શનાવરણ કર્મ કોને કહે છે?**

ઉ. જે આત્માના દર્શન ગુણનો ઘાત કરે તેને દર્શનાવરણ કર્મ કહે છે.

૨૫૫ **પ્ર. દર્શનાવરણ કર્મના કેટલા ભેદ છે?**

ઉ. નવ છે. ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શના-વરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, અને સ્ત્યાનગૃદ્ધિ.

૨૫૬ **પ્ર. વેદનીય કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ફળથી જીવને આકુલતા થાય અર્થાત્ જે અવ્યાબાધ ગુણનો ઘાત કરે તેને વેદનીય કર્મ કહે છે.

૨૫૭ **પ્ર. વેદનીય કર્મના કેટલા ભેદ છે?**

ઉ. બે છેઃ—સાતાવેદનીય અને અસાતાવેદનીય.

૨૫૮ **પ્ર. મોહનીય કર્મ કોને કહે છે?**

ઉ. જે આત્માના સમ્યક્ત્વ અને ચારિત્ર ગુ-
ણોનો ઘાત કરે તેને મોહનીય કર્મ કહે છે.

**૨૫૯ પ્ર. મોહનીય કર્મના કેટલા ભેદ છે?**

ઉ. બે છે:-દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય.

**૨૬૦ પ્ર. દર્શનમોહનીય કર્મ કોને કહે છે?**

ઉ. આત્માના સમ્યક્ત્વ ગુણને જે ઘાતે, તેને
દર્શનમોહનીય કર્મ કહે છે.

**૨૬૧ પ્ર. દર્શનમોહનીય કર્મના કેટલા ભેદ છે?**

ઉ. ત્રણ છે:-મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને
સમ્યક્પ્રકૃતિ.

**૨૬૨ પ્ર. મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી જીવને અતત્ત્વશ્રદ્ધાન
થાય, તેને મિથ્યાત્વ કહે છે.

**૨૬૩ પ્ર. સમ્યક્મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી એવા પરિણામ મળ્યા
હોય કે જેને ન તો સમ્યક્ત્વરૂપ કહી શકાય અને
ન તો મિથ્યાત્વરૂપ, તેને સમ્યક્મિથ્યાત્વ કહે છે.

**૨૬૪ પ્ર. સમ્યક્પ્રકૃતિ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી સમ્યક્ત્વ ગુણના મૂળનો ઘાત તો ન થાય, પરન્તુ ચલ, મલાદિક દોષ ઉપજે, તેને સમ્યક્પ્રકૃતિ કહે છે.

૨૬૫ પ્ર. **ચારિત્રમોહનીય કોને કહે છે?**

ઉ. જે આત્માના ચારિત્રગુણનો ઘાત કરે, તેને ચારિત્રમોહનીય કર્મ કહે છે.

૨૬૬ પ્ર. **ચારિત્રમોહનીય કર્મના કેટલા ભેદ છે?**

ઉ. બે છેઃ—કષાય અને નોકષાય (કિંચિત્કષાય).

૨૬૭ પ્ર. **કષાયના કેટલા ભેદ છે?**

ઉ. સોળ છેઃ—અનન્તાનુબંધી ક્રોધ, અનન્તાનુબંધી માન, અનન્તાનુબંધી માયા, અનન્તાનુબંધી લોભ; અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, અપ્રત્યાખ્યાનાવરણ માન, અપ્રત્યાખ્યાનાવરણ માયા, અપ્રત્યાખ્યાનાવરણ લોભ; પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણ માન; પ્રત્યાખ્યાનાવરણ માયા, પ્રત્યાખ્યાનાવરણ લોભ; સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા, સંજ્વલન લોભ.

૨૬૮ પ્ર. **નોકષાયના કેટલા ભેદ છે?**

ઉ. નવ છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદ.

**૨૬૯ પ્ર. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કોને કહે છે?**

ઉ. જે આત્માના સ્વરૂપાચરણચારિત્રનો ઘાત કરે, તેને અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કહે છે.

**૨૭૦ પ્ર. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ કોને કહે છે?**

ઉ. જે આત્માના દેશચારિત્રને ઘાતે, તેને અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ કહે છે.

**૨૭૧ પ્ર. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ કોને કહે છે?**

ઉ. જે આત્માના સકલચારિત્રને ઘાતે, (દેશચારિત્ર તો થવા દે) તેને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ કહે છે.

**૨૭૨ પ્ર. સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ અને નોકષાય કોને કહે છે?**

ઉ. જે આત્માના યથાખ્યાતચારિત્રનો ઘાત કરે, તેને સંજ્વલન અને નોકષાય કહે છે.

૨૭૩ **પ્ર. આયુકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મ આત્માને નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના શરીરમાં રોકી રાખે તેને આયુકર્મ કહે છે. અર્થાત્ આયુકર્મ આત્માના અવગાહગુણને ઘાતે છે.

૨૭૪ **પ્ર. આયુકર્મના કેટલા ભેદ છે ?**

ઉ. ચાર ભેદ છે. નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

૨૭૫ **પ્ર. નામકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મ જીવને ગતિ વગેરે જુદા જુદા રૂપે પરિણમાવે અથવા શરીરાદિક બનાવે; ભાવાર્થ—નામકર્મ આત્માના સૂક્ષ્મત્વગુણને ઘાતે છે.

૨૭૬ **પ્ર. નામકર્મના કેટલા ભેદ છે ?**

ઉ. ત્રાણું (૯૩)—ચારગતિ (નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ), પાંચજાતિ—(એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય), પાંચ શરીર (ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ), ત્રણ આંગોપાંગ

(ઔદારિક, વૈક્રિયિક, આહારક), એક નિર્માણ કર્મ, પાંચ બંધન કર્મ (ઔદારિકબંધન, વૈક્રિયિકબંધન, આહારકબંધન, તૈજસબંધન અને કાર્માણબંધન), પાંચ સંઘાત (ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ કાર્માણ), ૭ સંસ્થાન (સમચતુરસ્ત્ર સંસ્થાન, ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન, હુંડક સંસ્થાન), ૭ સંહનન (વજ્રર્ષભનારાચ સંહનન, વજ્રનારાચ સંહનન, નારાચ સંહનન, અર્દ્ધનારાચ સંહનન, કીલક સંહનન અને અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન), પાંચ વર્ણ કર્મ (કાળો, લીલો, રાતો, પીળો, ધોળો, શ્વેત), બે ગંધ કર્મ (સુગન્ધ, દુર્ગન્ધ), પાંચ રસ કર્મ (ખાટો, મીઠો, કડવો, તૂરો, તીખો), આઠ સ્પર્શ (કઠોર, કોમલ, હલકો, ભારે, ઠંડો, ગરમ, ચિકણો, લૂખો ) ચાર આનુપૂર્વ્ય–( નરક, તિર્યંચ, મનુષ્ય દેવગત્યાનુપૂર્વ્ય) અગુરુલઘુત્વ કર્મ એક, ઉપઘાત કર્મ એક, પરઘાત કર્મ એક, આતાપકર્મ એક, ઉદ્યોતકર્મ એક, બે વિહાયોગતિ ( એક મનોજ્ઞગતિ, બીજી અમનોજ્ઞગતિ ), ઉચ્છ્વાસ

એક, ત્રસ એક, સ્થાવર એક, બાદર એક, સૂક્ષ્મ એક, પર્યાપ્ત એક, અપર્યાપ્ત એક, પ્રત્યેક નામ કર્મ એક, એક સાધારણ નામ કર્મ, સ્થિર નામ કર્મ એક, અસ્થિર નામ કર્મ એક, શુભ નામ કર્મ એક, અશુભ નામ કર્મ એક, સુભગ નામ કર્મ એક, દૂર્ભગ નામ કર્મ એક, સુસ્વર નામ કર્મ એક, દુઃસ્વર નામ કર્મ એક, આદેય નામ કર્મ એક, અનાદેય નામ કર્મ એક, યશઃકિર્તિ નામ કર્મ એક, અયશઃ કિર્તિનામકર્મ એક, તીર્થંકર નામ કર્મ એક.

૨૭૭ **પ્ર. ગતિ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મ જીવનો આકાર નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવના સમાન બનાવે.

૨૭૮ **પ્ર. જાતિ કોને કહે છે?**

ઉ. અવ્યભિચારી સદશતાથી એકરૂપ કરવાવાળા વિશેષને જાતિ કહે છે. અર્થાત્ તે સદશધર્મવાળા પદાર્થોને જ ગ્રહણ કરે છે.

૨૭૯ **પ્ર. જાતિ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી શરીરના અંગ, ઉપાંગ કોઈ ખાસ બેડોળ આકારના ન હોય.

૨૯૧ **પ્ર. સંહનન નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી હાડના બંધનમાં વિશેષતા થાય, તેને સંહનન નામ કર્મ કહે છે.

૨૯૨ **પ્ર. વજ્રર્ષભનારાચ સંહનન કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી વજ્રના હાડ, વજ્રના વેષ્ટન અને વજ્રની જ ખીલીઓ હોય.

૨૯૩ **પ્ર. વજ્રનારાચસંહનન કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી વજ્રના હાડ અને વજ્રની ખીલીઓ હોય, પરન્તુ નારાચ (બેડન) વજ્રનું ન હોય.

૨૯૪ **પ્ર. નારાચ સંહનન કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી વેષ્ટન અને ખીલીઓ સહિત હાડ હોય.

૨૯૫ **પ્ર. અર્ધનારાચ સંહનન કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી હાડોની સંધિ અર્ધકીલિત હોય.

૨૯૬ પ્ર. કીલક સંહનન કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી હાડની સંધિ પરસ્પર કીલિત હોય.

૨૯૭ પ્ર. અસંપ્રાપ્તાસૃપાટિક સંહનન કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી જુદા જુદા હાડ નસોથી બંધાયેલા હોય, પણ પરસ્પર કીલિત ન હોય.

૨૯૮ પ્ર. વર્ણ નામકર્મ કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી શરીરમાં રંગ હોય.

૨૯૯ પ્ર. ગંધ નામકર્મ કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી શરીરમાં ગંધ હોય.

૩૦૦ પ્ર. રસ નામકર્મ કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી શરીરમાં રસ હોય.

૩૦૧ પ્ર. સ્પર્શનામકર્મ કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી શરીરમાં સ્પર્શ હોય.

૩૦૨ પ્ર. આનુપૂર્વીનામકર્મ કોને કહે છે?

ઉ. જે કર્મના ઉદયથી આત્માના પ્રદેશ મર-

ણના પછી અને જન્મની પહેલાં રસ્તામાં અર્થાત્ વિગ્રહગતિમાં મરણના પહેલાના શરીરના આકારે રહે.

૩૦૩ **પ્ર. અગુરુલઘુ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી શરીર, લોઢાના ગોળાની માફક ભારે અને આકડાના ફૂલની માફક હલકું ન હોય.

૩૦૪ **પ્ર. ઉપઘાત નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી પોતાનો ઘાત જ કરનાર અંગ હોય. તેને ઉપઘાત નામ કર્મ કહે છે.

૩૦૫ **પ્ર. પરઘાત નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી બીજાનો ઘાત કરવાવાળા અંગ ઉપાંગ હોય. જેમકેઃ—તીક્ષ્ણ શીંગડાં વીગેરે.

૩૦૬ **પ્ર. આતાપ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી આતાપરૂપ શરીર હોય. જેમકેઃ—સૂર્યનું પ્રતિબિમ્બ.

૩૦૭ **પ્ર. ઉદ્યોત નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી ઉદ્યોતરૂપ શરીર થાય.

૩૦૮ **પ્ર. વિહાયોગતિ નામકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મના ઉદયથી આકાશમાં ગમન થાય; તેના શુભ અને અશુભ એમ બે ભેદ છે.

૩૦૯ **પ્ર. ઉચ્છ્વાસ નામકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મના ઉદયથી શ્વાસોચ્છ્વાસ લેવાય.

૩૧૦ **પ્ર. ત્રસ નામકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મના ઉદયથી દ્વીન્દ્રિયાદિ જીવોમાં જન્મ થાય.

૩૧૧ **પ્ર. સ્થાવર નામકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મના ઉદયથી પૃથિવીકાય, અપ્કાય, તેજસકાય, વાયુકાય અને વનસ્પતિકાયમાં જન્મ થાય.

૩૧૨ **પ્ર. પર્યાપ્તિકર્મ કોને કહે છે ?**

ઉ. જે કર્મના ઉદયથી પોત પોતાના યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થાય.

૩૧૩ **પ્ર. પર્યાપ્તિ કોને કહે છે ?**

ઉ. આહારવર્ગણા, ભાષાવર્ગણા અને મનો-

વર્ગણાના પરમાણુઓને, શરીર ઇન્દ્રિયાદિરૂપ પરિણ-માવવાની શક્તિની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે.

**૩૧૪ પ્ર. પર્યાપ્તિના કેટલા ભેદ છે ?**

ઉ. છ—આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ.

**આહારપર્યાપ્તિ**—આહારવર્ગણાના પરમાણુઓને ખલ અને રસભાગરૂપ પરિણમાવવાના કારણભૂત જીવની શક્તિની પૂર્ણતાને આહારપર્યાપ્તિ કહે છે.

**શરીરપર્યાપ્તિ**—જે પરમાણુઓને ખલ રૂપ પરિણમાવ્યા હતા, તેમના હાડ વગેરે કઠિન અવયવ રૂપ, અને જેને રસ રૂપ પરિણમાવ્યા હતા, તેમના રુધિરાદિક દ્રવરૂપ પરિણમાવવાના કારણભૂત જીવની શક્તિની પૂર્ણતાને શરીરપર્યાપ્તિ કહે છે.

**ઇન્દ્રિયપર્યાપ્તિ**—આહારવર્ગણાના પરમાણુઓને ઇન્દ્રિયના આકાર પરિણમાવવાને તથા ઇન્દ્રિય દ્વારા

વિષય ગ્રહણ કરવાના કારણભૂત જીવની શક્તિની પૂર્ણતાને ઇન્દ્રિયપર્યાપ્તિ કહે છે.

**શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ**–આહારવર્ગણાના પરમાણુઓને શ્વાસોચ્છ્વાસરૂપ પરિણમાવવાના કારણભૂત જીવની શક્તિની પૂર્ણતાને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ કહે છે.

**ભાષાપર્યાપ્તિ**–ભાષાવર્ગણાના પરમાણુઓને વચનરૂપ પરિણમાવવાના કારણભૂત જીવની શકિતની પુર્ણતાને ભાષા પર્યાપ્તિ કહે છે.

**મન:પર્યાપ્તિ**–મનોવર્ગણાના પરમાણુઓને હૃદય સ્થાનમાં આઠ પાંખડીના કમલાકાર મનરૂપ પરિણમાવવાને તથા તેમની દ્વારા યથાવત્ ( જોઇએ તેવી રીતે ) વિચાર કરવાના કારણભૂત જીવની શકિતની પૂર્ણતાને મન:પર્યાપ્તિ કહે છે.

એકેન્દ્રિય જીવોને ભાષાપર્યાપ્તિ અને મન:પર્યાપ્તિ સિવાય બાકીની ચાર પર્યાપ્તિ હોય છે.

દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને અસૈની પંચેન્દ્રિય જીવોને મન:પર્યાપ્તિ સિવાય બાકીની પાંચ પર્યાપ્તિ હોય છે.

અને સૈની પંચેન્દ્રિય જીવોને છએ પર્યાપ્તિ હોય છે. એ સર્વ પર્યાપ્તિયોને પૂર્ણ થવાનો કાળ અન્તર્મુહૂર્ત્ત છે તથા એક એક પર્યાપ્તિનો કાળ પણ અન્તર્મુહૂર્ત્ત છે અને સર્વ પર્યાપ્તિનો કાળ મળીને પણ અન્તર્મુહૂર્ત્ત છે. અને પહેલીથી બીજી સુધીનો તથા બીજીથી ત્રીજીસુધીનો એવી રીતે છઠ્ઠી પર્યાપ્તિ સુધીનો કાળ ક્રમથી મોટા મોટા અન્તર્મુહૂર્ત્ત છે.

પોતપોતાને યોગ્ય પર્યાપ્તિયોનો પ્રારંભ તો એકદમ થાય છે, પરન્તુ પૂર્ણતા ક્રમથી થાય છે. જ્યાં સુધી કોઈ પણ જીવની શરીરપર્યાપ્તિ પૂર્ણ તો ન હોય, પણ નિયમથી પૂર્ણ હોવાવાળી હોય, ત્યાં સુધી તે જીવને **નિર્વૃત્ત્યપર્યાપ્તક** કહે છે.

અને જેની શરીરપર્યાપ્તિ પૂર્ણ થઈ ગઈ હોય તેને **પર્યાપ્તક** કહે છે. અને જેની એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન હોય તથા શ્વાસના અઢારમા ભાગમાં જ મરણ થવાવાળું હોય, તેને **લબ્ધ્યપર્યાપ્તક** કહે છે.

**૩૧૫ પ્ર. અપર્યાપ્તિ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી લબ્ધ પર્યાપ્તક અ-વસ્થા થાય, તેને અપર્યાપ્તિ નામકર્મ કહે છે.

**૩૧૬ પ્ર. પ્રત્યેક નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી એક શરીરના એક સ્વામી હોય, તેને પ્રત્યેક નામકર્મ કહે છે.

**૩૧૭ પ્ર. સાધારણ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી એક શરીરના અનેક જીવ માલિક ( સ્વામી ) હોય તેને સાધારણ નામ-કર્મ કહે છે.

**૩૧૮ પ્ર. સ્થિર નામકર્મ અને અસ્થિર નામ-કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી શરીરની ધાતુ અને ઉપધાતુ પોતપોતાને ઠેકાણે રહે, તેને સ્થિર નામ-કર્મ કહે છે. અને જે કર્મના ઉદયથી શરીરની ધાતુ અને ઉપધાતુ પોત પોતાને ઠેકાણે ન રહે, તેને અસ્થિર નામકર્મ કહે છે.

**૩૧૯ પ્ર. શુભ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી શરીરના અવયવ સું-દર થાય, તેને શુભ નામકર્મ કહે છે.

૩૨૦ **પ્ર. અશુભ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી શરીરના અવયવ સું-દર ન થાય, તેને અશુભ નામકર્મ કહે છે.

૩૨૧ **પ્ર. સુભગ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી બીજા જીવો પોતાના ઉપર પ્રીતિ કરે, તેને સુભગ નામકર્મ કહે છે.

૩૨૨ **પ્ર. દુર્ભગ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી બીજા જીવો પોતાની સાથે દુશ્મનાઈ (વૈર) કરે, તેને દુર્ભગ નામકર્મ કહે છે.

૩૨૩ **પ્ર. સુસ્વર નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી સુંદર મધુર સ્વર હોય તેને સુસ્વર નામકર્મ કહે છે.

૩૨૪ **પ્ર. દુ:સ્વર નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી મધુર સ્વર ન હોય તેને દુ:સ્વર નામ કર્મ કહે છે.

**૩૨૫ પ્ર. આદેય નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી કાન્તિસહિત શરીર ઉપજે, તેને આદેય નામકર્મ કહે છે.

**૩૨૬ પ્ર. અનાદેય નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી કાન્તિસહિત શરીર ન હોય.

**૩૨૭ પ્ર. યશઃકીર્તિ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી સંસારમાં જીવની પ્રશંસા થાય તેને યશઃકીર્તિ નામકર્મ કહે છે.

**૩૨૮ પ્ર. અયશઃકીર્તિ નામકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી સંસારમાં જીવની પ્રશંસા ન થાય તેને અયશઃકીર્તિ નામકર્મ કહે છે.

**૩૨૯ પ્ર. તીર્થંકર નામકર્મ કોને કહે છે?**

ઉ. અર્હન્ત પદના કારણભૂત કર્મને તીર્થંકર નામકર્મ કહે છે.

**૩૩૦ પ્ર. ગોત્રકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદયથી સંતાનના ક્રમથી-પોતાની પેઢીના ઉત્તરોત્તર ક્રમથી–ચાલતા આવેલા જીવના

આચરણરૂપ ઉચ્ચ નીચ ગોત્રમાં જન્મ થાય, તેને ગોત્રકર્મ કહે છે.

૩૩૧ **પ્ર. ગોત્ર કર્મના કેટલા ભેદ છે?**

ઉ. બેઃ-ઉચ્ચગોત્ર અને નીચગોત્ર.

૩૩૨ **પ્ર. ઉચ્ચ ગોત્રકર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ઉદવથી ઉચ્ચ કુળમાં જન્મ થાય,

૩૩૩ **પ્ર. નીચ ગોત્ર કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મનાં ઉદયથી નીચ કુળમાં જન્મ થાય.

૩૩૪ **પ્ર. અન્તરાય કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મ દાનાદિક કરવામાં વિઘ્ન નાંખે.

૩૩૫ **પ્ર. અન્તરાય કર્મના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ. દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય; દરેકનો અર્થ એ કે દરેકમાં વિઘ્ન નાંખે.

૩૩૬ **પ્ર. પુણ્ય કર્મ કોને કહે છે?**

ઉ. જે જીવને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે.

૩૩૭ **પ્ર. પાપ કર્મ કોને કહે છે?**

ઉ. જે જીવને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે.

૩૩૮ પ્ર. **ઘાતિયા કર્મ કોને કહે છે?**

ઉ. જે, જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોનો ઘાત કરે, તેને ઘાતિયા કર્મ કહે છે.

૩૩૯ પ્ર. **અઘાતિયા કર્મ કોને કહે છે?**

ઉ. જે, જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોનો ઘાત ન કરે, તેને અઘાતિયા કર્મ કહે છે.

૩૪૦ પ્ર. **સર્વઘાતિ કર્મ કોને કહે છે?**

ઉ. જે જીવના અનુજીવી ગુણોનો સર્વ પ્રકારે ઘાત કરે, તેને સર્વઘાતિ કર્મ કહે છે.

૩૪૧ પ્ર. **દેશઘાતિકર્મ કોને કહે છે?**

ઉ. જે જીવના અનુજીવી ગુણોનો એકદેશ ઘાત કરે, તેને દેશઘાતિ કર્મ કહે છે.

૩૪૨ પ્ર. **જીવવિપાકી કર્મ કોને કહે છે?**

ઉ. જેનું ફલ જીવમાં હોય.

૩૪૩ પ્ર. **પુદ્દગલવિપાકી કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મનું ફલ પુદ્દગલમાં (શરીરમાં) થાય.

૩૪૪ પ્ર. **ભવવિપાકી કર્મ કોને કહે છે?**

ઉ. જેના ફળથી જીવ સંસારમાં રોકાય.

૩૪૫ **પ્ર. ક્ષેત્રવિપાકી કર્મ કોને કહે છે?**

ઉ. જે કર્મના ફલથી વિગ્રહ ગતિમાં જીવનો આકાર પહેલાના જેવો બનેલો રહે.

૩૪૬ **પ્ર. વિગ્રહ ગતિ કોને કહે છે?**

ઉ. એક શરીરને છોડીને બીજું શરીર ગ્રહણ કરવાને માટે જીવનું જવું તેને વિગ્રહગતિ કહે છે.

૩૪૭ **પ્ર. ઘાતિયા કર્મ કેટલા અને કયા કયા છે?**

ઉ. સુડતાલીશ [૪૭] છેઃ–જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, મોહનીય ૨૮, અને અન્તરાય ૫–એ પ્રમાણે ૪૭ છે.

૩૪૮ **પ્ર. અઘાતિયા કર્મ કેટલા અને કયા કયા છે?**

ઉ. એકસો એક [૧૦૧] છેઃ–વેદનીય ૨, આયુ ૪, નામકર્મ ૯૩ અને ગોત્ર ૨–એ પ્રમાણે ૧૦૧ છે.

૩૪૯ **પ્ર. સર્વઘાતિયા પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે?**

ઉ. એકવીશ [૨૧] છેઃ–જ્ઞાનાવરણની ૧ [કેવ-

લજ્ઞાનાવરણ], દર્શનાવરણની ૬ [કેવલ દર્શનાવરણ ૧ અને નિદ્રા ૫]:-નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, અને સ્ત્યાનગૃદ્ધિ], મોહનીયની ૧૪ [અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪, મિથ્યાત્વ ૧ અને સમ્યગ્મિથ્યાત્વ ૧] એ પ્રમાણે ૨૧ પ્રકૃતિ છે.

૩૫૦ **પ્ર. દેશઘાતિ પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે?**

ઉ. છવ્વીશ [૨૬] છેઃ-જ્ઞાનાવરણની ૪ [મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યય જ્ઞાનાવરણ], દર્શનાવરણની ૩, [ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ], મોહનીયની ૧૪ (સંજ્વલન ૪, નોકષાય ૯ અને સમ્યક્ત્વ ૧), અન્તરાયની ૫-એ પ્રમાણે છવ્વીશ છે.

૩૫૧ **પ્ર. ક્ષેત્રવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે?**

ઉ. ચાર છેઃ-નરકગત્યાનુપૂર્વી, તિર્યગ્ગત્યાનુપૂર્વી, મનુષ્યગત્યાનુપૂર્વી અને દેવગત્યાનુપૂર્વી-એ ચાર છે.

**૩૫૨ પ્ર. ભવવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ?**

ઉ. ચાર છેઃ–નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

**૩૫૩ પ્ર. જીવવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ?**

ઉ. ઇઠ્ઠયોત્તેર [૭૮] છેઃ–ઘાતિયાની ૪૭, ગોત્રની ૨, વેદનીયની ૨ અને નામકર્મની ૨૭ [ તીર્થંકર પ્રકૃતિ, ઉચ્છ્વાસ, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્તિ, અપર્યાપ્તિ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશઃકીર્તિ, અયશઃ કીર્તિ, ત્રસ, સ્થાવર, પ્રશસ્તવિહાયોગતિ, અપ્રશસ્ત-વિહાયોગતિ, સુભગ, દુર્ભગ, ગતિ ૪, જાતિ ૫]–એ સર્વ મળીને ૭૮ પ્રકૃતિ છે.

**૩૫૪ પ્ર. પુદ્‌ગલવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ?**

ઉ. બાસઠ છેઃ–સર્વપ્રકૃતિ ૧૪૮ માંથી ક્ષેત્રવિ-પાકી ૪, ભવવિપાકી ૪, જીવવિપાકી ૭૮ એવી રીતે

સર્વ મળીને ૮૬ પ્રકૃતિ બાદ કરવાથી બાકી રહી ૬૨ પ્રકૃતિ તે પુદ્ગલ વિપાકી છે.]

**૩૫૫ પ્ર. પાપપ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ?**

ઉ. સો [૧૦૦] છે:-ઘાતિયા પ્રકૃતિ ૪૭, અસાતાવેદનીય ૧, નીચગોત્ર ૧, નરકાયુ ૧, અને નામકર્મની ૫૦ [નરકગતિ ૧, નરકગત્યાનુપૂર્વી ૧, તિર્યગ્ગતિ ૧, તિર્યગ્ગત્યાનુપૂર્વી ૧, જાતિમાંથી આદિની ચાર, સંસ્થાનના અન્તની ૫, સંહનન અન્તની ૫, સ્પર્શાદિક ૨૦, ઉપઘાત ૧, અપ્રશસ્ત વિહાયોગતિ ૧, સ્થાવર ૧, સૂક્ષ્મ ૧, અપર્યાપ્તિ ૧, અનાદેય ૧, અયશઃકીર્તિ ૧, અશુભ ૧, દુર્ભગ ૧, દુઃસ્વર ૧, અસ્થિર ૧, સાધારણ ૧]-એ સર્વ મળીને ૧૦૦ પાપ પ્રકૃતિ છે.

**૩૫૬ પ્ર. પુણ્યપ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ?**

ઉ. અડસઠ [૬૮] છે:-કર્મની સમસ્ત પ્રકૃતિ ૧૪૮ છે, જેમાંથી ૧૦૦ પાપ પ્રકૃતિ બાદ કરવાથી બાકી રહેલ ૪૮ પ્રકૃતિ અને નામકર્મની સ્પર્શાદિ ૨૦ પ્રકૃતિ. પુણ્ય અને પાપ એ બન્નેમાં ગણાય છે;

કેમકે તે વીશે [૨૦] પ્રકૃતિ સ્પર્શાદિ કોઇને ઇષ્ટ અને કોઇને અનિષ્ટ હોય છે; તે માટે ૪૮ માં સ્પર્શાદિ ૨૦ પ્રકૃતિ મેળવવાથી ૬૮ પુણ્ય પ્રકૃતિ થાય છે.

**૩૫૭ પ્ર. સ્થિતિબંધ કોને કહે છે?**

ઉ. કર્મોમાં આત્માની સાથે રહેવાની મર્યાદાનું પડવું તેને.

**૩૫૮ પ્ર. આઠે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી કેટલી છે?**

ઉ. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અન્તરાય એ ચારે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ત્રીસ કોડાકોડી સાગરની છે; મોહનીયકર્મની સિત્તેર કોડાકોડી સાગરની છે. નામકર્મ અને ગોત્રકર્મની વીશ વીશ [૨૦] કોડાકોડી સાગરની છે અને આયુ કર્મની તેત્રીસ [૩૩] સાગરની છે.

**૩૫૯ પ્ર. આઠે કર્મોની જઘન્ય સ્થિતિ કેટલી કેટલી છે?**

ઉ. વેદનીય કર્મની બાર [૧૨] મુહૂર્ત, નામ

તથા ગોત્રકર્મની આઠ આઠ [૮] મુહૂર્ત્તની અને બાકીના સમસ્ત કર્મોની અન્તર્મુહૂર્ત્તની જઘન્ય સ્થિતિ છે.

**૩૬૦ પ્ર. કોડાકોડી કોને કહે છે?**

ઉ. એક કરોડને એક કરોડે ગુણવાથી જે સંખ્યા થાય તેને એક કોડાકોડી કહે છે.

**૩૬૧ પ્ર. સાગર કોને કહે છે?**

ઉ. દશ કોડાકોડી અદ્ધાપલ્યોનો એક સાગર થાય છે.

**૩૬૨ પ્ર. અદ્ધાપલ્ય કોને કહે છે?**

ઉ. બે હજાર કોશ ઊંડો અને બે હજાર કોશ પહોળો એવા ગોળ ખાડામાં, જેનો કાતરથી બીજો ભાગ ન થઇ શકે એવા ઘેટાંના વાળોને ભરવા. પછી જેટલા વાળ તેમાં સમાય, તેમાંથી એક એક વાળને સો, સો, વર્ષે બહાર કાઢવો; જેટલા વર્ષોમાં તે સર્વ વાળ નીકળી જાય, તેટલા વર્ષોના જેટલા સમય થાય, તેને વ્યવહારપલ્ય કહે છે. વ્યવહારપલ્યથી અસંખ્યાત ગુણો ઉદ્ધારપલ્ય થાય છે અને ઉદ્ધારપલ્યથી અસંખ્યાત ગુણો અદ્ધાપલ્ય થાય છે.

૩૬૩ પ્ર. મુહૂર્ત્ત કોને કહે છે?

ઉ. અડતાલીસ [૪૮] મિનિટનો એક મુહૂર્ત્ત થાય છે.

૩૬૪ પ્ર. અન્તર્મુહૂર્ત્ત કોને કહે છે?

ઉ. આવલીથી ઉપર અને મુહૂર્ત્તથી નીચેના કાળને અન્તર્મુહૂર્ત્ત કહે છે.

૩૬૫ પ્ર. આવલી કોને કહે છે?

ઉ. એક શ્વાસમાં અસંખ્યાત આવલી થાય છે. અસંખ્યાત સમયની[૧] એક આવલી થાય છે. અને તેવી (૪૪૪૬।।) ચાર હજાર ચારસો સાડીછે-તાલીશથી પણ વધારે આવલી થાય, ત્યારે એક શ્વાસોચ્શ્વાસ થાય છે.

૩૬૬ પ્ર. શ્વાસોચ્શ્વાસ-કાળ કોને કહે છે?

ઉ. નીરોગી પુરુષની નાડીના એકવાર ચાલવાને

---

૧ બત્રીશ પાનનો થોકડો મૂકેલો હોય તેમાં એક ઝીણી સોય જોરથી ઘોંચીએ તો તે એક પાન વીંધી બીજું પાન વીંધે તેટલામાં અસંખ્યાત સમય થઈ જાય છે.

શ્વાસોચ્છ્વાસ કાળ કહે છે.

૩૬૭ **પ્ર. એક મુહૂર્ત્તમાં કેટલા શ્વાસોચ્છ્વાસ થાય છે?**

ઉ. એક મુહૂર્ત્તમાં[1] ત્રણ હજાર સાતસો તોત્તેર (૩૭૭૩) શ્વાસોચ્છ્વાસ થાય છે.

૩૬૮ **પ્ર. અનુભાગબંધ કોને કહે છે?**

ઉ. ફલ દેવાની શક્તિની હીનાધિકતાને અનુભાગબંધ કહે છે.

૩૬૯ **પ્ર. પ્રદેશબંધ કોને કહે છે?**

ઉ. બંધ થવાવાળાં કર્મોની સંખ્યાના નિર્ણયને પ્રદેશબંધ કહે છે.

૩૭૦ **પ્ર. ઉદય કોને કહે છે?**

ઉ. સ્થિતિને પૂરી કરીને કર્મોનાં ફલ આપ-

---

૧ એક કરોડ સડસઠ લાખ સીતોતેર હજાર બસેં ને સોળ [૧૬૭૭૭૨૧૬] આવલી થાય ત્યારે એક મુહૂર્ત્ત થાય છે અને તેવા ત્રીસ મુહૂર્ત્ત થાય, ત્યારે એક રાત દિવસ થાય છે.

વાને ઉદય કહે છે.

૩૭૧ **પ્ર. ઉદીરણા કોને કહે છે?**

ઉ. સ્થિતિ પૂરી કર્યા વિના જ કર્મનાં ફલ આ-વવાને ઉદીરણા કહે છે.

૩૭૨ **પ્ર. ઉપશમ કોને કહે છે?**

ઉ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના નિમિત્તથી કર્મની શક્તિની અનુદ્‌ભૂતિને ઉપશમ કહે છે.

૩૭૩ **પ્ર. ઉપશમના કેટલા ભેદ છે?**

ઉ. બે છે:—અન્તઃકરણરૂપ ઉપશમ અને સ-દવસ્થારૂપ ઉપશમ.

૩૭૪ **પ્ર. અન્તઃકરણરૂપ ઉપશમ કોને કહે છે?**

ઉ. આગામીકાળમાં ઉદય આવવા યોગ્ય કર્મના પરમાણુઓને આગળ પાછળ ઉદય આવવા યોગ્ય કરવાં તેને અન્તઃકરણરૂપ ઉપશમ કહે છે.

૩૭૫ **પ્ર. સદવસ્થારૂપ ઉપશમ કોને કહે છે?**

ઉ. વર્તમાન સમયને છોડીને આગામી કાળમાં ઉદય આવવાવાલા કર્મોનું સત્તામાં રહેવું તેને સદવ-સ્થારૂપ ઉપશમ કહે છે.

૩૭૬ **પ્ર. ક્ષય કોને કહે છે ?**

ઉ. કર્મની આત્યન્તિક નિવૃત્તિને ક્ષય કહે છે.

૩૭૭ **પ્ર. ક્ષયોપશમ કોને કહે છે ?**

ઉ. વર્તમાન નિષેકમાં સર્વઘાતી સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય તથા દેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય અને આગામીકાળમાં ઉદય આવવાવાળા નિષેકોનો સદવસ્થા-રૂપ ઉપશમ એવી કર્મની અવસ્થાને ક્ષયોપશમ કહે છે.

૩૭૮ **પ્ર. નિષેક કોને કહે છે ?**

ઉ. એક સમયમાં કર્મનાં જેટલાં પરમાણુઓ ઉદયમાં આવે, તે સર્વના સમૂહને નિષેક કહે છે.

૩૭૯ **પ્ર. સ્પર્દ્ધક કોને કહે છે ?**

ઉ. વર્ગણાઓના સમૂહને સ્પર્દ્ધક કહે છે.

૩૮૦ **પ્ર. વર્ગણા કોને કહે છે ?**

ઉ. વર્ગોના સમૂહને વર્ગણા કહે છે.

૩૮૧ **પ્ર. વર્ગ કોને કહે છે ?**

ઉ. સમાન અવિભાગપ્રતિચ્છેદોના ધારક પ્રત્યેક કર્મ પરમાણુને વર્ગ કહે છે.

**૩૮૨ પ્ર. અવિભાગપ્રતિચ્છેદ કોને કહે છે?**

ઉ. શક્તિના અવિભાગી અંશને અવિભાગપ્રતિચ્છેદ કહે છે. અથવા જેનો બીજો ભાગ થઈ શકે નહિ તેવા અંશને અવિભાગપ્રતિચ્છેદ કહે છે.

**૩૮૩ પ્ર. આ પ્રકરણમાં "શક્તિ" શબ્દથી કઈ શક્તિ ઇષ્ટ છે?**

ઉ. અહિંયા શક્તિ શબ્દથી કર્મોની અનુભાગરૂપ અર્થાત્ ફલ આપવાની શક્તિ ઇષ્ટ છે.

**૩૮૪ પ્ર. ઉદયાભાવી ક્ષય કોને કહે છે?**

ઉ. ફલ આપ્યા વિના આત્માથી કર્મનાં સંબંધ છૂટવાને ઉદયાભાવી ક્ષય કહે છે.

**૩૮૫ પ્ર. ઉત્કર્ષણ કોને કહે છે?**

ઉ. કર્મોની સ્થિતિના વધી જવાને ઉત્કર્ષણ કહે છે.

**૩૮૬ પ્ર. અપકર્ષણ કોને કહે છે?**

ઉ. કર્મોની સ્થિતિના ઘટી જવાને અપકર્ષણ કહે છે.

**૩૮૭ પ્ર. સંક્રમણ કોને કહે છે?**

ઉ. કોઈ પણ કર્મના સજાતીય એક ભેદને બીજા ભેદરૂપ થઈ જવાને સંક્રમણ કહે છે.

**૩૮૮ પ્ર. સમયપ્રબદ્ધ કોને કહે છે?**

ઉ. એક સમયમાં જેટલા કર્મપરમાણુ અને નોકર્મ પરમાણુ બંધાય, તે સર્વને સમયપ્રબદ્ધ કહે છે.

**૩૮૯ પ્ર. ગુણહાનિ કોને કહે છે?**

ઉ. ગુણાકારરૂપ હીન હીન ( ઓછું ઓછું ) દ્રવ્ય જેમાં જણાય, તેને ગુણહાનિ કહે છે. જેમકે–કોઈ જીવે એક સમયમાં ૬૩૦૦ પરમાણુઓના સમુહરૂપ સમયપ્રબદ્ધનો બંધ કર્યો અને તેમાં ૪૮ સમયની સ્થિતિ પડી, તેમાં ગુણહાનિયોના સમુહરૂપ નાના ગુણહાનિ ૬, તેમાંથી પ્રથમ ગુણહાનિના પરમાણુ ૩૨૦૦, બીજી ગુણહાનિના પરમાણુ ૧૬૦૦, ત્રીજી ગુણહાનિના પરમાણુ ૮૦૦, ચોથી ગુણહાનિના પરમાણુ ૪૦૦, પાંચમી ગુણહાનિના પરમાણુ ૨૦૦, અને છઠ્ઠી ગુણહાનિના પરમાણુ ૧૦૦ છે. અહિંયા ઉત્તરોત્તર ગુણહાનિયોમાં ગુણાકારરૂપ હીન હીન પર-

માણુ ( દ્રવ્ય ) પ્રાપ્ત થાય છે તેથી તેને ગુણહાનિ કહે છે.

**૩૯૦ પ્ર. ગુણહાનિ આયામ કોને કહે છે?**

ઉ. એક ગુણહાનિના સમયના સમૂહને ગુણહાનિ આયામ કહે છે. જેમકે–ઉપરના દૃષ્ટાન્તમાં ૪૮ સમયની સ્થિતિમાં ૬ ગુણહાનિ હતી, તો ૪૮ ને ૬ એ ભાંગવાથી પ્રત્યેક ગુણહાનિનું પરિમાણુ ૮ આવ્યું, તે જ ગુણહાનિ આયામ કહેવાય છે.

**૩૯૧ પ્ર નાના ગુણહાનિ કોને કહે છે?**

ઉ. ગુણહાનિયોના સમૂહને નાના ગુણહાનિ કહે છે. જેમકે–ઉપરના દૃષ્ટાન્તમાં આઠ આઠ સમયની ૭ ગુણહાનિ છે, તે જ ૭ સંખ્યા નાના ગુણહાનિનું પરિણામ જાણવું.

**૩૯૨ પ્ર. અન્યોન્યાભ્યસ્તરાશિ કોને કહે છે?**

ઉ. નાનાગુણહાનિપ્રમાણુ બમણું માંડીને પરસ્પર ગુણાકાર કરવાથી જે ગુણનફલ [ગુણાકાર] થાય તેને અન્યોન્યાભ્યસ્તરાશિ કહે છે. જેમકે–ઉપરના દૃષ્ટાન્તમાં બે ૭ વાર માંડીને પરસ્પર ગુણવાથી ૬૪ થાય

છે. તે જ અન્યોન્યાભ્યસ્તરાશિનું પરિણામ જાણવું.

**૩૯૩ પ્ર. અન્તિમ ગુણહાનિનું પરિમાણ કેવી રીતે કાઢવું ?**

ઉ. એક ઓછા અન્યોન્યાભ્યસ્તરાશિનો ભાગ સમયપ્રબદ્ધમાં મૂકવાથી અંતિમ ગુણહાનિના દ્રવ્યનું પરિમાણ નીકળે છે. જેમકે–૬૩૦૦માં એક ઓછા ૬૪ નો ભાગ દેવાથી જે ૧૦૦ પ્રાપ્ત થયા, તે જ અન્તિમગુણહાનિનું દ્રવ્ય છે.

**૩૯૪ પ્ર. અન્ય ગુણહાનિયોના દ્રવ્યનું પરિમાણ કેવી રીતે કાઢવું જોઇએ ?**

ઉ. અન્તિમ ગુણહાનિના દ્રવ્યને પ્રથમ ગુણહાનિ પર્યન્ત બમણા બમણા કરવાથી અન્યગુણહાનિયોના દ્રવ્યનું પરિમાણ નીકળે છે. જેમકેઃ–૨૦૦–૪૦૦–૮૦૦–૧૬૦૦–૩૨૦૦.

**૩૯૫ પ્ર. પ્રત્યેક ગુણહાનિમાં પ્રથમાદિ સમયોમાં દ્રવ્યનું પરિમાણ કેવી રીતે હોય છે ?**

ઉ. નિષેકહારને ચયથી ગુણવાથી પ્રત્યેક ગુણ-

હાનિના પ્રથમ સમયના દ્રવ્ય નિકળે છે. અને પ્રથમ સમયના દ્રવ્યમાંથી એક એક ચય બાદ કરવાથી ઉત્તરોત્તર સમયોના દ્રવ્યોનું પરિમાણ નીકળે છે; જેમકે:— નિષેકહાર ૧૬ ને ચય ૩૨ થી ગુણવાથી પ્રથમ ગુણહાનિના પ્રથમ સમયના દ્રવ્ય ૫૧૨ થાય છે અને ૫૧૨ માંથી એક એક ચય અથવા બત્રીશ બત્રીશ બાદ કરવાથી બીજા સમયના દ્રવ્યોનું પરિમાણ ૪૮૦, ત્રીજા સમયના દ્રવ્યોનું પરિમાણ ૪૪૮, ચોથા સમયના દ્રવ્યોનું પરિમાણ ૪૧૬, પાંચમા સમયના દ્રવ્યોનું પરિમાણ ૩૮૪, છઠ્ઠા સમયના દ્રવ્યોનું પરિમાણ ૩૫૨, સાતમા સમયના દ્રવ્યોનું પરિમાણ ૩૨૦ અને આઠમા સમયના દ્રવ્યોનું પરિમાણ ૨૮૮ નીકળે છે. એવી રીતે દ્વિતીયાદિક ગુણહાનિયોમાં પણ પ્રથમાદિ સમયોના દ્રવ્યોનું પરિમાણ કાઢી લેવું

**૩૯૬ પ્ર. નિષેકહાર કોને કહે છે?**

ઉ. ગુણહાનિઆયામથી બમણા પરિમાણને નિષેકહાર કહે છે. જેમકે:—ગુણહાનિ આયામ ૮ થી બમણા ૧૬ ને નિષેકહાર કહે છે.

**૩૯૭ પ્ર. ચય કોને કહે છે ?**

ઉ. શ્રેણીવ્યવહાર ગણિતમાં સમાન હાનિ અથવા સમાન વૃદ્ધિના પરિમાણને ચય કહે છે.

**૩૯૮ પ્ર. આ પ્રકરણમાં ચયનું પરિમાણ કાઢવાની કઈ રીત છે ?**

ઉ. નિષેકહારમાં એક અધિક ગુણહાનિ આયામનુ પ્રમાણ જોડીને અર્ધા કરવાથી જે લબ્ધ આવે, તેને ગુણહાનિઆયામથી ગુણ્યા કરવી, એવી રીતે ગુણવાથી જે ગુણનફલ (ગુણાકાર) થાય, તેનો ભાગ વિવક્ષિત ગુણહાનિના દ્રવ્યમાં ઉમેરવાથી વિવક્ષિત ગુણહાનિના ચયનું પરિમાણ નીકલે છે.

જેમકે–નિષેકહાર ૧૬ માં એક અધિક ગુણહાનિઆયામ ૯ ઉમેરવાથી ૨૫ થયા. પચીશના અર્ધા ૧૨॥ ને ગુણહાનિઆયામ ૮ થી ગુણવાથી ૧૦૦ થાય છે. તે ૧૦૦ નો ભાગ વિવક્ષિત પ્રથમ ગુણહાનિનાદ્રવ્ય ૩૨૦૦ માં ઉમેરવાથી પ્રથમ ગુણહાનિસંબંધી ચય ૩૨ આવ્યા. એવી રીતે દ્વિતીય ગુણહાનિના

ચયનું પરિમાણ ૧૬, તૃતીયનું પરિમાણ ૮, ચતુર્થનું ૪, પંચમનું ૨ અને અન્તિમ ગુણહાનિના ચયનું પરિમાણ ૧ જાણવું.

**૩૯૯ પ્ર. અનુભાગની રચનાનો ક્રમ કયો છે?**

ઉ. દ્રવ્યની અપેક્ષાથી જે રચના ઉપર બતાવી છે, તેમાં પ્રત્યેક ગુનુહાનિના પ્રથમાદિ સમય સંબંધી દ્રવ્યને વર્ગણા કહે છે. અને તે વર્ગણાઓમાં જે પરમાણુ છે, તેને વર્ગ કહે છે. પ્રથમ ગુણહાનિની પ્રથમ વર્ગણામાં જે ૫૧૨ વર્ગ છે, તેમાં અનુભાગ-શક્તિના અવિભાગપ્રતિચ્છેદ સમાન છે. અને તે દ્વિતીયાદિ વર્ગણાઓના વર્ગોના અવિભાગપ્રતિચ્છેદોની અપેક્ષાએ સર્વથી ન્યૂન અર્થાત્ જઘન્ય છે. દ્વિતીયાદિ વર્ગણાના વર્ગોમાં એક એક અવિભાગપ્રતિચ્છેદની અધિકતાના ક્રમથી જે વર્ગણાપર્યન્ત એક એક અવિભાગપ્રતિચ્છેદ વધે ત્યાં સુધીની વર્ગણાઓના સમૂહનું નામ એક સ્પર્દ્ધક છે અને જે વર્ગણાના વર્ગોમાં યુગપત (એક સાથે) અનેક અવિભાગ-

પ્રતિચ્છેદોની વૃદ્ધિ થઇને પ્રથમ વર્ગણાના વર્ગોના અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યાથી બમણી સંખ્યા થઈ જાય, ત્યાંથી બીજા સ્પર્દ્ધકનો પ્રારંભ સમજવો. એવી જ રીતે જે જે વર્ગણાઓના વર્ગોમાં પ્રથમ વર્ગણાના વર્ગોના અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યાથી ત્રણગુણા ચારગુણા આદિ અવિભાગપ્રતિચ્છેદ હોય, ત્યાંથી ત્રીજા, ચોથા આદિ સ્પર્દ્ધકોનો પ્રારંભ સમજવો. એવી રીતે એક ગુણહાનિમાં અનેક સ્પર્દ્ધક થાય છે.

**૪૦૦ પ્ર. આસ્રવ કોને કહે છે?**

ઉ. બંધના કારણને આસ્રવ કહે છે. અથવા કર્મોનાં આવવાના દ્વારને આસ્રવ કહે છે. જેમકે તળાવમાં પાણી આવવાને દ્વાર મૂકેલું હોય છે તે દ્વારા તળાવમાં પાણી આવે છે, તેવી રીતે આત્માના પ્રદેશોમાં મનવચનકાયરૂપ દ્વારથી કર્મો આવે છે, તેને આસ્રવ કહે છે.

**૪૦૧ પ્ર. આસ્રવના કેટલા ભેદ છે?**

ઉ. ચાર ભેદ છેઃ–દ્રવ્યબંધનું નિમિત્ત કારણ, દ્રવ્યબંધનું ઉપાદાન કારણ, ભાવબંધનું નિમિત્ત કારણ અને ભાવબંધનું ઉપાદાન કારણ.

૪૦૨ પ્ર. કારણ કોને કહે છે?

ઉ. કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

૪૦૩ પ્ર. કારણના કેટલા ભેદ છે?

ઉ. બે ભેદ છેઃ–એક સમર્થ કારણ અને બીજું અસમર્થ કારણ.

૪૦૪ પ્ર. સમર્થ કારણ કોને કહે છે?

ઉ. પ્રતિબંધનો અભાવ થવાથી સહકારી સમસ્ત સામગ્રીઓના સદ્‌ભાવને સમર્થ કારણ કહે છે. સમર્થ કારણના થવાથી અનંતર સમયમાં કાર્યની ઉત્પત્તિ નિયમથી થાય છે.

૪૦૫ પ્ર. અસમર્થ કારણ કોને કહે છે?

ઉ. ભિન્ન ભિન્ન પ્રત્યેક સામગ્રીને અસમર્થ કારણ કહે છે. અસમર્થ કારણ કાર્યનો નિયામક નથી.

૪૦૬ પ્ર. સહકારી સામગ્રીના કેટલા ભેદ છે?

ઉ. બે ભેદ છેઃ-એક નિમિત્ત કારણ, બીજું ઉપાદાન કારણ.

**૪૦૭ પ્ર. નિમિત્તકારણ કોને કહે છે?**

ઉ. જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં સહાયક થાય, તેને નિમિત્ત કારણ કહે છે. જેમકે-ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર આદિ સહાયક છે.

**૪૦૮ પ્ર. ઉપાદાન કારણ કોને કહે છે?**

ઉ. જે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે, તેને ઉપાદાનકારણ કહે છે. જેમકે-ઘડાની ઉત્પત્તિમાં માટી. અનાદિ કાલથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલી રહ્યો છે, તેમાં અનન્તર પૂર્વક્ષણવર્તી [illegible] ઉપાદાન કારણ છે. અને અનન્તર ઉત્તરક્ષણવર્તી પર્યાય કાર્ય છે.

**૪૦૯ પ્ર. દ્રવ્યબંધ કોને કહે છે?**

ઉ. કાર્માણસ્કંધરૂપ પુદ્ગલદ્રવ્યમાં આત્માની સાથે સંબંધ થવાની શક્તિને દ્રવ્યબંધ કહે છે.

**૪૧૦ પ્ર. ભાવબંધ કોને કહે છે?**

ઉ. આત્માના યોગકષાયરૂપ ભાવોને ભાવબંધ કહે છે.

**૪૧૧ પ્ર. દ્રવ્યબંધનું નિમિત્તકારણ શું છે?**

ઉ. આત્માના યોગકષાયરૂપ પરિણામ દ્રવ્યબંધનું નિમિત્તકારણ છે.

**૪૧૨ પ્ર. દ્રવ્યબંધનું ઉપાદાનકારણ શું છે?**

ઉ. બંધ થવાના પૂર્વ ક્ષણમાં બંધ થવાના સન્મુખ કાર્માણ સ્કન્ધને દ્રવ્યબંધનું ઉપાદાન કારણ કહે છે.

**૪૧૩ પ્ર. ભાવબંધનું નિમિત્તકારણ શું છે?**

ઉ. ઉદય અને ઉદીરણા અવસ્થાને પ્રાપ્ત પૂર્વબદ્ધ કર્મ ભાવબંધનું નિમિત્ત કારણ છે.

**૪૧૪ પ્ર. ભાવબંધનું ઉપાદાનકારણ શું છે?**

ઉ. ભાવબંધના વિવક્ષિત સમયથી અનંતર પૂર્વ ક્ષણવર્તી યોગ કષાયરૂપ આત્માના પર્યાય વિશેષને ભાવબંધનું ઉપાદાન કારણ કહે છે.

**૪૧૫ પ્ર. ભાવાસ્રવ કોને કહે છે ?**

ઉ. દ્રવ્યબંધના નિમિત્ત કારણ અથવા ભાવબંધના ઉપાદાન કારણને ભાવાસ્રવ કહે છે.

**૪૧૬ પ્ર. દ્રવ્યાસ્રવ કોને કહે છે ?**

ઉ. દ્રવ્યબંધના ઉપાદાન કારણ અથવા ભાવબંધના નિમિત્ત કારણને દ્રવ્યાસ્રવ કહે છે.

**૪૧૭ પ્ર. પ્રકૃતિબંધ અને અનુભાગબંધમાં શો ભેદ છે ?**

ઉ. પ્રત્યેક પ્રકૃતિના ભિન્ન ભિન્ન ઉપાદાન શક્તિયુક્ત અનેક ભેદરૂપ કાર્માણ સ્કંધનો આત્માથી સંબંધ થવાને પ્રકૃતિબંધ કહે છે; અને તે જ સ્કંધોમાં ફલદાન શકિતના તારતમ્યને ( ન્યૂનાધિકતાને ) અનુભાગબંધ કહે છે.

**૪૧૮ પ્ર. સમસ્ત પ્રકૃતિયોના બંધનું કારણ સામાન્યતાથી યોગ છે અથવા તેમાં કાંઈ વિશેષતા છે ?**

ઉ. જેવી રીતે ભિન્ન ભિન્ન ઉપાદાન શકિતયુક્ત

નાના પ્રકારના ભોજનોને મનુષ્ય હસ્તદ્વારા ઇચ્છાવિ-શેષપૂર્વક ગ્રહણ કરે છે અને વિશેષ ઇચ્છાના અભાવમાં ઉદર પૂર્ણ કરવાને માટે સામાન્ય ભોજનનું ગ્રહણ કરે છે, તેવી જ રીતે આ જીવ વિશેષ કષાયના અભાવમાં યોગ માત્રથી કેવળ સાતાવેદનીયરૂપ કર્મને ગ્રહણ કરે છે, પરન્તુ તે યોગ જો કોઈ કષાય વિશેષથી અનુ-રંજિત હોય તો અન્યાન્ય પ્રકૃતિયોનો પણ બંધ કરે છે.

**૪૧૯ પ્ર. પ્રકૃતિબંધના કારણત્વની અપેક્ષાથી આસ્રવના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ ભેદ છેઃ-મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

**૪૨૦ પ્ર. મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી અદેવમાં (કુદે-વમાં) દેવબુદ્ધિ, અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ, અધર્મ (કુધર્મ) માં ધર્મબુદ્ધિ ઇત્યાદિ વિપરિતાભિનિવેશરૂપ જીવના પરિણામને મિથ્યાત્વ કહે છે.

**૪૨૧ પ્ર. મિથ્યાત્વના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ ભેદ છેઃ—એકાન્તિક મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ, સાંશયિક મિથ્યાત્વ, આજ્ઞાનિક મિથ્યાત્વ અને વૈનયિક મિથ્યાત્વ.

**૪૨૨ પ્ર. એકાન્તિક મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. પદાર્થ વિષે અનેક ધર્મ છે તેમાં એવો અભિપ્રાય કરે કે વસ્તુ ધર્મી માત્ર છે અથવા ધર્મ માત્ર પણ છે. તથા કોઈ એક ધર્મને ગ્રહણ કરી કહે કે આ એક ધર્મ માત્ર જ છે, અસ્તિત્વ જ છે; નાસ્તિત્વ જ છે, એક વસ્તુ માત્ર જ છે, એક પુરુષ માત્ર જ આ સર્વ રચના છે તથા અનેક પણ છે, નિત્ય પણ છે, અનિત્ય પણ છે. ધર્મ, ધર્મીમાં એ એમ જ છે. અન્યથા નથી, ઇત્યાદિ અત્યંત અભિસન્નિવેશ ( અભિપ્રાય )ને એકાન્તિક મિથ્યાત્વ કહે છે; જેમકેઃ—બૌદ્ધમતાવલંબી પદાર્થને સર્વથા ક્ષણિક માને છે.

**૪૨૩ પ્ર. વિપરીત મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. આત્માનું સ્વરૂપ જે પ્રકારે છે તેથી ઊંધું

માને તેને એટલે કે તેથી ઊંધી રુચિને વિપરીત મિથ્યાત્વ કહે છે; જેમકે શરીરને આત્મા માને, સગ્રંથને નિર્ગ્રંથ માને, કેવળીના સ્વરૂપને વિપરીતપણે માને.

**૪૨૪ પ્ર. સાંશયિક મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. ધર્મ અહિંસાલક્ષણ છે કે નહિ, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ મોક્ષમાર્ગના સાધનભૂત છે કે નહિ ઇત્યાદિ મતિદ્વૈવિધ્યને સાંશયિક મિથ્યાત્વ કહે છે.

**૪૨૫ પ્ર. આજ્ઞાનિક મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. જ્યાં હિતાહિત વિવેકનો કાંઇપણ સદ્ભાવ ન હોય, હિતાહિતના વિવેકની પરીક્ષા રહિત શ્રદ્ધાન કરવું તેને આજ્ઞાનિકમિથ્યાત્વ કહે છે. જેમકે:–પશુવધને ધર્મ સમજવો.

**૪૨૬ પ્ર. વૈનયિક મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. સમસ્ત દેવ, અને સમસ્ત મતોમાં સમદર્શીપણું માનવું તેને વૈનયિક મિથ્યાત્વ કહે છે.

**૪૨૭ પ્ર. અવિરતિ કોને કહે છે?**

ઉ. હિંસાદિક પાપોમાં તથા પાંચ ઇન્દ્રિય અને

મનના વિષયોમાં પ્રવૃત્તિ થવાને અવિરતિ કહે છે.

**૪૨૮ પ્ર. અવિરતિના કેટલા ભેદ છે?**

ઉ. ત્રણ ભેદ છેઃ—અનન્તાનુબંધિકષાયોદયજનિત, અપ્રત્યાખ્યાનાવરણકષાયોદયજનિત અને પ્રત્યાખ્યાનાવરણકષાયોદયજનિત.

**૪૨૯ પ્ર. પ્રમાદ કોને કહે છે?**

ઉ. સંજ્વલન અને નોકષાયના તીવ્ર ઉદયથી નિરતિચાર ચારિત્ર પાળવામાં અનુત્સાહને તથા સ્વરૂપની અસાવધાનતાને પ્રમાદ કહે છે.

**૪૩૦ પ્ર. પ્રમાદના કેટલા ભેદ છે?**

ઉ. પંદર ભેદ છેઃ—વિકથા ૪ (સ્ત્રીકથા, રાષ્ટ્રકથા, ભોજનકથા, રાજકથા), કષાય ૪ [સંજ્વલનના તીવ્ર ઉદયજનિત ક્રોધ, માન, માયા, લોભ], ઇન્દ્રિયોના વિષય ૫, નિદ્રા એક અને સ્નેહ એક—એમ પંદર પ્રમાદ છે.

**૪૩૧ પ્ર. કષાય કોને કહે છે?**

ઉ. સંજ્વલન અને નોકષાયના મંદ ઉદયથી

પ્રાદુર્ભૂત આત્માના પરિણામવિશેષને કષાય કહે છે.

**૨૩૪ પ્ર. યોગ કોને કહે છે?**

ઉ. મનોવર્ગણા અથવા કાયવર્ગણા ( આહારવર્ગણા તથા કાર્માણવર્ગણા ) અને વચનવર્ગણાના અવલંબનથી કર્મ, નોકર્મને ગ્રહણ કરવાની શક્તિવિશેષને યોગ કહે છે.

**૪૩૩ પ્ર. યોગના કેટલા ભેદ છે?**

ઉ. પંદર ભેદ છે:- મનોયોગ ૪ ( સત્ય મનોયોગ, અસત્ય મનોયોગ, ઉભય મનોયોગ અને અનુભય મનોયોગ ), કાયયોગ ૭ (ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિયક, વૈક્રિયકમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્માણ), વચનયોગ ૪ (સત્યવચનયોગ, અસત્યવચનયોગ, ઉભયવચનયોગ, અનુભય વચનયોગ).

**૪૩૪ પ્ર. મિથ્યાત્વની પ્રધાનતાથી કઈ કઈ પ્રકૃતિયોનો બન્ધ થાય છે?**

ઉ. મિથ્યાત્વની પ્રધાનતાથી ૧૬ પ્રકૃતિયોનો બંધ થાય છે:-મિથ્યાત્વ, હુંડકસંસ્થાન, નપુંસકવેદ,

નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, નરકાયુ, અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનન, જાતિ ૪ (એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય), સ્થાવર, આતાપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ.

**૪૩૫ પ્ર. અનંતાનુબંધિકષાયોદયજનિત અવિરતિથી કઈ કઈ પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. અનંતાનુબંધિકષાયોદયજનિત અવિરતિથી ૨૫ પ્રકૃતિયોનો બંધ થાય છેઃ–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્ત્રીવેદ, નીચગોત્ર, તિર્યગ્ગતિ, તિર્યગ્ગત્યાનુપૂર્વી, તિર્યગાયુ, ઉદ્યોત, સંસ્થાન ૪ (ન્યગ્રોધ, સ્વાતિ, કુબ્જક, વામન), સંહનન ૪ (વજ્રનારાચ, નારાચ, અર્દ્ધનારાચ, અને કીલિત).

**૪૩૬ પ્ર. અપ્રત્યાખ્યાનાવરણકષાયોદયજનિત અવિરતિથી કઈ કઈ પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. દશ પ્રકૃતિયોનો બંધ થાય છે:—અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, મનુષ્યાયુ, ઔદારિકશરીર, ઔદારિકાંગોપાંગ અને વજ્રઋષભનારાચ સંહનન.

**૪૩૭ પ્ર. પ્રત્યાખ્યાનાવરણકષાયોદયજનિત અવિરતિથી કઈ કઈ પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. ચાર પ્રકૃતિયોનો—અર્થાત્—પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભનો.

**૪૩૮ પ્ર. પ્રમાદથી કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. ૭ પ્રકૃતિયોનો—અર્થાત્—અસ્થિર, અશુભ, અસાતાવેદનીય, અયશઃકીર્તિ, અરતિ અને શોકનો.

**૪૩૯ પ્ર. કષાયના ઉદયથી કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. અઠ્ઠાવન પ્રકૃતિયોનો—અર્થાત્—દેવાયુ ૧, નિદ્રા ૧, પ્રચલા ૧, તીર્થંકર ૧, નિર્માણ ૧, પ્રશસ્ત વિહાયોગતિ ૧, પંચેન્દ્રિયજાતિ ૧, તૈજસશરીર ૧,

કાર્માણશરીર ૧, આહારકશરીર ૧, આહારકાંગોપાંગ ૧, સમચતુસ્ર સંસ્થાન ૧, વૈક્રિયકશરીર ૧, વૈક્રિયકાંગોપાંગ ૧, દેવગતિ ૧, દેવગત્યાનુપૂર્વી ૧, રૂપ ૧, રસ ૧, ગંધ ૧, સ્પર્શ ૧, અગુરુલઘુ ૧, ઉપઘાત ૧, પરઘાત ૧, ઉચ્છ્વાસ ૧, ત્રસ ૧, બાદર ૧, પર્યાપ્ત ૧, પ્રત્યેક ૧, સ્થિર ૧, શુભ ૧, સુભગ ૧, સુસ્વર ૧, આદેય ૧, હાસ્ય ૧, રતિ ૧, જુગુપ્સા ૧, ભય ૧, પુરુષવેદ ૧, સંજ્વલન ક્રોધ ૧–માન ૧–માયા ૧–લોભ ૧, મતિજ્ઞાનાવરણ ૧, શ્રુતજ્ઞાનાવરણ ૧, અવધિજ્ઞાનાવરણ ૧, મનઃપર્યયજ્ઞાનાવરણ ૧, કેવલજ્ઞાનાવરણ ૧, ચક્ષુર્દર્શનાવરણ ૧, અચક્ષુર્દર્શનાવરણ ૧, અવધિદર્શનાવરણ ૧, કેવલદર્શનાવરણ ૧, દાનાન્તરાય ૧, ભોગાન્તરાય ૧, ઉપભોગાન્તરાય ૧, વીર્યાન્તરાય ૧, લાભાન્તરાય ૧, યશસ્કીર્તિ ૧, અને ઉચ્ચગોત્ર ૧—એ અઠ્ઠાવન પ્રકૃતિયોનો બંધ થાય છે.

**૪૪૦ પ્ર. યોગના નિમિત્તથી કઈ પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ એક સાતા વેદનીયનો બંધ થાય છે.

**૪૪૧ પ્ર. કર્મપ્રકૃતિ સર્વે ૧૪૮ છે અને કારણ માત્ર ૧૨૦ નાં લખ્યાં, તો પછી ૨૮ પ્રકૃતિયોનું શું થયું ?**

ઉ. સ્પર્શાદિ ૨૦ ની જગ્યાએ ૪ નું ગ્રહણ કરેલું છે, એ કારણથી ૧૬ તો એ ઘટી. અને પાંચે શરીરના પાંચે બંધઃ તથા પાંચે સંઘાતનું ગ્રહણ કરેલું નથી, તે કારણથી તે દશ ઘટી અને સમ્યગ્મિથ્યાત્વ તથા સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ એ બે પ્રકૃતિયોનો બંધ થતો નથી; કેમકે સમ્યગ્દષ્ટિ જીવ પૂર્વબદ્ધ મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ખંડ કરે છે, ત્યારે આ બે પ્રકૃતિયોનો પ્રાદુર્ભાવ થાય છે. એ કારણથી એ બે પ્રકૃતિઓ ઘટી ગઈ.

**૪૪૨ પ્ર. દ્રવ્યાસ્રવના કેટલા ભેદ છે ?**

ઉ. બે છેઃ—એક સામ્પરાયિક અને બીજો ઈર્યાપથ.

**૪૪૩ પ્ર. સામ્પરાયિક આસ્રવ કોને કહે છે ?**

ઉ. જે કર્મ પરમાણુ જીવના કષાયભાવોના

નિમિત્તથી આત્મામાં કંઇક વખત માટે સ્થિતિને પ્રાપ્ત થાય, તેના આસ્રવને સામ્પરાયિક આસ્રવ કહે છે.

**૪૪૪ પ્ર. ઇર્યાપથઆસ્રવ કોને કહે છે?**

ઉ. જે કર્મ પરમાણુઓનો બંધ, ઉદય અને નિર્જરા એક જ સમયમાં થાય, તેના આસ્રવને ઇર્યાપથઆસ્રવ કહે છે.

**૪૪૫ પ્ર. એ બન્ને પ્રકારના આસ્રવોના સ્વામી કોણ કોણ છે?**

ઉ. સામ્પરાયિકઆસ્રવનો સ્વામી કષાયસહિત અને ઇર્યાપથઆસ્રવનો સ્વામી કષાયરહિત આત્મા થાય છે.

**૪૪૬ પ્ર. પુણ્યાસ્રવ અને પાપાસ્રવનું કારણ શું છે?**

ઉ. શુભ યોગથી પુણ્યાસ્રવ અને અશુભ યોગથી પાપાસ્રવ થાય છે.

**૪૪૭ પ્ર. શુભયોગ અને અશુભયોગ કોને કહે છે?**

ઉ. શુભ પરિણામથી ઉત્પન્ન થયેલ યોગને શુભયોગ કહે છે અને અશુભ પરિણામથી ઉત્પન્ન થયેલ યોગને અશુભયોગ કહે છે.

**૪૪૮ પ્ર. જે વખતે જીવને શુભયોગ થાય છે, તે વખતે પાપપ્રકૃતિયોનો આસ્રવ થાય છે કે નહિ ?**

ઉ. થાય છે.

**૪૪૯ પ્ર. જો જીવને પાપપ્રકૃતિયોનો આસ્રવ થાય છે, તો શુભયોગ પાપાસ્રવનું પણ કારણ ઠર્યું ?**

ઉ. શુભયોગ પાપાસ્રવનું કારણ ઠરતું નથી; કારણકે જે વખતે જીવમાં શુભ યોગ થાય છે તે વખતે પુણ્યપ્રકૃતિયોમાં સ્થિતિ અનુભાગ અધિક પડે છે, અને પાપ પ્રકૃતિયોમાં ઓછા પડે છે. તેવી જ રીતે જ્યારે અશુભયોગ થાય છે ત્યારે પાપપ્રકૃતિયોમાં સ્થિતિ અનુભાગ અધિક પડે છે અને પુણ્ય પ્રકૃતિયોમાં ઓછા. દશાધ્યાય તત્ત્વાર્થસૂત્રના છઠ્ઠા અધ્યાયમાં

જ્ઞાનાવરણાદિ પ્રકૃતિયોના આસ્રવના કારણ જે તત્પ્રદોષનિહ્નવાદિક કહેલાં છે, તેનો અભિપ્રાય એ છે કે તે તે ભાવોથી તે તે પ્રકૃતિયોમાં સ્થિતિ, અનુભાગ અધિક અધિક પડે છે. બીજું જે જ્ઞાનાવરણાદિક પાપપ્રકૃતિયોના આસ્રવ દશમા ગુણુસ્થાનસુધી સિદ્ધાન્તશાસ્ત્રમાં કહ્યા છે તેમાં વિરોધ આવશે અથવા ત્યાં શુભયોગના અભાવનો પ્રસંગ આવશે; કારણકે શુભયોગ દશમા ગુણુસ્થાનથી પહેલાં પહેલાં જ થાય છે.

ઇતિ તૃતીયોઽધ્યાયઃ સમાપ્તઃ ।

## અથ ચતુર્થોઽધ્યાયઃ

**૪૫૦ પ્ર. જીવના અસાધારણ ભાવ કેટલા છે?**

ઉ. પાંચ છેઃ—ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક.

**૪૫૧ પ્ર. ઔપશમિકભાવ કોને કહે છે?**

ઉ. કોઈ પણ કર્મોના ઉપશમથી થાય તેને ઔ-
પશમિકભાવ કહે છે.

**૪૫૨ પ્ર. ક્ષાયિકભાવ કોને કહે છે?**

ઉ. કર્મોનો સર્વથા નાશ થવાથી આત્માનો અત્યન્ત શુદ્ધભાવ થઈ જાય છે તેને ક્ષાયિકભાવ કહે છે.

**૪૫૩ ક્ષાયોપશમિકભાવ કોને કહે છે?**

ઉ. જે કર્મોના ક્ષયોપશમથી થાય તેને ક્ષાયોપશમિક ભાવ કહે છે. સર્વઘાતી કર્મોનો ઉદયભાવી ક્ષય અથવા ઉપશમ થવાને તથા દેશઘાતી કર્મોનો ઉદય થવાથી આત્માને જે ભાવ થાય છે, તેને ક્ષાયોપશમિક અથવા મિશ્રભાવ કહે છે.

**૪૫૪ પ્ર. ઔદાયિકભાવ કોને કહે છે?**

ઉ. કર્મોનો ઉદય આવવાથી અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર કાલ, ભાવરૂપ નિમિત્તથી કર્મ જ્યારે પોતાનું ફળ આપે છે તેને ઉદય કહે છે. કર્મોના ઉદયથી જે આત્માનો ભાવ થાય છે તેને ઔદયિકભાવ કહે છે.

**૪૫૫ પ્ર. પારિણામિકભાવ કોને કહે છે?**

ઉ. જે કર્મોના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ, અથવા ઉદયની અપેક્ષા રાખ્યા વિના જીવનો સ્વભાવ માત્ર હોય તેને પારિણામિકભાવ કહે છે.

**૪૫૬ પ્ર. ઔપશમિકભાવના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે. સમ્યક્ત્વભાવ અને ચારિત્રભાવ.

**૪૫૭ પ્ર. ક્ષાયિક ભાવના કેટલા ભેદ છે?**

ઉ. નવ ભેદ છે. ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિકદર્શન, ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિકદાન, ક્ષાયિકલાભ, ક્ષાયિકભોગ, ક્ષાયિકઉપભોગ અને ક્ષાયિકવીર્ય.

**૪૫૮ પ્ર. ક્ષાયોપશમિકભાવના કેટલા ભેદ છે?**

ઉ. ૧૮ છેઃ—સમ્યક્ત્વ, ચારિત્ર, ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન, દેશસંયમ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય.

**૪૫૯ પ્ર. ઔદયિકભાવ કેટલા છે?**

ઉ. ૨૧ છે.-ગતિ ૪, કષાય ૪, લિંગ ૩, મિથ્યાદર્શન ૧, અજ્ઞાન ૧, અસંયમ ૧, અસિદ્ધત્વ ૧, લેશ્યા ૬ (પીત, પદ્મ, શુકલ, કૃષ્ણ, નીલ, કાપોત).

૪૬૦ **પ્ર. પારિણામિકભાવ કેટલા છે?**

ઉ. ત્રણ છેઃ-જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ.

૪૬૧ **પ્ર. લેશ્યા કોને કહે છે?**

ઉ. કષાયના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિને ભાવલેશ્યા કહે છે અને શરીરના પીત, પદ્માદિ વર્ણોને દ્રવ્યલેશ્યા કહે છે.

૪૬૨ **પ્ર. ઉપયોગ કોને કહે છે?**

ઉ. જીવના લક્ષણરૂપ ચૈતન્યાનુવિધાયી પરિણામને ઉપયોગ કહે છે.

૪૬૩ **પ્ર. ઉપયોગના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છેઃ-દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ.

૪૬૪ **પ્ર. દર્શનોપયોગના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છેઃ-ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**૪૬૫ પ્ર. જ્ઞાનોપયોગના કેટલા ભેદ છે?**

ઉ. આઠ છેઃ–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, અને કુઅવધિજ્ઞાન.

**૪૬૬ પ્ર. સંજ્ઞા કોને કહે છે?**

ઉ. અભિલાષાને (વાંચ્છાને) સંજ્ઞા કહે છે.

**૪૬૭ પ્ર. સંજ્ઞાના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છેઃ–આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ.

**૪૬૮ પ્ર. માર્ગણા કોને કહે છે?**

ઉ. જે જે ધર્મવિશેષોથી જીવોનું અન્વેષણ (શોધ) કરાય, તે તે ધર્મવિશેષોને માર્ગણા કહે છે.

**૪૬૯ પ્ર. માર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. ૧૪ છેઃ–ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ, આહાર

**૪૭૦ પ્ર. ગતિ કોને કહે છે?**

ઉ. ગતિનામા નામકર્મના ઉદયથી જીવના પર્યાયવિશેષને ગતિ કહે છે.

૪૭૧ પ્ર. ગતિના કેટલા ભેદ છે?

ઉ. ચાર છેઃ—નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ.

૪૭૨ પ્ર. ઇન્દ્રિય કોને કહે છે?

ઉ. આત્માના લિઙ્ગને (ચિહ્નને) ઇન્દ્રિય કહે છે.

૪૭૩ પ્ર. ઇન્દ્રિયના કેટલા ભેદ છે?

ઉ. બે ભેદ છેઃ—દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

૪૭૪ પ્ર. દ્રવ્યેન્દ્રિય કોને કહે છે?

ઉ. નિર્વૃત્તિ અને ઉપકરણને દ્રવ્યેન્દ્રિય કહે છે.

૪૭૫ પ્ર. નિર્વૃત્તિ કોને કહે છે?

ઉ. પ્રદેશોની રચનાવિશેષને નિર્વૃત્તિ કહે છે.

૪૭૬ પ્ર. નિર્વૃત્તિના કેટલા ભેદ છે?

ઉ. બે છેઃ—બાહ્યનિર્વૃત્તિ અને આભ્યન્તરનિર્વૃત્તિ.

૪૭૭ પ્ર. બાહ્યનિર્વૃત્તિ કોને કહે છે?

ઉ. ઇન્દ્રિયોના આકારરૂપ પુદ્ગલની રચનાવિશેષને બાહ્યનિર્વૃત્તિ કહે છે.

૪૭૮ પ્ર. આભ્યન્તર નિર્વૃત્તિ કોને કહે છે?

ઉ. આત્માના વિશુદ્ધ પ્રદેશોના ઇન્દ્રિયાકાર રચનાવિશેષને આભ્યન્તર નિર્વૃત્તિ કહે છે.

**૪૭૯ પ્ર. ઉપકરણ કોને કહે છે?**

ઉ. જે નિર્વૃત્તિનો ઉપકાર (રક્ષા) કરે, તેને ઉપકરણ કહે છે.

**૪૮૦ પ્ર. ઉપકરણના કેટલા ભેદ છે?**

ઉ. બે છેઃ—આભ્યન્તર અને બાહ્ય.

**૪૮૧ પ્ર. આભ્યન્તર ઉપકરણ કોને કહે છે?**

ઉ. નેત્ર-ઇન્દ્રિયમાં કૃષ્ણ, શુક્લ મંડલની માફક સર્વે ઇન્દ્રિયોમાં જે નિર્વૃત્તિનો ઉપકાર કરે, તેને આભ્યન્તર ઉપકરણ કહે છે.

**૪૮૨ પ્ર. બાહ્ય ઉપકરણ કોને કહે છે?**

ઉ. નેત્ર-ઇન્દ્રિયમાં પલક વગેરેની માફક જે નિર્વૃત્તિનો ઉપકાર કરે, તેને બાહ્યોપકરણ કહે છે.

**૪૮૩ પ્ર. ભાવેન્દ્રિય કોને કહે છે?**

ઉ. લબ્ધિ અને ઉપયોગને ભાવેન્દ્રિય કહે છે.

**૪૮૪ પ્ર. લબ્ધિ કોને કહે છે?**

ઉ. જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમને લબ્ધિ કહે છે.

૪૮૫ પ્ર. **ઉપયોગ કોને કહે છે?**

ઉ. ક્ષયોપશમ હેતુવાળા ચેતનાના પરિણામ-વિશેષને ઉપયોગ કહે છે.

૪૮૬ પ્ર. **દ્રવ્યેન્દ્રિયના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ છે:-સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર.

૪૮૭ પ્ર. **સ્પર્શન ઇન્દ્રિય કોને કહે છે?**

ઉ. જે દ્વારા આઠ પ્રકારના સ્પર્શો (શીત, ઉષ્ણ, રુક્ષ, ચિક્કણ, કઠોર, કોમલ, હલકા, ભારે) નું જ્ઞાન થાય તેને સ્પર્શનેન્દ્રિય કહે છે

૪૮૮ પ્ર. **રસના ઇન્દ્રિય કોને કહે છે?**

ઉ. જે દ્વારા પાંચ પ્રકારના-(તીખો, કડવો, કષાયલો, ખાટો, અને મીઠો) રસોના સ્વાદનું જ્ઞાન થાય તેને રસનેન્દ્રિય કહે છે.

૪૮૯ પ્ર. **ઘ્રાણેન્દ્રિય કોને કહે છે?**

ઉ. જે દ્વારા બે પ્રકારની ગંધ (સુગન્ધ અને

દુર્ગન્ધ) નું જ્ઞાન થાય તેને ઘ્રાણેન્દ્રિય કહે છે.

**૪૯૦ પ્ર. ચક્ષુરિન્દ્રિય કોને કહે છે?**

ઉ. જે દ્વારા પાંચ પ્રકારના વર્ણોનું (ધોળો પીળો, લીલો, લાલ અને કાળા રંગનું) જ્ઞાન થાય, તેને ચક્ષુરિન્દ્રિય કહે છે.

**૪૯૧ પ્ર. શ્રોત્ર ઇન્દ્રિય કોને કહે છે?**

ઉ. જે દ્વારા સાત પ્રકારના સ્વરોનું જ્ઞાન થાય તેને શ્રોત્રેન્દ્રિય કહે છે.

**૪૯૨ પ્ર. કયા કયા જીવોને કઈ કઈ ઇન્દ્રિયો હોય છે?**

ઉ. પૃથ્વી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિ એ જીવોને એક સ્પર્શ ઇન્દ્રિય જ હોય છે. કરમીઆ વગેરે જીવોને સ્પર્શન અને રસના એ બે ઇન્દ્રિયો હોય છે. કીડી વગેરે જીવોને સ્પર્શન, રસના અને ઘ્રાણ (નાક) એ ત્રણ ઇન્દ્રિયો હોય છે. માખી, ભમરા વગેરે જીવોને સ્પર્શન, રસના, નાક અને આંખો એ ચાર ઇન્દ્રિયો હોય છે. ઘોડા, આદિ ચાર-

પગા જનાવર–પશુ, મનુષ્ય, દેવ, અને નારકી જીવોને સ્પર્શન, જીભ, નાક, આંખો અને કાન એ પાંચે ઇન્દ્રિયો હોય છે.

**૪૯૩ પ્ર. કાય કોને કહે છે?**

ઉ. ત્રસ, સ્થાવર નામકર્મના ઉદયથી આત્માના પ્રદેશ પ્રચય ( સમૂહ ) ને કાય કહે છે.

**૪૯૪ પ્ર. ત્રસ કોને કહે છે?**

ઉ. ત્રસનામા નામકર્મના ઉદયથી દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયોમાં જન્મ લેવાવાળા જીવોને ત્રસ કહે છે.

**૪૯૫ પ્ર. સ્થાવર કોને કહે છે?**

ઉ. સ્થાવરનામા નામકર્મના ઉદયથી પૃથિવી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિમાં જન્મ લેવાવાળા જીવોને સ્થાવર કહે છે.

**૪૯૬ પ્ર. બાદર કોને કહે છે?**

ઉ. પૃથિવી આદિથી જે રોકાઈ જાય અથવા બીજાને રોકે તેને બાદર કહે છે.

**૪૯૭ પ્ર. સૂક્ષ્મ કોને કહે છે ?**

ઉ. જે પોતે પૃથિવી આદિકથી રોકાય નહિ અને બીજા પદાર્થોને રોકે નહિ તેને સૂક્ષ્મ કહે છે.

**૪૯૮ પ્ર. વનસ્પતિના કેટલા ભેદ છે ?**

ઉ. બે છેઃ–પ્રત્યેક અને સાધારણ.

**૪૯૯ પ્ર. પ્રત્યેક વનસ્પતિ કોને કહે છે ?**

ઉ. એક શરીરનો જે એક જ સ્વામી હોય તેને પ્રત્યેક વનસ્પતિ કહે છે.

**૫૦૦ પ્ર. સાધારણ વનસ્પતિ કોને કહે છે ?**

ઉ. જે જીવોના આહાર, શ્વાસોચ્છ્વાસ, આયુ અને કાય એ સાધારણ (સમાન અથવા એક) હોય તેને સાધારણ વનસ્પતિ કહે છે. જેમકે.–કંદમૂલાદિક.

**૫૦૧ પ્ર. પ્રત્યેક વનસ્પતિના કેટલા ભેદ છે ?**

ઉ. બે છેઃ–સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રતિષ્ઠિત પ્રત્યેક.

**૫૦૨ પ્ર. સપ્રતિષ્ઠિતપ્રત્યેક કોને કહે છે ?**

ઉ. જે પ્રત્યેક વનસ્પતિના આશ્રય અનેક

સાધારણવનસ્પતિ શરીર હોય તેને સપ્રતિષ્ઠિત-પ્રત્યેક વનસ્પતિ કહે છે.

**૫૦૩ પ્ર. અપ્રતિષ્ઠિત પ્રત્યેક કોને કહે છે?**

ઉ. જે પ્રત્યેકવનસ્પતિને આશ્રય કોઈપણ સાધારણવનસ્પતિ ન હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.

**૫૦૪ પ્ર. સાધારણ વનસ્પતિ સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિમાં જ હોય છે કે કોઈ બીજીમાં હોય છે?**

ઉ. પૃથિવી, અપ, તેજ, વાયુ, કેવળી ભગવાન, આહારક શરીર, દેવ, નારકી એ આઠે સિવાય સર્વ સંસારી જીવોના શરીર સાધારણ અર્થાત્ નિગોદને આશ્રય છે.

**૫૦૫ પ્ર. સાધારણ વનસ્પતિના (નિગોદના) કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છેઃ-નિત્યનિગોદ અને ઇતરનિગોદ.

**૫૦૬ પ્ર. નિત્યનિગોદ કોને કહે છે?**

ઉ. જેણે કોઈ વખત પણ નિગોદ સિવાય બીજો પર્યાય પ્રાપ્ત કર્યો નથી અને કદી નિગોદ સિવાય બીજો પર્યાય પ્રાપ્ત કરશે પણ નહિ તેને નિત્યનિગોદ કહે છે.

**૫૦૭ પ્ર. ઇતરનિગોદ કોને કહે છે?**

ઉ. જે નિગોદથી નીકળીને બીજા પર્યાય પ્રાપ્ત કરી ફરીને નિગોદમાં ઉત્પન્ન થાય તેને ઇતરનિગોદ કહે છે.

**૫૦૮ પ્ર. બાદર અને સૂક્ષ્મ કયા કયા જીવ છે?**

ઉ. પૃથિવી, અપ, તેજ, વાયુ, નિત્યનિગોદ, ઇતરનિગોદ—એ છ બાદર અને સૂક્ષ્મ બન્ને પ્રકારના હોય છે. બાકીના સર્વે જીવ બાદર જ હોય છે, સૂક્ષ્મ હોતા નથી.

**૫૦૯ પ્ર. યોગ કોને કહે છે?**

ઉ. પુદ્ગલવિપાકી શરીર અને અંગોપાંગનામા નામકર્મના ઉદયથી મનોવર્ગણા, તથા વચનવર્ગણા તથા કાયવર્ગણાના અવલંબનથી, કર્મ નોકર્મને ગ્રહણ કરવાની જીવની શક્તિવિશેષને ભાવયોગ કહે છે. તે જ

ભાવયોગના નિમિત્તથી આત્મપ્રદેશના પરિસ્પંદનને (ચંચલ હોવાને) દ્રવ્યયોગ કહે છે.

**૫૧૦ પ્ર. યોગના કેટલા ભેદ છે?**

ઉ. પંદર છેઃ–મનોયોગ ૪, વચનયોગ ૪ અને કાયયોગ ૭.

**૫૧૧ પ્ર. વેદ કોને કહે છે?**

ઉ. નોકષાયના ઉદયથી ઉત્પન્ન થયેલ જીવને મૈથુન કરવાની અભિલાષાને ભાવવેદ કહે છે; અને નામ કર્મના ઉદયથી આવિર્ભૂત જીવના ચિહ્નવિશેષને દ્રવ્યવેદ કહે છે,

**૫૧૨ પ્ર. વેદના કેટલા ભેદ છે?**

ઉ. ત્રણ છેઃ-સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ.

**૫૧૩ પ્ર. કષાય કોને કહે છે?**

ઉ. જે આત્માના સમ્યક્ત્વ, દેશચારિત્ર, સકલચારિત્ર અને યથાખ્યાતચારિત્રરૂપ પરિણામોને ઘાતે તેને કષાય કહે છે.

**૫૧૪ પ્ર. કષાયના કેટલા ભેદ છે?**

ઉ. સોળ ભેદ છે:-અનન્તાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ અને સંજ્વલન ૪.

**૫૧૫ પ્ર. જ્ઞાનમાર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ, તથા કુમતિ, કુશ્રુત અને કુઅવધિ.

**૫૧૬ પ્ર. સંયમ કોને કહે છે?**

ઉ. અહિંસાદિક પાંચ વ્રત ધારણ કરવાને, ઈર્યાપથ આદિ પાંચ સમિતિયોના પાળવાને, ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવાને, મનોયોગાદિક ત્રણે યોગોને રોકવાને તથા સ્પર્શન આદિ પાંચે ઇન્દ્રિયોના વિષયોનો વિજય કરવાને સંયમ કહે છે.

**૫૧૭ પ્ર. સંયમ માર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. સાત ભેદ છે:-સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સમ્પરાય, યથાખ્યાત, સંયમાસંયમ અને અસંયમ.

**૫૧૮ પ્ર. દર્શનમાર્ગણાના કેટલા ભેદ છે.**

ઉ. ચાર ભેદ છેઃ—ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન, અને કેવળદર્શન.

**૫૧૯ પ્ર. લેશ્યામાર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. ૭ ભેદ છેઃ—કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ.

**૫૨૦ પ્ર. ભવ્યમાર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છેઃ-ભવ્ય અને અભવ્ય.

**૫૨૧ પ્ર. સમ્યક્ત્વ કોને કહે છે?**

ઉ. તત્ત્વાર્થશ્રદ્ધાનને સમ્યક્ત્વ કહે છે.

**૫૨૨ પ્ર. સમ્યક્ત્વમાર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. ૭ ભેદ છેઃ—ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ, સમ્યગ્મિથ્યાત્વ, સાસ્વાદન, અને મિથ્યાત્વ.

**૫૨૩ પ્ર. સંજ્ઞી કોને કહે છે?**

ઉ. જેમાં સંજ્ઞા હોય તેને સંજ્ઞી કહે છે.

**૫૨૪ પ્ર. સંજ્ઞા કોને કહે છે?**

ઉ. દ્રવ્યમન દ્વારા શિક્ષાદિ ગ્રહણ કરવાને સંજ્ઞા કહે છે.

૫૨૫ **પ્ર. સંજ્ઞીમાર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છેઃ—એક સંજ્ઞી અને બીજો અસંજ્ઞી.

૫૨૬ **પ્ર. આહાર કોને કહે છે?**

ઉ. ઔદારિક આદિ શરીર અને પર્યાપ્તિયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાને આહાર કહે છે.

૫૨૭ **પ્ર. આહારમાર્ગણાના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છેઃ—આહારક અને અનાહારક.

૫૨૮ **પ્ર. અનાહારક જીવ કઈ કઈ અવસ્થામાં થાય છે?**

ઉ. વિગ્રહ ગતિ, અને કોઈ કોઈ સમુદ્ઘાતમાં અને અયોગકેવળી અવસ્થામાં જીવ અનાહારક થાય છે.

૫૨૯ **પ્ર. વિગ્રહ ગતિ કોને કહે છે?**

ઉ. એક શરીરને છોડી બીજા શરીરપ્રતિ ગમન કરવાને વિગ્રહ ગતિ કહે છે.

૫૩૦ **પ્ર. વિગ્રહ ગતિમાં કયો યોગ હોય છે?**

ઉ. કાર્માણુયોગ હોય છે.

**૫૩૧ પ્ર. વિગ્રહગતિના કેટલા ભેદ છે?**

ઉ. ચાર છેઃ-ઋજુગતિ, પાણિમુક્તાગતિ, લાંગલિકાગતિ અને ગોમૂત્રિકા ગતિ.

**૫૩૨ પ્ર. એ વિગ્રહ ગતિયોમાં કેટલો કેટલો કાળ લાગે છે?**

ઉ. ઋજુગતિમાં એક સમય, પાણીમુક્તા અર્થાત્ એક વાંક વાળી ગતિમાં બે સમય, લાંગલીકા ગતિમાં ત્રણ સમય, અને ગોમૂત્રિકા ગતિમાં ચાર સમય લાગે છે.

**૫૩૩ પ્ર. એ ગતિયોમાં અનાહારક અવસ્થા કેટલા સમય સુધી રહે છે?**

ઉ. ઋજુગતિવાળો જીવ અનાહારક હોતો નથી. પાણિમુક્તાગતિમાં એક સમય, લાંગલિકામાં બે સમય અને ગોમૂત્રિકામાં ત્રણ સમય જીવ અનાહારક રહે છે.

**૫૩૪ પ્ર. મોક્ષ જવાવાળા જીવને કઈ ગતિ થાય છે?**

ઉ. ઋજુગતિ થાય છે અને તે જીવ અનાહારક જ થાય છે.

૫૩૫ પ્ર. જન્મ કેટલા પ્રકારના હોય છે?

ઉ. ત્રણ પ્રકારના:-ઉપપાદજન્મ, ગર્ભજન્મ અને સમ્મૂર્ચ્છનજન્મ.

૫૩૬ પ્ર. ઉપપાદજન્મ કોને કહે છે?

ઉ. જે જીવ દેવોની ઉપપાદ શય્યા તથા નારકિયોના યોનિસ્થાનમાં પહોચતાં જ અંતર્મુહૂર્તમાં યુવાવસ્થાને પ્રાપ્ત થઈ જાય, તે જન્મને ઉપપાદજન્મ કહે છે.

૫૩૭ પ્ર. ગર્ભજન્મ કોને કહે છે?

ઉ. માતા પિતાના રજોવીર્યથી જેનું શરીર બને, તે જન્મને ગર્ભજન્મ કહે છે.

૫૩૮ પ્ર. સમ્મૂર્ચ્છનજન્મ કોને કહે છે?

ઉ. માતાપિતાની અપેક્ષા વિના અહિં તહિંના પરમાણુઓનેજ શરીરરૂપ પરિણમાવે, તેના જન્મને સમ્મૂર્ચ્છનજન્મ કહે છે.

**૫૩૯ પ્ર. કયા કયા જીવને કયો કયો જન્મ થાય છે?**

ઉ. દેવ, નારકી જીવોને ઉપપાદ જન્મ જ થાય છે. જરાયુજ, અંડજ, અને પોત (જે યોનિમાંથી નીકળતાંની સાથે જ ભાગવા, દોડવા લાગી જાય છે અને જેના ઉપર ઓર વગેરેની કોથળી હોતી નથી તે) જીવોને ગર્ભજન્મ જ થાય છે. અને બાકીના જીવોને સમ્મૂર્ચ્છન જન્મ જ થાય છે.

**૫૪૦ પ્ર. કયા કયા જીવોને કયા કયા લિંગ હોય છે?**

ઉ. નારકીજીવો અને સમ્મર્ચ્છન જીવોને નપુંસક લિંગ હોય છે અને દેવોને પુંલિંગ અને સ્રીલિંગ હોય છે અને બાકીના જીવોને ત્રણ લિંગ હોય છે.

**૫૪૧ પ્ર. જીવસમાસ કોને કહે છે?**

ઉ. જીવોને રહેવાના ઠેકાણાને જીવસમાસ કહે છે.

**૫૪૨ પ્ર. જીવસમાસના કેટલા ભેદ છે?**

ઉ. ૯૮ છેઃ-તિર્યંચના ૮૫, મનુષ્યના ૯,

નારકીઓના બે અને દેવોના બે.

૫૪૩ **પ્ર. તિર્યંચના ૮૫ ભેદ કયા કયા છે?**

ઉ. સમ્મૂર્ચ્છનના ૬૯ અને ગર્ભજના ૧૬.

૫૪૪ **પ્ર. સમ્મૂર્ચ્છનના ૬૯ ભેદ કયા કયા છે?**

ઉ. એકેન્દ્રિયના ૪૨, વિકલત્રયના ૯ અને પંચેન્દ્રિયના ૧૮.

૫૪૫ **પ્ર. એકેન્દ્રિયના ૪૨ ભેદ કયા કયા છે?**

ઉ. પૃથિવી, અપ, તેજ, વાયુ, નિત્યનિગોદ, ઇતરનિગોદ, એ છના બાદર અને સૂક્ષ્મની અપેક્ષાથી ૧૨ તથા સપ્રતિષ્ઠિતપ્રત્યેક અને અપ્રતિષ્ઠિતપ્રત્યેકને ઉમેરવાથી ૧૪ થાય છે. તે ચૌદના પ્રર્યાપ્તક, નિર્વૃ-ત્યપર્યાપ્તક અને લબ્ધ્યપર્યાપ્તક એ ત્રણેની અપેક્ષાએ ૪૨ જીવસમાસ થાય છે.

૫૪૬ **પ્ર. વિકલત્રયના ૯ ભેદ કયા કયા છે?**

ઉ. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયના પર્યા-પ્તક, નિર્વૃત્યપર્યાપ્તક અને લબ્ધ્યપર્યાપ્તકની અપેક્ષાએ નવ ભેદ થયા.

**૫૪૭ પ્ર. સમ્મૂર્ચ્છન પંચેન્દ્રિયના ૧૮ ભેદ કયા કયા છે?**

ઉ. જલચર, સ્થલચર, નભચર, એ ત્રણેના સૈની અસૈનીની અપેક્ષાએ ૬ ભેદ થયા અને તે છના પર્યાપ્તક, નિર્વૃત્યપર્યાપ્તક, લબ્ધ્યપર્યાપ્તકની અપેક્ષાએ ૧૮ જીવસમાસ થાય છે.

**૫૪૮ પ્ર. ગર્ભજ પંચેન્દ્રિયના ૧૬ ભેદ કયા કયા છે?**

ઉ. કર્મભૂમિના ૧૨ અને ભોગભૂમિના ૪.

**૪૫૯ પ્ર. કર્મભૂમિના બાર ભેદ કયા કયા છે?**

ઉ. જલચર, સ્થલચર, નભચર એ ત્રણેના સૈની, અસૈનીના ભેદથી ૭ ભેદ થયા. અને તેના પર્યાપ્ત-નિર્વૃત્યપર્યાપ્તકની અપેક્ષાએ બાર ભેદ થયા.

**૫૫૦ પ્ર. ભોગભૂમિના ચાર ભેદ કયા કયા છે?**

ઉ. સ્થલચર, અને નભચર એના પર્યાપ્તક અને નિર્વૃત્યપર્યાપ્તકની અપેક્ષાએ ચાર ભેદ થયા. ભોગભૂમિમાં અસૈનીતિર્યંચ થતા નથી.

**૫૫૧ પ્ર. મનુષ્યોના નવ ભેદ કયા કયા છે?**

ઉ. આર્યખંડ, મ્લેચ્છખંડ, ભોગભૂમિ અને કુભોગભૂમિ એ ચારે ગર્ભજોના પર્યાપ્તક, નિર્વૃત્ત્યપર્યાપ્તકની અપેક્ષાએ આઠ થયા. તેમાં સમ્મૂર્ચ્છન મનુષ્યનો લબ્ધ્યપર્યાપ્તક ભેદ ઉમેરવાથી નવ ભેદ થાય છે.

**૫૫૨ પ્ર. નારકીઓના બે ભેદ કયા કયા છે?**

ઉ. પર્યાપ્તક, અને નિર્વૃત્ત્યપર્યાપ્તક.

**૫૫૩ પ્ર. દેવોના બે ભેદ કયા કયા છે?**

ઉ. પર્યાપ્તક અને નિર્વૃત્ત્યપર્યાપ્તક.

**૫૫૪ પ્ર. દેવોને વિશેષ ભેદ કયા કયા છે?**

ઉ. ચાર છે:–ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક.

**૫૫૫ પ્ર. ભવનવાસી દેવના કેટલા ભેદ છે?**

ઉ. દશ છે.–અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દીપકુમાર, અને દિક્કુમાર.

**૫૫૬ પ્ર. વ્યન્તર દેવોના કેટલા ભેદ છે?**

ઉ. આઠ ભેદ છે:-કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ.

**૫૫૭ પ્ર. જ્યોતિષ્ક દેવોના કેટલા ભેદ છે?**

ઉ. પાંચ ભેદ છે:-સૂર્ય, ચન્દ્રમા, ગ્રહ, નક્ષત્ર અને તારા.

**૫૫૮ પ્ર. વૈમાનિક દેવોના કેટલા ભેદ છે?**

ઉ. બે છે:-કલ્પોપપન્ન અને કલ્પાતીત.

**૫૫૯ પ્ર. કલ્પોપપન્ન કોને કહે છે?**

ઉ. જેમાં ઇન્દ્રાદિકોની કલ્પના હોય તેને કલ્પોપપન્ન કહે છે.

**૫૬૦ પ્ર. કલ્પાતીત કોને કહે છે?**

ઉ. જેમાં ઇન્દ્રાદિકોની કલ્પના ન હોય તેને કલ્પાતીત કહે છે.

**૫૬૧ પ્ર. કલ્પોપપન્ન દેવોના કેટલા ભેદ છે?**

ઉ. સોળ-૧ સૌધર્મ, ૨ ઐશાન, ૩ સાનત્કુમાર, ૪ માહેન્દ્ર, ૫ બ્રહ્મ, ૬ બ્રહ્મોત્તર, ૭ લાંતવ, ૮ કાપિષ્ટ, ૯ શુક્ર, ૧૦ મહાશુક્ર, ૧૧ સતાર, ૧૨ સહ-

સ્રાર, ૧૩ આનત, ૧૪ પ્રાણુત, ૧૫ આરણ, અને ૧૬ અચ્યુત.

**૫૬૨ પ્ર. કલ્પાતીત દેવોના કેટલા ભેદ છે?**

ઉ. ૨૩ છેઃ—નવ ગ્રૈવેયક, નવ અનુદિશ, પાંચ પંચોત્તર ( વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધિ ).

**૫૬૩ પ્ર. નારકીઓના વિશેષ ભેદ કેટલા છે?**

ઉ. પૃથિવિયોની અપેક્ષાએ સાત ભેદ છે.

**૫૬૪ પ્ર. સાત પૃથિવિયોનાં નામ કયા કયા છે?**

ઉ. રત્નપ્રભા (ઘર્મા), શર્કરાપ્રભા ( વંશા ), વાલુકાપ્રભા [ મેઘા ], પંકપ્રભા, ( અંજના ), ધૂમપ્રભા [અરિષ્ટા], તમઃપ્રભા [મઘવી], મહાતમઃપ્રભા [માઘવી].

**૫૬૫ પ્ર. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને રહેવાનું સ્થાન ક્યાં છે?**

ઉ. સર્વલોક.

**૫૬૬ પ્ર. બાદર એકેન્દ્રિય જીવો ક્યાં રહે છે?**

ઉ. બાદર એકેન્દ્રિય જીવ કોઈપણ આધારનું

નિમિત્ત પ્રાપ્ત કરીને નિવાસ કરે છે.

૫૬૭ **પ્ર. ત્રસ જીવ ક્યાં રહે છે ?**

ઉ. ત્રસ જીવ ત્રસનાલીમાં જ રહે છે.

૫૬૮ **પ્ર. વિકલત્રય જીવ ક્યાં રહે છે ?**

ઉ. વિકલત્રય જીવ કર્મભૂમિ અને અન્તના અર્ધ દ્વીપ તથા અંતના સ્વયંભૂરમણ સમુદ્રમાં જ રહે છે.

૫૬૯ **પ્ર. પંચેન્દ્રિય તિર્યંચ ક્યાં ક્યાં રહે છે ?**

ઉ. તિર્યક્ લોકમાં રહે છે, પરન્તુ જલચર તિર્યંચ લવણ સમુદ્ર, કાલોદધિ સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્રના સિવાય અન્ય સમુદ્રોમાં નથી.

૫૭૦ **પ્ર. નારકી જીવો ક્યાં રહે છે ?**

ઉ. નારકી જીવો અધોલોકની સાત પૃથિવિયોમાં [ નરકોમાં ] રહે છે

૫૭૧ **પ્ર. ભવનવાસી અને વ્યન્તર દેવો ક્યાં રહે છે ?**

ઉ. પહેલી પૃથિવીના ખરભાગ[૧] અને પંકભા-

---

૧. પહેલી રત્નપ્રભા પૃથિવીના ત્રણ ભાગ છે. તેમાંથી ઉપરના ખરભાગમાં ચિત્રા, વજ્રા વૈડૂર્યાઆદિ

ગમાં[૨] તથા તિર્યક્લોકમાં રહે છે.

૫૭૨ **પ્ર. જ્યોતિષ્ક દેવ કયાં રહે છે?**

ઉ. પૃથિવીથી સાતસો નેવું યોજનની ઊંચાઈથી નવસો યોજનની ઊંચાઈસુધી એટલે એકસોદશ યોજન આકાશમાં એક રાજૂમાત્ર તિર્યક્ લોકમાં જ્યોતિષ્ક દેવ નિવાસ કરે છે.

૫૭૩ **પ્ર. વૈમાનિક દેવ કયાં રહે છે?**

---

એક એક હજાર યોજનની ૧૬ પૃથિવીઓ છે, તેમાંથી ઉપરની એક અને નીચેની એક એમ બે પૃથિવીઓ છોડીને વચલી ૧૪ પૃથિવીઓમાં કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ યક્ષ, ભૂત અને પિશાચ એ સાત પ્રકારના વ્યન્તરોનો તથા નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દીપકુમાર અને દિક્કુમાર એ નવ પ્રકારના ભવનવાસી દેવોનો નિવાસ છે. અને ખરભાગની નીચેઃ—

(૨) ૮૪૦૦૦ મોટો પંકભાગ છે, તેમાં અસુરકુમાર અને રાક્ષસ દેવોનો નિવાસ છે.

ઉ. ઊર્ધ્વલોકમાં.

૫૭૪ **પ્ર. મનુષ્ય ક્યાં રહે છે?**

ઉ. નરલોકમાં.

૫૭૫ **પ્ર. લોકના કેટલા ભેદ છે?**

ઉ. ત્રણ છેઃ–ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક.

૫૭૬ **પ્ર. અધોલોક કોને કહે છે?**

ઉ. મેરુપર્વતની નીચે સાત રજ્જુ અધોલોક છે.

૫૭૭ **પ્ર. ઊર્ધ્વલોક કોને કહે છે?**

ઉ. મેરુના ઉપર લોકના અંતપર્યન્ત ઊર્ધ્વ-લોક છે.

૫૭૮ **પ્ર. મધ્યલોક કોને કહે છે?**

ઉ. એક લાખ ચાલીશ યોજન મેરુની ઊંચાઈની બરાબર મધ્ય લોક છે.

૫૭૯ **પ્ર. મધ્યલોકનું વિશેષ સ્વરૂપ શું છે?**

ઉ. મધ્યલોકના અત્યન્ત મધ્યમાં એક લાખ [1]યોજન લાંબો પહોળો ગોળ (થાળીની માફક)

---

૧. અહિં એક યોજન બે હજાર કોશનો જાણવો.

જમ્બૂદ્વીપ છે. જમ્બૂદ્વીપના મધ્યમાં એક લાખ યોજન ઊંચો સુમેરુ પર્વત છે, જેનું એક હજાર યોજન જમીનની અંદર મૂળ છે. ૯૯ હજાર યોજન પૃથિવીના ઊપર છે અને ચાલીશ યોજનની ઊંચી ચૂલિકા ( ચોટી ) છે. જમ્બૂદ્વીપના મધ્યમાં પૂર્વ પશ્ચિમ તરફ લાંબા ૭[૨] કુલાચલ પર્વત પડેલા છે, જેનાથી જમ્બૂદ્વીપના સાત ખંડ થઈ ગયા છે. તે સાતે ખંડોનાં નામ આવી રીતે છે–ભરત, હૈમવત, હરિવર્ષ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત, અને ઐરાવત. વિદેહક્ષેત્રમાં મેરુથી ઉત્તર દિશામાં ઉત્તરકુરુ અને દક્ષિણ દિશામાં દેવકુરુ છે. જમ્બૂદ્વીપની ચારે બાજુએ ખાઈની માફક લપેટાયેલો બે લાખ યોજનનો પહોળો લવણ સમુદ્ર છે. લવણ સમુદ્રને ચારે તરફથી લપેટાયેલો ચાર લાખ યોજન પહોળો ધાતકીખંડ દ્વીપ છે.

આ ધાતકીખંડ દ્વીપમાં બે મેરુ પર્વત છે. અને

---

(૨) હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુકમી, અને શીખરી,–એ ૭ કુલાચલ છે.

ક્ષેત્ર, કુલાચલાદિની સંપૂર્ણ રચના જમ્બૂદ્વીપથી બમણી છે. ધાતકીખંડને ચારે તરફ લપેટાયેલો આઠ લાખ યોજનનો પહોળો કાલોદધિ સમુદ્ર છે. અને કાલોદધિ સમુદ્રને લપેટાયેલો સોળ લાખ યોજન પહોળો પુષ્કરદ્વીપ છે. પુષ્કરદ્વીપની મધ્યમાં કંકણના આકારે ગોળ અને પૃથિવીપર વિસ્તાર એક હજાર બાવીસ યોજન, મધ્યમાં સાતસો તેવીસ યોજન, ઉપર ચારસો ચોવીસ યોજન અને ઊંચો સત્તરસો એકવીશ યોજન અને જમીનની અંદર ચારસો ત્રીશ યોજન ને એક કોશ જેની જડ છે ( મૂળ છે ) એવો માનુષોત્તર નામનો પર્વત પડેલો છે, જેનાથી પુષ્કરદ્વીપના બે ખંડ થઈ ગયા છે. પુષ્કરદ્વીપના પહેલા અર્ધા ભાગમાં જમ્બૂદ્વીપથી બમણી બમણી અર્થાત્ ધાતકીખંડ દ્વીપની બરાબર બધી રચના છે. જમ્બૂદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને પુષ્કરાર્ધ-દ્વીપ તથા લવણસમુદ્ર અને કાળોદધિ સમુદ્ર એટલા ક્ષેત્રને નરલોક કહે છે. પુષ્કરદ્વીપથી આગળ પરસ્પર એક બીજાને લપેટાયલા બમણાબમણા વીસ્તારવાળા મધ્ય લોકના અન્ત સુધી દ્વીપ અને સમુદ્ર છે.

પાંચ મેરુ સંબંધી પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરાવતક્ષેત્ર, દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને પાંચ વિદેહક્ષેત્ર એવી રીતે સર્વ મળીને ૧૫ કર્મભૂમિ છે. પાંચ હૈમવત અને પાંચ હૈરણ્યવત એ દશ ક્ષેત્રોમાં જઘન્ય ભોગભૂમિ છે. પાંચ હરિ અને પાંચ રમ્યક એ દશ ક્ષેત્રોમાં મધ્યમ ભોગભૂમિ છે. અને પાંચ દેવકુરુ તથા પાંચ ઉત્તરકુરુ એ દશ ક્ષેત્રોમાં ઉત્તમ ભોગભૂમિ છે. જ્યાં અસિ, મસિ, કૃષિ, સેવા, શિલ્પ અને વાણિજ્ય એ ૭ કર્મોની પ્રવૃત્તિ છે, તેને કર્મભૂમિ કહે છે.

જ્યાં એ ૭ કર્મોની પ્રવૃત્તિ હોતી નથી, તેને ભોગભૂમિ કહે છે. મનુષ્યક્ષેત્રથી બહારના સમસ્ત દ્વીપોમાં જઘન્ય ભોગભૂમિ જેવી રચના છે, પરન્તુ અન્તિમ સ્વયંભૂરમણ દ્વીપના ઉત્તરાર્દ્ધમાં તથા સમસ્ત સ્વયંભૂરમણ સમુદ્રમાં અને ચારે ખુણાની પૃથિવીઓમાં કર્મભૂમિ જેવી રચના છે. લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્રમાં ૯૬ અન્તર્દ્વીપ છે, જેમાં કુભોગભૂમિની રચના છે. ત્યાં મનુષ્ય જ રહે છે, તેમાં

મનુષ્યોની આકૃતિયો નાના પ્રકારની કુત્સિત છે.

ઇતિ ચતુર્થોઽધ્યાયઃ સમાપ્તઃ ।

## અથ પંચમોઽધ્યાયઃ પ્રારભ્યતે

**૫૮૦ પ્ર. સંસારમાં સમસ્ત પ્રાણી સુખને ચાહે છે અને સુખનો જ ઉપાય કરે છે, પરન્તુ સુખને પ્રાપ્ત કેમ થતા નથી ?**

ઉ. સંસારી જીવ (ખરા) અસલી સુખનું સ્વરૂપ અને તેનો ઉપાય જાણતા નથી અને તેનું સાધન પણ કરતા નથી, તેથી ખરા સુખને પ્રાપ્ત થતા નથી.

**૫૮૧ પ્ર. અસલી સુખનું સ્વરૂપ શું છે ?**

ઉ. આલ્હાદસ્વરૂપ જીવના અનુજીવી ગુણને અસલી સુખ કહે છે. એજ જીવનો ખાસ સ્વભાવ છે, પરન્તુ સંસારી જીવોએ ભ્રમવશ સાતાવેદનીય કર્મના ઉદયજનિત તે ખરા સુખના વૈભાવિક પરિણતિરૂપ સાતાપરિણામને જ સુખ માની રાખ્યું છે.

**૫૮૨ પ્ર. સંસારી જીવને અસલી સુખ કેમ મળતું નથી?**

ઉ. કર્મોએ તે સુખને દાબી રાખ્યું છે, એ કારણથી અસલી સુખ સંસારી જીવને મળતું નથી.

**૫૮૩ પ્ર. સંસારી જીવને અસલી સુખ ક્યારે મળે છે?**

ઉ. સંસારી જીવને ખરું સુખ મોક્ષ થવાથી મળે છે.

**૫૮૪ પ્ર. મોક્ષનું સ્વરૂપ શું છે?**

ઉ. આત્માથી સમસ્ત કર્મોના વિપ્રમોક્ષને ( અત્યન્ત વિયોગને ) મોક્ષ કહે છે.

**૫૮૫ પ્ર. તે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય કયો છે?**

ઉ. મોક્ષની પ્રાપ્તિનો ઉપાય સંવર અને નિર્જરા છે.

**૫૮૬ પ્ર. સંવર કોને કહે છે?**

ઉ. આસ્રવના નિરોધને સંવર કહે છે અર્થાત્ અનાગત ( નવીન ) કર્મોનો આત્માની સાથે સંબંધ

ન થવાને સંવર કહે છે.

**૫૮૭ પ્ર. નિર્જરા કોને કહે છે?**

ઉ. આત્માનો પૂર્વથી બાંધેલા કર્મોથી સંબંધ છૂટવાને નિર્જરા કહે છે.

**૫૮૮ પ્ર. સંવર અને નિર્જરા થવાનો ઉપાય શું છે?**

ઉ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે પૂર્ણ ગુણોની ઐક્યતા જ સંવર અને નિર્જરા થવાનો ઉપાય છે.

**૫૮૯ પ્ર. એ ત્રણે પૂર્ણ ગુણોની ઐક્યતા એક સાથે થાય છે કે અનુક્રમથી થાય છે?**

ઉ. અનુક્રમથી થાય છે.

**૫૯૦ પ્ર. એ ત્રણે પૂર્ણ ગુણોની ઐક્યતા થવાનો ક્રમ કેવી રીતે છે?**

ઉ. જેમ જેમ ગુણસ્થાન વધે છે, તેમ જ એ ગુણો પણ વધતા વધતા અંતમાં પૂર્ણ થાય છે.

**૫૯૧ પ્ર. ગુણસ્થાન કોને કહે છે?**

ઉ. મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યકચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થાવિશેષને ગુણસ્થાન કહે છે.

**૫૯૨ પ્ર. ગુણસ્થાનના કેટલા ભેદ છે?**

ઉ. ચૌદ ભેદ છેઃ–૧ મિથ્યાત્વ, ૨ સાસાદન, ૩ મિશ્ર, ૪ અવિરતસમ્યગ્દષ્ટિ, ૫ દેશવિરત, ૬ પ્રમત્તવિરત, ૭ અપ્રમત્તવિરત, ૮ અપૂર્વકરણ, ૯ અનિવૃત્તિકરણ, ૧૦ સુક્ષ્મસામ્પરાય, ૧૧ ઉપશાન્તમોહ, ૧૨ ક્ષીણમોહ, ૧૩ સયોગકેવલી, ૧૪ અયોગકેવલી એ ચૌદ ગુણસ્થાન છે.

**૫૯૩ પ્ર. ગુણસ્થાનોનાં આ નામ પડવાનું કારણ શું છે?**

ઉ. ગુણસ્થાનોનાં આ નામ પડવાનું કારણ મોહનીયકર્મ અને યોગ છે.

**૫૯૪ પ્ર. કયા કયા ગુણસ્થાનનું કયું નિમિત્ત છે?**

ઉ. આદિના ચાર ગુણસ્થાન તો દર્શનમોહનીય કર્મના નિમિત્તથી છે. પાંચમા ગુણસ્થાનથી માંડીને

બારમા ગુણસ્થાન પર્યન્ત આઠ ગુણસ્થાન ચારિત્ર-મોહનીયકર્મના નિમિત્તથી છે. અને તેરમું અને ચૌદમું ગુણસ્થાન યોગોના નિમિત્તથી છે. ભાવાર્થ—પહેલું મિથ્યાત્વગુણસ્થાન દર્શનમોહનીયકર્મના ઉદયથી થાય છે તેમાં આત્માના પરિણામ મિથ્યાત્વરૂપ થાય છે.

ચોથું ગુણસ્થાન દર્શનમોહનીયકર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમના નિમિત્તથી થાય છે. આ ગુણસ્થાનમાં આત્માના સમ્યગ્દર્શન ગુણનો પ્રાદુર્ભાવ થઈ જાય છે.

ત્રીજું સમ્યગ્મિથ્યાત્વ (મિશ્ર) ગુણસ્થાન દર્શન-મોહનીયકર્મના ઉદયથી સમ્યગ્મિથ્યાત્વરૂપ થાય છે. આ ગુણસ્થાનમાં આત્માના પરિણામ સમ્યગ્મિથ્યાત્વ અથવા ઉભયરૂપ થાય છે.

પહેલા ગુણસ્થાનમાં ઔદયિકભાવ, ચોથા ગુણ-સ્થાનમાં ઔપશમિક, ક્ષાયિક અથવા ક્ષાયોપશમિક-ભાવ અને ત્રીજા ગુણસ્થાનમાં ઔદાયિકભાવ થાય છે. પરન્તુ બીજું ગુણસ્થાન દર્શનમોહનીય કર્મની ઉદય,

ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ એ ચાર અવસ્થાઓ-માંથી કોઈ પણ અવસ્થાની અપેક્ષા રાખતું નથી, તેથી અહિયાં દર્શનમોહનીયકર્મની અપેક્ષાથી પારિ-ણામિક ભાવ છે, કિન્તુ અનન્તાનુબંધીરૂપ ચારિત્ર-મોહનીયકર્મનો ઉદય હોવાથી આ ગુણસ્થાનમાં ચારિત્રમોહનીયકર્મની અપેક્ષાથી ઔદાયિકભાવ પણ કહી શકાય છે. આ ગુણસ્થાનમાં અનન્તાનુબંધીના ઉદયથી સમ્યક્ત્વનો ઘાત થઈ ગયો છે, તેથી અહિયાં સમ્યક્ત્વ નથી અને મિથ્યાત્વનો પણ ઉદય આવ્યો નથી. તેથી મિથ્યાત્વ અને સમ્યક્ત્વની અપેક્ષાથી અનુદયરૂપ છે.

પાંચમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી (દેશવિરત, પ્રમત્તવિરત, અપ્રમત્તવિરત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય એ) ૭ ગુણસ્થાન ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે. તેથી આ ગુણસ્થાનોમાં ક્ષાયોપશમિક ભાવ થાય છે. આ ગુણસ્થાનોમાં સમ્યક્ચારિત્ર ગુણની અનુક્રમે વૃદ્ધિ થતી જાય છે.

અગિયારમું ઉપશાંતમોહ ગુણસ્થાન ચારિત્રમોહનીય કર્મના ઉપશમથી થાય છે, તેથી અગિયારમા ગુણસ્થાનમાં ઔપશમિક ભાવ થાય છે. જો કે અહિયાં ચારિત્રમોહનીય કર્મનો પૂર્ણતયા ઉપશમ થઈ ગયો છે, તોપણ યોગનો સદ્ભાવ હોવાથી પૂર્ણ ચારિત્ર નથી. કેમકે સમ્યક્ચારિત્રના લક્ષણમાં યોગ અને કષાયના અભાવથી સમ્યક્ચારિત્ર થાય છે, એવું લખ્યું છે.

બારમું ક્ષીણમોહ ગુણસ્થાન ચારિત્ર મોહનીય કર્મના ક્ષયથી થાય છે તેથી અહિયાં ક્ષાયિક ભાવ થાય છે. આ ગુણસ્થાનમાં પણ અગિયારમા ગુણસ્થાનની માફક સમ્યક્ચારિત્રની પૂર્ણતા નથી. સમ્યગ્જ્ઞાન ગુણ જો કે ચોથા ગુણસ્થાનમાં જ પ્રગટ થઈ ચુક્યો હતો. ભાવાર્થ- જો કે આત્માનો જ્ઞાનગુણ અનાદિકાળથી પ્રવાહરૂપ ચાલી આવી રહ્યો છે, તોપણ દર્શનમોહનીય કર્મનો ઉદય થવાથી તે જ્ઞાન મિથ્યારૂપ હતું. પરન્તુ ચોથા ગુણસ્થાનમાં જ્યારે દર્શનમોહનીયકર્મના

ઉદયનો અભાવ થઈ ગયો, ત્યારે તેજ આત્માનો જ્ઞાનગુણ સમ્યગ્જ્ઞાન કહેવાવા લાગ્યો અને પંચમાદિ ગુણસ્થાનોમાં તપશ્ચરણાદિના નિમિત્તથી અવધિ, મનઃપર્યય જ્ઞાન પણ કોઈ કોઈ જીવને પગટ થઈ જાય છે તથાપિ કેવલજ્ઞાનના થયા વિના સમ્યગ્જ્ઞાનની પૂર્ણતા થઈ શકતી નથી, તેથી આ બારમા ગુણસ્થાન-સુધી જો કે સમ્યગ્દર્શનની પૂર્ણતા થઈ ગઈ છે (કેમકે ક્ષાયિક સમ્યક્ત્વના વગર ક્ષપકશ્રેણી ચઢાતી નથી અને ક્ષપકશ્રેણીના વગર બારમા ગુણસ્થાને જાય નહિ.) તોપણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ગુણ અત્યાર સુધી અપૂર્ણ છે, તેથી અત્યારસુધી મોક્ષ થતો નથી.

તેરમું સયોગ કેવલી ગુણસ્થાન યોગોના સદ્ભા-વની અપેક્ષાથી થાય છે, તેથી તેનું નામ સયોગ અને કેવળજ્ઞાનના નિમિત્તથી સયોગ કેવળી છે. આ ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાનની પૂર્ણતા થઈ જાય છે, પરન્તુ ચારિત્ર ગુણની પૂર્ણતા ન હોવાથી, મોક્ષ થતો નથી

ચૌદમું અયોગકેવળી ગુણસ્થાન યોગોના અભાવની અપેક્ષાએ છે તેથી તેનું નામ અયોગકેવળી છે. આ ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે ગુણોની પૂર્ણતા થઈ જાય છે, તેથી મોક્ષ પણ હવે દૂર રહ્યો નથી. અર્થાત્ અ, ઇ, ઉ, ઋ, લૃ એ પાંચ હ્રસ્વ સ્વરોને ઉચ્ચાર કરવામાં જેટલો વખત લાગે છે તેટલા જ વખતમાં મોક્ષ થઈ જાય છે.

**૫૯૫ પ્ર. મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે ?**

ઉ. મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી અતત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ આત્માના પરિણામ વિશેષને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે. આ મિથ્યાત્વ ગુણસ્થાનમાં રહેવાવાળો જીવ વિપરીત શ્રદ્ધાન કરે છે અને સાચા ધર્મ તરફ તેની રુચિ ( પ્રીતિ ) હોતી નથી. જેમકે પિત્તજ્વરવાળા રોગીને દૂધ વગેરે રસ કડવા લાગે છે, તેવી જ રીતે, તેને પણ સત્ય ધર્મ સારો લાગતો નથી.

**૫૯૬ પ્ર. મિથ્યાત્વ ગુણસ્થાનમાં કઈ કઈ પ્રકૃતિયોને બંધ થાય છે ?**

ઉ. કર્મની ૧૪૮ પ્રકૃતિયોમાંથી સ્પર્શાદિ ૨૦ પ્રકૃતિયોનો અભેદ વિવક્ષાથી સ્પર્શાદિક ચારમાં અને બંધન ૫, અને સંઘાત ૫ ની અભેદ વિવક્ષાથી પાંચે શરીરોમાં અન્તર્ભાવ થાય છે, તેથી ભેદ વિવક્ષાથી સર્વ ૧૪૮ અને અભેદ વિવક્ષાથી ૧૨૨ પ્રકૃતિયો છે. સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિ એ બે પ્રકૃતિયોનો બંધ થતો નથી કેમકે એ બન્ને પ્રકૃતિયોની સત્તા સમ્યક્ત્વ પરિણામોથી મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ખંડ કરવાથી થાય છે, તેથી અનાદિ મિથ્યાદષ્ટિ જીવની બન્ધયોગ પ્રકૃતિ ૧૨૦ અને સત્ત્વયોગપ્રકૃતિ ૧૪૬ છે. મિથ્યાત્વ ગુણસ્થાનમાં તીર્થંકરપ્રકૃતિ, આહારક શરીર અને આહારક આંગોપાંગ એ ત્રણ પ્રકૃતિયોનો બંધ થતો નથી; કેમકે એ ત્રણ પ્રકૃતિયોનો બંધ સમ્યગ્દષ્ટિઓનેજ થાય છે, તેથી આ ગુણસ્થાનમાં ૧૨૦ માંથી ત્રણ ઘટાડવાથી ૧૧૭ પ્રકૃતિઓનો બંધ થાય છે.

**૫૯૭ પ્ર. મિથ્યાત્વ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. મિથ્યાત્વ ગુણસ્થાનમાં, સમ્યક્પ્રકૃતિ, સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિ, આહારક શરીર, આહારક અંગોપાંગ અને તીર્થંકર પ્રકૃતિ એ પાંચ પ્રકૃતિયોનો આ ગુણસ્થાનમાં ઉદય થતો નથી, તેથી ૧૨૨ પ્રકૃતિયોમાંથી પાંચ ઘટાડવાથી ૧૧૭ પ્રકૃતિયોનો ઉદય પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં થાય છે.

**૫૯૮ પ્ર. મિથ્યાત્વ ગુણસ્થાનમાં સત્તા (સત્ત્વ) કેટલી પ્રકૃતિયોની રહે છે?**

ઉ. મિથ્યાત્વ ગુણસ્થાનમાં ૧૪૮ પ્રકૃતિયોની સત્તા રહે છે.

**૫૯૯ પ્ર. સાસાદનગુણસ્થાન કોને કહે છે?**

ઉ. પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં જ્યારે વધારેમાં વધારે ૬ આવલી અને ઓછામાં ઓછો ૧ સમય બાકી રહે, તે સમયમાં કોઈ એક અન્તાનુબંધી કષાયના ઉદયથી જેનું સમ્યક્ત્વ નાશ થઈ ગયું છે, એવો જીવ સાસાદનગુણસ્થાનવાળો થાય છે.

**૬૦૦ પ્ર. પ્રથમોપશમ સમ્યક્ત્વ કોને કહે છે?**

ઉ. સમ્યક્ત્વના ત્રણ ભેદ છે–દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ અને અનન્તાનુબંધીની ૪ પ્રકૃતિ એવી રીતે સાત પ્રકૃતિયોનો ઉપશમ થવાથી જે ઉત્પન્ન થાય, તેને ઉપશમ સમ્યક્ત્વ કહે છે. અને એ સાતે પ્રકૃતિયોનો ક્ષય થવાથી જે ઉત્પન્ન થાય, તેને ક્ષાયિકસમ્યક્ત્વ કહે છે. અને ૭ પ્રકૃતિયોના અનુદય અને સમ્યક્પ્રકૃતિ નામના મિથ્યાત્વના ઉદયથી જે ઉત્પન્ન થાય, તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહે છે.

ઉપશમ સમ્યક્ત્વના બે ભેદ છે. પ્રથમોપશમસમ્યક્ત્વ, અને દ્વીતિયોપશમસમ્યક્ત્વ. અનાદિ મિથ્યાદૃષ્ટિની પાંચ અને સાદિ મિથ્યાદૃષ્ટિની સાત પ્રકૃતિયોના ઉપશમથી ઉત્પન્ન થાય, તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે.

**૧૦૧ પ્ર. દ્વીતીયોપશમ સમ્યક્ત્વ કોને કહે છે?**

ઉ. સાતમા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રેણી ચઢવાની સન્મુખ અવસ્થામાં અનન્તાનુબંધી ચતુષ્ટયનું વિસંયોજન (અપ્રત્યાખ્યાના-

દિરૂપ ) કરીને દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિયોનો ઉપશમ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તેને દ્વીતીયોપશમ સમ્યક્ત્વ કહે છે.

**૧૦૨ પ્ર. આવલી કોને કહે છે ?**

ઉ. અસંખ્યાત સમયની એક આવલી થાય છે.

**૧૦૩ પ્ર. સાસાદનગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે ?**

ઉ. પહેલા ગુણસ્થાનમાં જે ૧૧૭ પ્રકૃતિયોનો બંધ થાય છે તેમાંથી મિથ્યાત્વગુણસ્થાનમાં જેની વ્યુચ્છિત્તિ છે, એવી સોળ પ્રકૃતિયો ઘટાડવાથી ૧૦૧ પ્રકૃતિયોનો બંધ સાસાદનગુણસ્થાનમાં થાય છે. તે સોળ પ્રકૃતિનાં નામ–મિથ્યાત્વ, હુંડકસંસ્થાન, નપુંસકવેદ, નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, નરકાયુ, અસંપ્રાપ્તાસ્રપાટિકાસંહનન, એકેન્દ્રિયજાતિ, વિકલત્રય જાતિ ત્રણ, સ્થાવર, આતાપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ એ સોળ છે.

**૧૦૪ પ્ર. વ્યુચ્છિત્તિ કોને કહે છે ?**

ઉ. જે ગુણસ્થાનમાં કર્મપ્રકૃતિયોનો બંધ, ઉદય અથવા સત્ત્વ (સત્તા) ની વ્યુચ્છિત્તિ કહી હોય, તે ગુણસ્થાન સુધી જ તે પ્રકૃતિયોનો બંધ, ઉદય અથવા સત્તા પ્રાપ્ત થાય છે. આગળના કોઈ પણ ગુણસ્થાનમાં તે પ્રકૃતિયોનો બંધ, ઉદય અથવા સત્ત્વ હોતા નથી. તેને વ્યુચ્છિત્તિ કહે છે.

**૬૦૫ પ્ર. સાસાદનગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિ-તિયોનો ઉદય થાય છે?**

ઉ. પહેલા ગુણસ્થાનમાં જે ૧૧૭ પ્રકૃતિયોનો ઉદય થાય છે, તેમાંથી મિથ્યાત્વ, આતાપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ એ પાંચ મિથ્યાત્વ ગુણસ્થાનની વ્યુચ્છિન્ન પ્રકૃતિયો બાદ કરવાથી ૧૧૨ રહી, પરન્તુ નરકગત્યાનુપૂર્વીનો આ ગુણસ્થાનમાં ઉદય થતો નથી, તેથી આ ગુણસ્થાનમાં ૧૧૧ પ્રકૃતિયોનો ઉદય થાય છે.

**૬૦૬ પ્ર. સાસાદનગુણસ્થાનમાં સત્ત્વ (સત્તા) કેટલી પ્રકૃતિયોની રહે છે?**

ઉ. સાસાદનગુણસ્થાનમાં ૧૪૫ પ્રકૃતિયોની સત્તા રહે છે. અહિંયા તીર્થંકર પ્રકૃતિ, આહારક શરીર, અને આહારક અંગોપાંગ એ ત્રણ પ્રકૃતિયોની સત્તા રહેતી નથી.

**૬૦૭ પ્ર. ત્રીજું મિશ્રગુણસ્થાન કોને કહે છે?**

ઉ. સમ્યગ્મિથ્યાત્વપ્રકૃતિના ઉદયથી જીવને કેવળ સમ્યક્ત્વ પરિણામ પ્રાપ્ત થતું નથી અથવા કેવળ મિથ્યાત્વરૂપ પરિણામ પણ પ્રાપ્ત થતું નથી, પરન્તુ મળેલા દહીંગોળના સ્વાદની માફક એક ભિન્ન જાતિનું મિશ્ર પરિણામ થાય છે, તેને મિશ્રગુણસ્થાન કહે છે.

**૬૦૮ પ્ર. મિશ્ર ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. બીજા ગુણસ્થાનમાં બંધ પ્રકૃતિ ૧૦૧ હતી, તેમાંથી વ્યુચ્છિન્નપ્રકૃતિ પચ્ચીસને (અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય,

ન્યગ્રોધ સંસ્થાન, સ્વાતિસંસ્થાન, કુબ્જકસંસ્થાન, વામન સંસ્થાન, વજ્રનારાચ સંહનન, નારાચસંહનન, અર્દ્ધનારાચ સંહનન, કીલિત સંહનન, અપ્રશસ્ત-વિહાયોગતિ, સ્ત્રીવેદ, નીચગોત્ર, તિર્યગ્ગતિ, તિર્યગ્ગત્યાનુપૂર્વી, તિર્યગાયુઃ અને ઉદ્યોત )ને બાદ કરવાથી બાકી રહી ૭૬; પરન્તુ આ ગુણસ્થાનમાં કોઇ પણ આયુકર્મનો બંધ થતો નથી, તેથી ૭૬ માંથી મનુષ્યાયુ અને દેવાયુ એ બન્નેને બાદ કરવાથી ૭૪ પ્રકૃતિયોનો બંધ થાય છે. નરકાયુની તો પહેલા ગુણ-સ્થાનમાં અને તિર્યગાયુની બીજા ગુણસ્થાનમાં જ વ્યુચ્છિત્તિ થઇ ચૂકી છે.

**૧૦૯ પ્ર. મિશ્રગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. બીજા ગુણસ્થાનમાં ૧૧૧ એકસો અગી-આર પ્રકૃતિયોનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃતિ નવ ( અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, એકેન્દ્રિયાદિક ૪ અને સ્થાવર ૧ ) ને બાદ

કરવાથી બાકી રહેલી ૧૦૨ માંથી નરકગત્યાનુપૂર્વી-વગર (કેમકે તે બીજા ગુણસ્થાનમાં બાદ કરેલી છે) બાકીની ત્રણ અનુપૂર્વી ઘટાડવાથી (કેમકે ત્રીજા ગુણસ્થાનમાં મરણ નહિ હોવાથી કોઈપણ અનુ-પૂર્વીનો ઉદય નથી.) બાકી રહેલી ૯૯ પ્રકૃતિ અને એક સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય અહીંયાં આવી મળ્યો, તે કારણથી આ ગુણસ્થાનમાં ૧૦૦ પ્રકૃતિ-યોનો ઉદય થાય છે.

**૬૧૦ પ્ર. મિશ્રગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોની સત્તા રહે છે?**

ઉ. ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિને છોડીને ૧૪૭ પ્રકૃતિયોની સત્તા રહે છે.

**૬૧૧ પ્ર. ચોથા અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

ઉ. દર્શનમોહનીયની ત્રણ અને અનન્તાનુબં-ધીની ચાર પ્રકૃતિ એ સાત પ્રકૃતિયોના ઉપશમ, અથવા ક્ષય અથવા ક્ષયોપશમથી અને અપ્રત્યાખ્યા-

નાવરણ ક્રોધ, માન, માયા, લોભના ઉદયથી વ્રત રહિત સમ્યક્ત્વધારી ચોથા ગુણસ્થાનવર્તી થાય છે.

**૬૧૨ પ્ર. આ ચોથા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. ત્રીજા ગુણસ્થાનમાં ૭૪ પ્રકૃતિયોનો બંધ થાય છે, જેમાં મનુષ્યાયુ, દેવાયુ અને તીર્થંકર પ્રકૃતિ એ ત્રણ સહિત ૭૭ પ્રકૃતિયોનો બંધ આ ચોથામાં થાય છે.

**૬૧૩ પ્ર. ચોથા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. ત્રીજા ગુણસ્થાનમાં ૧૦૦ પ્રકૃતિયોનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃતિ સમ્યગ્મિથ્યાત્વ બાદ કરવાથી ૯૯ રહી, તેમાં ચાર અનુપૂર્વી અને એક સમ્યક્પ્રતિમિથ્યાત્વ એ પાંચ પ્રકૃતિયો ઉમેરવાથી ૧૦૪ પ્રકૃતિયોનો ઉદય થાય છે.

**૬૧૪ પ્ર. ચોથા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોની સત્તા રહે છે?**

ઉ. સર્વની; અર્થાત્ ૧૪૮ પ્રકૃતિયોની; પરન્તુ

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ૧૪૧ પ્રકૃતિયોની જ સત્તા છે.

**૬૧૫ પ્ર. પાંચમા દેશવિરત ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

ઉ. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા લોભના ઉદયથી જો કે સંયમભાવ થતો નથી, તોપણ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભના ઉપશમથી શ્રાવકવ્રતરૂપ દેશચારિત્ર થાય છે, તેને જ દેશવિરત નામે પાંચમું ગુણસ્થાન કહે છે. પાંચમું આદિ ઉપરના સર્વ ગુણસ્થાનોમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનું અવિનાભાવી સમ્યગ્જ્ઞાન અવશ્ય થાય છે, એના વિના પાંચમા છઠ્ઠા વગેરે ગુણસ્થાનો થતાં નથી.

**૬૧૬ પ્ર. પાંચમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. ચોથા ગુણસ્થાનમાં જે ૭૭ પ્રકૃતિયોનો બંધ કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિન્ન ૧૦ (અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, મનુષ્યાયુ, ઔદારિક શરીર,

ઔદારિક અંગોપાંગ, વજ્રઋષભનારાચ સંહનન)ને બાદ કરવાથી બાકી રહેલી ૬૭ પ્રકૃતિયોનો બંધ થાય છે.

**૬૧૭ પ્ર. પાંચમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. ચોથા ગુણસ્થાનમાં જે ૧૦૪ પ્રકૃતિયોનો ઉદય કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃતિ ૧૭ [ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, દેવાયુ, નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, નરકાયુ, વૈક્રિયિકશરીર, વૈક્રિયિકઅંગોપાંગ, મનુષ્યગત્યાનુપૂર્વી, તિર્યગ્ગત્યાનુપૂર્વી, દુર્ભગ, અનાદેય, અપયશસ્કીર્તિ ]ને બાદ કરવાથી બાકી રહેલી ૮૭ પ્રકૃતિયોનો ઉદય છે.

**૬૧૮ પ્ર. પાંચમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોની સત્તા રહે છે?**

ઉ. ચોથા ગુણસ્થાનમાં જે ૧૪૮ ની સત્તા રહેવાનું કહ્યું છે, તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃતિ એક નરકાયુ વગર ૧૪૭ પ્રકૃતિની સત્તા રહે છે, પરન્તુ

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ ૧૪૦ પ્રકૃતિની જ સત્તા રહે છે.

**૧૧૯ પ્ર. છઠ્ઠા પ્રમત્તવિરત નામના ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

ઉ. સંજ્વલન અને નોકષાયના તીવ્ર ઉદયથી સંયમભાવ તથા મલજનક પ્રમાદ એ બન્ને ય એક સાથે થાય છે. [જો કે સંજ્વલન અને નોકષાયનો ઉદય ચારિત્ર ગુણનો વિરોધી છે, તથાપિ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉપશમ થવાથી પ્રાદુર્ભૂત સકલ સંયમને ઘાતવામાં સમર્થ નથી, તેથી ઉપચારથી સંયમનો ઉત્પાદક કહ્યો છે.] તેથી આ ગુણસ્થાનવર્તી મુનિને પ્રમત્તવિરત અર્થાત્ ચિત્રલાચરણી કહે છે.

**૧૨૦ પ્ર. છઠ્ઠા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે.**

ઉ. પાંચમા ગુણસ્થાનમાં જે ૬૭ પ્રકૃતિયોનો બંધ થાય છે, તેમાંથી પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ એ ચાર વ્યુચ્છિન્ન પ્રકૃતિયો બાદ કર-

વાથી બાકી રહેલી ૬૩ પ્રકૃતિયોનો બંધ થાય છે.

**૬૨૧ પ્ર. છઠ્ઠા ગુણુસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. પાંચમા ગુણુસ્થાનમાં ૮૭ પ્રકૃતિયોનો ઉદય કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃતિ આઠ (પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ, તિર્યંગ્ગતિ, તિર્યંગાયુ, ઉદ્યોત, અને નીચગોત્ર)ને ઘટાડવાથી બાકી રહેલી ૭૯ પ્રકૃતિયોમાં આહારક શરીર, અને આહારક અંગોપાંગ એ બે પ્રકૃતિ ઉમેરવાથી ૮૧ પ્રકૃતિયોનો ઉદય થાય છે.

**૬૨૨ પ્ર. છઠ્ઠા ગુણુસ્થાનમાં કેટલી પ્રકૃતિયોની સત્તા છે?**

ઉ. પાંચમા ગુણુસ્થાનમાં ૧૪૭ પ્રકૃતિયોની સત્તા કહી છે, તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃત્તિ એક તિર્યંગાયુને ઘટાડવાથી ૧૪૬ પ્રકૃતિયોની સત્તા રહે છે, પરન્તુ ક્ષાયિકસમ્યગ્દષ્ટિને ૧૩૯ની જ સત્તા છે.

**૬૨૩ પ્ર. સાતમા અપ્રમત્તવિરત નામના ગુણુસ્થાનનું સ્વરૂપ શું છે?**

ઉ. સંજ્વલન અને નોકષાયનો મંદ ઉદય થવાથી પ્રમાદરહિત સંયમભાવ થાય છે, તે કારણથી આ ગુણસ્થાનવર્ત્તી મુનિને અપ્રમત્તવિરત કહે છે.

**૬૨૪ પ્ર. અપ્રમત્તવિરતગુણસ્થાનના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે:-સ્વસ્થાન અપ્રમત્તવિરત, અને સાતિશય અપ્રમત્તવિરત.

**૬૨૫ પ્ર. સ્વસ્થાનઅપ્રમત્તવિરત કોને કહે છે?**

ઉ. જે હજારો વખત છટ્ઠાથી સાતમામાં અને સાતમામાંથી છટ્ઠા ગુણસ્થાનમાં આવે જાય, તેને સ્વસ્થાનઅપ્રમત્ત કહે છે.

**૬૨૬ પ્ર. સાતિશય અપ્રમત્તવિરત કોને કહે છે?**

ઉ. જે શ્રેણી ચઢવાની સન્મુખ હોય, તેને સાતિશય અપ્રમત્તવિરત કહે છે.

**૬૨૭ પ્ર. શ્રેણી ચઢવાને પાત્ર કોણ છે?**

ઉ. ક્ષાયિકસમ્યગ્દષ્ટિ અને દ્વીતીયોપશમ-સમ્યગ્દષ્ટિ જ શ્રેણી ચઢે છે, પ્રથમોપશમ

સમ્યક્ત્વવાળા તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા શ્રેણી ચઢી શકતા નથી.

પ્રથમોપશમસમ્યક્ત્વવાળા જીવ પ્રથમોપશમસમ્યક્ત્વને છોડીને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થઇને પ્રથમ જ અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનું વિસંયોજન કરીને દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિયોનો ઉપશમ કરીને યા તો દ્વીતીયોપશમસમ્યગ્દષ્ટિ થઇ જાય અથવા ત્રણે પ્રકૃતિયોનો ક્ષય કરી ક્ષાયિકસમ્યગ્દષ્ટિ થઇ જાય, ત્યારે શ્રેણી ચઢવાને પાત્ર થાય છે.

**૬૨૮ પ્ર. શ્રેણી કોને કહે છે ?**

ઉ. જ્યાં ચારિત્રમોહનીયકર્મની બાકી રહેલી ૨૧ પ્રકૃતિયોનો ક્રમથી ઉપશમ તથા ક્ષય કરાય, તેને શ્રેણી કહે છે.

**૬૨૯ પ્ર. શ્રેણીના કેટલા ભેદ છે ?**

ઉ. બે ભેદ છે. ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી

**૬૩૦ પ્ર. ઉપશમશ્રેણી કોને કહે છે ?**

ઉ. જેમાં ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિયોનો ઉપશમ કરાય, તેને ઉપશમશ્રેણી કહે છે.

**૬૩૧ પ્ર. ક્ષપકશ્રેણી કોને કહે છે?**

ઉ. જેમાં ઉપરની ૨૧ પ્રકૃતિયોનો ક્ષય કરાય.

**૬૩૨ પ્ર. એ બન્ને શ્રેણિઓમાં કયા કયા જીવ ચઢે છે?**

ઉ. ક્ષાયિકસમ્યગ્દષ્ટિ તો બન્નેય શ્રેણીએ ચઢે છે. અને દ્વિતીયોપશમસમ્યગ્દષ્ટિ ઉપશમશ્રેણીએ જ ચઢે છે, ક્ષપકશ્રેણી ચઢતો નથી.

**૬૩૩ પ્ર. ઉપશમ શ્રેણીને કયા કયા ગુણસ્થાન છે?**

ઉ. ઉપશમ શ્રેણીને ચાર ગુણસ્થાન છે. આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દશમું સૂક્ષ્મસામ્પરાય અને અગીયારમું ઉપશાન્ત મોહ છે.

**૬૩૪ પ્ર. ક્ષપક શ્રેણીને કયા કયા ગુણસ્થાન છે?**

ઉ. આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દશમું સૂક્ષ્મસાંપરાય, બારમું ક્ષીણમોહ એ

ચાર ગુણસ્થાન છે.

**૬૩૫ પ્ર. ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિયોના ઉપશમભાવને તથા ક્ષય કરવાને માટે આત્માના કયા પરિણામ નિમિત્ત કારણ છે?**

ઉ. અધઃકરણ, અપૂર્વકરણ, અને અનિવૃત્તિકરણ એ ત્રણ નિમિત્ત કારણ છે.

**૬૩૬ પ્ર. અધઃકરણ કોને કહે છે?**

ઉ. જે કરણમાં (પરિણામ સમૂહમાં) ઉપરિતનસમયવર્તી તથા અધસ્તનસમયવર્તી જીવોના પરિણામ સદશ તથા વિસદસ હોય, તેને અધઃકરણ કહે છે. તે અધઃકરણ સાતમા ગુણસ્થાનમાં થાય છે.

**૬૩૭ પ્ર. અપૂર્વકરણ કોને કહે છે?**

ઉ. જે કરણમાં ઉત્તરોત્તર અપૂર્વને અપૂર્વ પરિણામ થતાં જાય અર્થાત્ ભિન્નસમયવર્તી જીવોના પરિણામ સદા વિસદશ જ હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદશ પણ હોય અને વિસદશ પણ હોય તેને અપૂર્વકરણ કહે છે. અને એજ આઠમું ગુણસ્થાન છે.

**૬૩૮ પ્ર. અનિવૃત્તિકરણ કોને કહે છે?**

ઉ. જે કરણમાં ભિન્નસમયવર્તી જીવોના પરિણામ વિસદૃશ જ હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદૃશ જ હોય, તેને અનિવૃત્તિકરણ કહે છે. એજ નવમું ગુણસ્થાન છે. એ ત્રણેય કરણોનાં પરિણામ પ્રતિસમય અનન્તગુણી વિશુદ્ધતા માટે થાય છે.

**૬૩૯ પ્ર. અધઃકરણનું દૃષ્ટાન્ત શું છે?**

ઉ. એક દેવદત્ત નામના રાજાને ૩૦૭૨ મનુષ્ય (જે ૧૬ કચેરીઓમાં બેઠેલા) સેવક છે. પહેલી કચેરીમાં ૧૬૨ મનુષ્ય છે. બીજીમાં ૧૬૬, ત્રીજીમાં ૧૭૦, ચોથીમાં ૧૭૪, પાંચમીમાં ૧૭૮, છઠ્ઠીમાં ૧૮૨, સાતમીમાં ૧૮૬, આઠમીમાં ૧૯૦, નવમીમાં ૧૯૪, દશમીમાં ૧૯૮, અગીયારમીમાં ૨૦૨, બારમીમાં ૨૦૬, તેરમીમાં ૨૧૦, ચૌદમીમાં ૨૧૪, પંદરમીમાં ૨૧૮, અને સોળમીમાં ૨૨૨ મનુષ્ય કામ કરેછે.

પહેલી કચેરીમાં ૧૬૨ મનુષ્યોમાંથી પહેલા મનુષ્યનો પગાર રૂ. ૧), બીજાનો રૂ. ૨), ત્રીજાનો

રૂ. ૩), એવી રીતે એક એક વધતા ૧૬૨ મા મનુષ્યનો પગાર ૧૬૨) છે.

બીજી કચેરીમાં ૧૬૬ મનુષ્યો કામ કરે છે, તેમાંથી પહેલા મનુષ્યનો પગાર રૂ. ૪૦) છે. અને બીજા, ત્રીજા વગેરેના પગારમાં એક એક રુપીઓ ક્રમથી વધારતાં ૧૬૬ મા મનુષ્યનો પગાર રૂ. ૨૦૫) છે.

ત્રીજી કચેરીમાં ૧૭૦ મનુષ્યો કામ કરે છે, તેમાંથી પહેલા મનુષ્યનો પગાર રુ. ૮૦) છે અને બીજા ત્રીજા આદિ મનુષ્યોનો એક એક રૂપીઓ પગારમાં વધારતાં વધારતાં ૧૭૦મા મનુષ્યનો પગાર રૂ ૨૪૯) છે.

ચોથી કચેરીમાં ૧૭૪ મનુષ્યો કામ કરે છે. તેમાંથી પહેલા મનુષ્યોનો પગાર રૂ. ૧૨૧) છે. અને બીજા, ત્રીજા આદિ મનુષ્યોનો એક એક રૂપીઓ વધતાં ૧૭૪ મા મનુષ્યનો પગાર ૨૯૪ રૂપીઆ થાય છે; એવી રીતે ક્રમથી ૧૬મી કચેરીમાં જે ૨૨૨ મનુષ્ય નોકર છે, તેમાંથી પહેલાનો પગાર રૂ. ૬૯૧) અને ૨૨૨મા મનુષ્યનો પગાર ૯૧૨) છે. આ દષ્ટાન્તમાં

પહેલી કચેરીમાં ૩૯ મનુષ્યોનો પગાર, ઉપરની કચેરીઓના કોઈ પણ મનુષ્યના પગાર સાથે મળતો નથી. તથા છેલ્લા ૫૭ મનુષ્યોનો પગાર નીચેની કચેરીઓના કોઇપણ મનુષ્યના પગાર સાથે મળતો નથી. બાકીના પગાર ઉપર નીચેની કચેરીઓના પગારોની સાથે યથાસંભવ સદશ પણ છે. એવી રીતે યથાર્થમાં પણ ઉપરના સમય સંબંધી પરિણામો અને નીચેના સમય સંબંધી પરિણામોમાં સદશતા યથાસંભવ જાણવી. તેનું વિશેષ સ્વરૂપ ગોમટ્ટસારજીના ગુણસ્થાનાધિકારમાં તથા છાપેલા સુશીલા ઉપન્યાસના ૨૪૭ મા પાનાથી ૨૬૩ મા પાનાં સુધીમાં જોવું.

**૬૪૦ પ્ર. સાતમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. છઠ્ઠા ગુણસ્થાનમાં જે ૬૩ પ્રકૃતિયોનો બંધ કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિત્તિ પ્રકૃતિ છના (અસ્થિર, અશુભ, અસાતા, અયશસ્કીર્તિ, અરતિ અને શોક)ના ઘટવાથી બાકી રહેલી ૫૭ પ્રકૃતિમાં આહારકશરીર

અને આહારક અંગોપાંગ એ બે પ્રકૃતિયોને મેળવાથી ૫૯ પ્રકૃતિયોનો બંધ થાય છે.

**૬૪૧ પ્ર. સાતમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. છઠ્ઠા ગુણસ્થાનમાં જે ૮૧ પ્રકૃતિયોનો ઉદય કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિત્તિ પ્રકૃતિ પાંચ (આહારક શરીર, આહારક અંગોપાંગ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ) ના ઘટવાથી બાકી રહેલી ૭૬ પ્રકૃતિયોનો ઉદય થાય છે.

**૬૪૨ પ્ર. સાતમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોની સત્તા રહે છે?**

ઉ. છઠ્ઠા ગુણસ્થાનની માફક આ ગુણસ્થાનમાં પણ ૧૪૬ પ્રકૃતિયોની સત્તા રહે છે, કિન્તુ ક્ષાયિકસમ્યગ્દષ્ટિને ૧૩૯ પ્રકૃતિની જ સત્તા રહે છે.

**૬૪૩ પ્ર. આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો બંધ થાય છે?**

ઉ. સાતમા ગુણસ્થાનમાં જે ૫૯ પ્રકૃતિયોનો

બંધ કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિત્તિ પ્રકૃતિ એક દેવાયુના ઘટાડવાથી ૫૮ પ્રકૃતિયોનો બંધ થાય છે.

**૬૪૪ પ્ર આઠમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોનો ઉદય થાય છે?**

ઉ. સાતમા ગુણસ્થાનમાં જે ૭૬ પ્રકૃતિયોનો ઉદય કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિત્તિ પ્રકૃતિ ચાર (સમ્યક્પ્રકૃતિ, અર્દ્ધનારાચ, કીલક, અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન)ના ઘટાડવાથી બાકી રહેલી ૭૨ પ્રકૃતિયોનો ઉદય થાય છે.

**૬૪૫ પ્ર આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિયોની સત્તા રહે છે?**

ઉ. સાતમા ગુણસ્થાનમાં જે ૧૪૬ પ્રકૃતિયોની સત્તા કહી છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ અનન્તાનુબંધી, ક્રોધ, માન, માયા, લોભ એ ચારને ઘટાડવાથી દ્વિતીયોપશમ સમ્યગ્દૃષ્ટિ ઉપશમ શ્રેણીવાળાને તો ૧૪૨ પ્રકૃતિની સત્તા છે, પરન્તુ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ ઉપશમશ્રેણીવાળાને દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ

રહિત ૧૩૯ ની સત્તા રહે છે. અને ક્ષપકશ્રેણીવાળાને સાતમા ગુણસ્થાનની વ્યુચ્છિત્તિપ્રકૃતિ આઠ ( અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા દર્શનમોહનીયની ત્રણ અને એક દેવાયુ ) ને ઘટાડવાથી બાકી રહેલી ૧૩૮ પ્રકૃતિયોની સત્તા રહે છે.

**૬૪૬ પ્ર. નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો બંધ થાય છે?**

ઉ. આઠમા ગુણસ્થાનમાં જે ૫૮ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃત્તિ છત્રીશ ( નિદ્રા, પ્રચલા, તીર્થંકર, નિર્માણ, પ્રશસ્ત વિહાયોગતિ, પંચેન્દ્રિયજાતિ, તૈજસ શરીર, કાર્માણ શરીર, આહારક શરીર, આહારક અંગોપાંગ, સમચતુરસ્ત્ર સંસ્થાન, વૈક્રિયિકશરીર, વૈક્રિયિક અંગોપાંગ, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અગુરુલઘુત્વ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ,સુભગ, સુસ્વર, આદેય, હાસ્ય, રતિ, જુગુપ્સા, ભય ) ને ઘટાડવાથી બાકી રહેલી ૨૨

પ્રકૃતિઓનો બંધ થાય છે.

**૬૪૭ પ્ર. નવમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે?**

ઉ. આઠમા ગુણસ્થાનમાં જે ૭૨ પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ ૭ (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા ) ને ઘટાડવાથી બાકી રહેલી ૬૬ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

**૬૪૮ પ્ર. નવમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓની સત્તા રહે છે?**

ઉ. આઠમા ગુણસ્થાનની માફક આ ગુણસ્થાનમાં પણ ઉપશમશ્રેણીવાળા દ્વિતીયોપશમસમ્યગ્દ્દષ્ટિને ૧૪૨, ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ૧૩૯ પ્રકૃતિનો અને ક્ષપકશ્રેણીવાલાને ૧૩૮ પ્રકૃતિઓની સત્તા રહે છે.

**૬૪૯ પ્ર. દશમા ગુણસ્થાન સૂક્ષ્મસામ્પરાયનું સ્વરૂપ શું છે?**

ઉ. અત્યન્ત સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત લોભ કષાયના ઉદયને અનુભવ કરતા જીવને સૂક્ષ્મસામ્પરાય

નામનું દશમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

**૧૫૦ પ્ર. દશમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો બંધ થાય છે?**

ઉ. નવમા ગુણસ્થાનમાં જે ૨૨ પ્રકૃતિઓનો બંધ થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ પાંચ (પુરુષવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ) ને ઘટાડવાથી બાકી રહેલી ૧૭ પ્રકૃતિઓનો બંધ થાય છે.

**૧૫૧ પ્ર. દશમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે?**

ઉ. નવમા ગુણસ્થાનમાં જે ૬૬ પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ ૭ (સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા) ને ઘટાડવાથી બાકી રહેલી ૬૦ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

**૧૫૨ પ્ર. દશમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓની સત્તા રહે છે?**

ઉ. ઉપશમશ્રેણીમાં તો નવમા ગુણસ્થાનની મા-

૬૬ દ્વિતીયોપશમસમ્યગ્દષ્ટિને ૧૪૨ પ્રકૃતિ અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ૧૩૮ પ્રકૃતિ અને ક્ષપકશ્રેણીવાલાને નવમા ગુણસ્થાનમાં જે ૧૩૮ પ્રકૃતિઓની સત્તા રહે છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ ૩૬ (તિર્યગ્ગતિ ૧, તિર્યગ્ગત્યાનુપૂર્વી ૧, વિકલત્રયની ૩, નિદ્રાનિદ્રા ૧, પ્રચલાપ્રચલા ૧, સ્ત્યાનગૃદ્ધિ ૧, ઉદ્યોત ૧, આતપ ૧, એકેન્દ્રિય ૧, સાધારણ ૧, સૂક્ષ્મ ૧, સ્થાવર ૧. અપ્રત્યાખ્યાનાવરણની ૪, પ્રત્યાખ્યાનાવરણની ૪, નોકષાયની ૯, સંજ્વલન ક્રોધ ૧. માન ૧, માયા ૧. નરકગતિ ૧, નરકગત્યાનુપૂર્વી ૧ ) ને ઘટાડવાથી બાકી રહેલી ૧૦૨ પ્રકૃતિઓની સત્તા છે.

૬૫૩ **પ્ર. અગીઆરમા ઉપશાન્તમોહ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

ઉ ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ થવાથી યથાખ્યાતચારિત્રને ધારણ કરવાવાળા મુનિને અગ્યારમા ઉપશાન્તમોહ નામનું ગુણસ્થાન થાય છે. આ ગુણસ્થાનનો કાળ સમાપ્ત થતાં મોહનીયના ઉ-

દયથી જીવ નીચલા ગુણસ્થાનોમાં આવી જાય છે.

**૧૫૪ પ્ર. ૧૧મા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો બંધ થાય છે?**

ઉ. દશમા ગુણસ્થાનમાં જે ૧૭ પ્રકૃતિઓનો બંધ થતો હતો, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ ૧૬ એટલે જ્ઞાનાવરણની ૫. દર્શનાવરણની ૪, અન્તરાયની ૫, યશ:કીર્તિ ૧. ઉચ્ચગોત્ર ૧, એ સર્વને ઘટાડવાથી બાકી રહેલી એક માત્ર સાતાવેદનીયપ્રકૃતિનો બંધ થાય છે.

**૧૫૫ પ્ર. અગીઆરમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે?**

ઉ. દશમા ગુણસ્થાનમાં જે ૬૦ પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃત્તિ એક સંજ્વલન લોભને ઘટાડવાથી બાકી રહેલી ૫૯ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

**૧૫૬ પ્ર. અગીઆરમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓની સત્તા રહે છે?**

ઉ. નવમા ગુણસ્થાન અને દશમા ગુણસ્થાનની માફક દ્વિતીયોપશમસમ્યગ્દૃષ્ટિને ૧૪૨ પ્રકૃતિ અને ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને ૧૩૯ પ્રકૃતિઓની સત્તા રહે છે.

**૧૫૭ પ્ર. બારમા ક્ષીણમોહ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે? અને તે કોને પ્રાપ્ત થાય છે?**

ઉ. મોહનીય કર્મનો અત્યન્ત ક્ષય થવાથી સ્ફટિક ભાજનગત જળની માફક અત્યન્ત નિર્મલ અવિનાશી યથાખ્યાત ચારિત્રના ધારક મુનિને ક્ષીણમોહ નામનું બારમું ગુણસ્થાન થાય છે.

**૧૫૮ પ્ર. બારમા ગુણસ્થાનમાં બંધ કેટલી પ્રકૃતિઓનો થાય છે?**

ઉ. એક સાતાવેદનીય માત્રનો બંધ થાય છે.

**૧૫૯ પ્ર. બારમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે?**

ઉ. અગ્યારમા ગુણસ્થાનમાં જે ૫૯ પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વજ્રનારાચ અને નારાચ

એ બે વ્યુચ્છિત્તિપ્રકૃતિઓને ઘટાડવાથી ૫૭ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

**૧૬૦ પ્ર. બારમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓની સત્તા રહે છે?**

ઉ. દશમા ગુણસ્થાનમાં ક્ષપક શ્રેણીવાળાની અપેક્ષાએ ૧૦૨ પ્રકૃતિઓની સત્તા છે. તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ સંજ્વલન લોભના ઘટાડવાથી બાકીની રહેલી ૧૦૧ પ્રકૃતિઓની સત્તા રહે છે.

**૧૬૧ પ્ર. તેરમા સયોગકેવળી નામના ગુણસ્થાનનું સ્વરૂપ શું છે ? અને તે કોને પ્રાપ્ત થાય છે ?**

ઉ ઘાતીઆ કર્મોની ૪૭ (જુઓ પ્રશ્ન ૩૯૭) અને અઘાતીઆ કર્મોની ૧૬ ( નરકગતિ, તિર્યંગ્ગતિ, નરકગત્યાનુપૂર્વી, તિર્યંગ્ગત્યાનુપૂર્વી, વિકલત્રય ૩, આયુસ્ત્રિક ૩, ઉદ્યોત, આતપ, એકેન્દ્રિય, સાધારણ, સૂક્ષ્મ, અને સ્થાવર ) મળીને ૬૩ પ્રકૃતિઓનો ક્ષય થવાથી લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન તથા મનોયોગ,

વચનયોગ અને કાયયોગના ધારક અરહંત ભટ્ટારકને સયોગકેવળી નામે તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે, તેજ કેવળી ભગવાન પોતાની દિવ્યધ્વનિથી ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને સંસારમાં મોક્ષમાર્ગનો પ્રકાશ કરે છે.

**૬૬૨ પ્ર. તેરમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે?**

ઉ. એક માત્ર સાતાવેદનીયનો બંધ થાય છે.

**૬૬૩ પ્ર. તેરમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે?**

ઉ. બારમા ગુણસ્થાનમાં જે સત્તાવન પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ સોળ (જ્ઞાનાવરણની ૫, અન્તરાયની ૫, દર્શનાવરણની ૪, નિદ્રા અને પ્રચલા) ને ઘટાડવાથી બાકી રહેલી ૪૧ પ્રકૃતિઓમાં તીર્થંકરની અપેક્ષાથી એક તીર્થંકર પ્રકૃતિ ગણવાથી ૪૨ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

**૬૬૪ પ્ર. તેરમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓની સત્તા રહે છે?**

ઉ. બારમા ગુણસ્થાનમાં જે ૧૦૧ પ્રકૃતિઓની સત્તા છે તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ સોળ (જ્ઞાનાવરણની ૫, અન્તરાયની ૫, દર્શનાવરણની ૪, નિદ્રા ૧, પ્રચલા ૧) ને ઘટાડવાથી બાકી રહેલી ૮૫ પ્રકૃતિઓની સત્તા રહે છે.

**૬૬૫ પ્ર. ચૌદમા અયોગી કેવળી નામના ગુણસ્થાનનું સ્વરૂપ શું છે? અને તે કોને પ્રાપ્ત થાય છે?**

ઉ. મન, વચન, કાયના યોગોથીરહિત કેવળજ્ઞાન સહિત અરહંત ભટ્ટારક [ભગવાન] ને ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનનો કાળ અ ઇ ઉ ઋ લૃ એ પાંચ હ્રસ્વ સ્વરોનો ઉચ્ચાર કરવાની બરાબર છે. પોતાના ગુણસ્થાનના કાળના દ્વિચરમ સમયમાં સત્તાની ૮૫ પ્રકૃતિઓમાંથી ૭૨ પ્રકૃતિઓનો અને ચરમ સમયમાં ૧૩ પ્રકૃતિઓનો

નાશ કરીને, અરહંત ભગવાન્ મોક્ષધામે [ સિદ્ધ-શિલાએ ] પધારે છે.

**૬૬૬ પ્ર. ચૌદમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો બંધ થાય છે ?**

ઉ. તેરમા ગુણસ્થાનમાં જે એક સાતાવેદનીયનો બંધ થતો હતો, તેની આ ગુણસ્થાનમાં વ્યુચ્છિત્તિ થવાથી કોઈપણ પ્રકૃતિનો બંધ થતો નથી.

**૬૬૭ પ્ર. ચૌદમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉદય થાય છે ?**

ઉ. તેરમા ગુણસ્થાનમાં જે ૪૨ પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિપ્રકૃતિ ત્રીશ [ વેદનીય ૧, વજ્રઋષભનારાચ સંહનન ૧, નિર્માણ ૧, સ્થિર ૧, અસ્થિર ૧, શુભ ૧, અશુભ ૧, સુસ્વર ૧, દુઃસ્વર ૧, પ્રશસ્ત વિહાયોગતિ ૧, અપ્રશસ્ત વિહાયોગતિ ૧, ઔદારિક શરીર ૧, ઔદારિક અંગોપાંગ ૧, તૈજસ શરીર ૧, કાર્માણ શરીર

૧, સમચતુરસ્રસંસ્થાન ૧, ન્યગ્રોધ ૧, સ્વાતિ ૧, કુબ્જક ૧, વામન ૧, હુંડક ૧, સ્પર્શ ૧, રસ ૧, ગંધ ૧, વર્ણ ૧, અગુરુલઘુત્વ ૧, ઉપઘાત ૧, પરઘાત ૧, ઉચ્છ્વાસ ૧, અને પ્રત્યેક ] ને ઘટાડવાથી બાકી રહેલી ૧૨ પ્રકૃતિઓ [ વેદનીય ૧, મનુષ્યગતિ ૧, મનુષ્યાયુ ૧, પંચેન્દ્રિયજાતિ ૧, સુભગ ૧, ત્રસ ૧, બાદર ૧, પર્યાપ્ત ૧, આદેય ૧, યશઃકીર્તિ ૧, તીર્થંકર પ્રકૃતિ ૧ અને ઉચ્ચગોત્ર ૧] નો ઉદય થાય છે.

**૬૬૮ પ્ર. ચૌદમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓની સત્તા રહે છે ?**

ઉ. તેરમા ગુણસ્થાનની માફક આ ગુણસ્થાનમાં પણ ૮૫ પ્રકૃતિઓની સત્તા છે, પરન્તુ દ્વિચરમ સમયમાં ૭૨ અને અન્તિમ સમયમાં ૧૩ પ્રકૃતિઓની સત્તાનો નાશ કરીને, અરહંત ભગવાન્ મોક્ષે પધારે છે.

ઇતિ પંચમોऽધ્યાયઃ સમાપ્તઃ.

## ગ્રન્થકર્ત્તાનું અન્તિમ વક્તવ્ય.

### દોહા.

વંદૌં શ્રી મહાવીરજિન, વર્દ્ધમાન ગુણખાન;
ભવ્યસરોજસમૂહરવિ, કરન સકલ કલ્યાન. ૧.

પ્રાંત ગ્વાલિયરમેં બસે, ભિંડ નગર શુભ સ્થાન;
શ્રીયુત માધવસિંહ નૃપ, ન્યાય નીતિ ગુણખાન. ૨.

અર્ગલપુરવાસી બણિક, જાતિ બરૈયા જાન;
લછમન સુત ગોપાળ તહઁ, કીની આય દુકાન. ૩.

ઇન્દ્રપ્રસ્થવાસી સુજન, મોતીલાલ સુગ્યાન;
ઉદાસીન સંસારસોં. ખોજત નિજ કલ્યાન. ૪.

આયે યા પુર ભિંડમેં, ઢૂંઢત તત્ત્વજ્ઞાન;
તિન નિમિત્ત લઘુ ગ્રન્થ યહ, રચ્યૌ સ્વપરહિત જાન. ૫.

શ્રીયુત પન્નાલાલજી, અતિ સજ્જન ગુણવાન;
તિન નિજ કાજ વિહાય સબ, કરી સહાય સુગ્યાન. ૬.

અલ્પબુદ્ધિ મમ વિષય યહ, જિનસિદ્ધાન્ત મહાન;
ભૂલ દેખિકે શોધિયો, કરિયો ક્ષમા સુજાન. ૭.

જો સજ્જન ઇસ ગ્રન્થકો, પઢૈ નિત્ય ધરિ ધ્યાન;
તે શ્રી જિનસિદ્ધાન્તમેં, કરેં પ્રવેશ સુજાન. ૮.
વિક્રમ સંવત સહસ ઇક, નૌસૈં છયાસઠિ જાન;
કૃષ્ણપક્ષ શ્રાવણ પ્રથમ, તિથિ નવમી દિન ભાન. ૯.
જિનસિદ્ધાન્તપ્રવેશિકા, યા દિન પૂરન જાન;
પઢહુ પઢાવહુ ચિર જિયહુ, યાવચ્ચન્દ્રસુભાન. ૧૦.

ઇતિ શ્રી જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા સમાપ્તા.

## શુદ્ધિ.

| પ્રશ્ન. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|
| ૩૬૫-ઉત્તર | અસંખ્યાત આવલી | સંખ્યાત આવલી |
| ૫૯૬-ઉત્તર | ૧૨૦ અને સત્વ-યોગ પ્રકૃતિ ૧૪૬ | ૧૧૭ અને સત્વ-યોગ પ્રકૃતિ ૧૪૩ |
| ૬૫૨-ઉત્તર | ક્ષાયિક સમ્યગ્દષ્ટિ-ને ૧૩૮ | ક્ષાયિક સમ્યગ્દષ્ટિ-ને ૧૩૯ |

# વિષયાનુક્રમણિકા.

## અ


| વિષય | પ્રશ્ન |
|---|---|
| અકિંચિત્કર હેત્વાભાસ... ... ... | ૫૦ |
| અકિંચિત્કર હેત્વાભાસના ભેદ ... ... | ૫૧ |
| અગુરુલઘુત્વ ગુણ ... ... ... | ૧૨૨ |
| અગુરુલઘુત્વ પ્રતિજીવીગુણ... ... ... | ૨૪૨ |
| અગુરુલઘુ નામકર્મ ... ... ... | ૩૦૩ |
| અઘાતિયા કર્મ... ... ... ... | ૩૩૯ |
| અઘાતિયા કર્મ કેટલા અને કયા કયા? ... | ૩૪૮ |
| અચક્ષુદર્શન... ... ... ... | ૨૧૩ |
| અતિવ્યાપ્તિ દોષ... ... ... ... | ૧૦ |
| અત્યન્તાભાવ... ... ... .. | ૧૮૫ |
| અધર્મદ્રવ્ય ... ... ... ... | ૧૪૨ |
| અદ્ધાપલ્ય ... ... ... ... | ૩૬૨ |
| અધઃકરણ ... ... ... ... | ૬૩૬ |
| અધઃકરણનું દૃષ્ટાન્ત ... ... | ૬૩૯ |

અધોલોક ... ... ... ... ૫૭૬
અનધ્યવસાય... ... ... ... ૮૪
અનંતાનુબંધી કષાયોદયજનિત અવિરતિથી કઈ
કઈ પ્રકૃતિઓનો બંધ થાય છે? ... ૪૩૫
અનન્તાનુબંધી કષાય ... ... ... ૨૬૯
અનાદેય નામકર્મ ... ... ... ૩૨૬
અનાત્મભૂતલક્ષણ ... ... ... ૫
અનાહારક જીવ કઈ કઈ અવસ્થામાં થાય છે?... ૫૨૮
અનિવૃત્તિકરણ... ... ... ... ૬૩૮
અનુભાગબંધ... ... ... ... ૩૬૮
અનુભાગરચનાનો ક્રમ ... ... ... ૩૯૯
અનુમાન ... ... ... ... ૪૧
અનુમાનનાં અંગ ... ... ... ૫૯
અનુમાનબાધિત ... ... ... ૫૬
અનુજીવી ગુણ ... ... ... ૧૭૮
અનૈકાંતિક હેત્વાભાસ ... ... ... ૪૬
અન્તઃકરણરૂપ ઉપશમ... ... ... ૩૭૪

અન્તર્મુહૂર્ત ... ... ... ... ૩૬૪
અન્તરાય કર્મ ... ... ... ૩૩૪
અન્તરાય કર્મના ભેદ ... ... ... ૩૩૫
અન્તિમ ગુણહાનિ ... ... ... ૩૯૩
અન્ય ગુણહાનિઓના દ્રવ્યના પરિણામ ... ૩૯૪
અન્યોન્યાભ્યસ્ત રાશિ ... ... ... ૩૯૨
અન્યોન્યાભાવ... ... ... ... ૧૮૪
અન્વય દૃષ્ટાન્ત .. ... ... ૬૫
અન્વયવ્યતિરેકી હેતુ ... ... ... ૭૨
અપકર્ષણ ... ... ... ... ૩૮૬
અપર્યાપ્તિ નામ કર્મ ... ... ... ૩૧૫
અપૂર્વકરણ ... ... ... ... ૬૩૭
અપ્રતિષ્ઠિત પ્રત્યેક ... ... ... ૫૦૩
અપ્રત્યાખ્યાનાવરણ ... ... ... ૨૭૦
અપ્રત્યાખ્યાનાવરણ કષાયોદયજનિત અવિરતિથી
કઈ કઈ પ્રકૃતિઓનો બંધ થાય છે? ... ૪૩૬
અપ્રમત્તવિરતગુણસ્થાન... ... ... ૬૨૩

અપ્રમત્તવિરતગુણસ્થાનના ભેદ ... ... ૬૨૪
અપ્રમત્ત ગુણસ્થાનમાં કેટલી
પ્રકૃતિઓનો બંધ થાય છે? ...૬૪૦
" " " " ઉદય થાય છે? ...૬૪૧
" " " પ્રકૃતિઓની સત્તા હોય છે? ૬૪૨
અબાધિત ... ... ૩૯
અભવ્યત્વગુણ ... ... ૨૩૦
અભાવ ... ... ... ૧૮૦
અભાવના ભેદ ... ... ૧૮૧
અયશ:કીર્તિનામકર્મ ... ૩૨૮
અયોગકેવલીનામક ચૌદમું ગુણસ્થાન ૬૬૫
અયોગકેવલી ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો
બંધ થાય છે?... ૬૬૬
" ઉદય " ... ૬૬૭
" સત્તા હોય છે? ... ૬૬૮
અર્થપર્યાય... ... ... ૧૫૪
અર્થપર્યાયના ભેદ ... ... ૧૫૫
અર્થાવગ્રહ... ... ... ૨૦૬

અર્દ્ધનારાચસંહનન ... ... ૨૯૫
અવિભાગ પ્રતિચ્છેદ ... ... ૩૮૨
અલક્ષ્ય... ... ... ૧૧
અલોકાકાશ ... ... ૧૬૫
અવધિદર્શન ... ... ૨૧૪
અવધિજ્ઞાન... ... ... ૨૨
અવગાહપ્રતિજીવીગુણ ... ૨૪૧
અવગ્રહ... ... ... ૨૦૦
અવગ્રહાદિ જ્ઞાન બન્નેય પ્રકારના પદાર્થોમાં થાય
છે અથવા કેવી રીતે?... ... ૨૦૫
અવાય... ... ... ૨૦૨
અવાન્તર સત્તા ... ... ૧૯૩
અવિનાભાવ સંબંધ ... ... ૩૫
અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન ... ૬૧૧
અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો
બંધ થાય છે?... ૬૧૨
" " ઉદય " ... ૬૧૩

| | | | |
|---|---|---|---|
| અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં કેટલી | | | |
| ,, પ્રકૃતિઓની સત્તા રહે છે ? | | | ૬૧૪ |
| અવિરતિ... | ... | ... | ૪૨૭ |
| અવિરતિના ભેદ | ... | ... | ૪૨૮ |
| અવ્યાપ્તિ દોષ | ... | ... | ૯ |
| અવ્યાબાધપ્રતિજીવીગુણ | | ... | ૨૪૦ |
| અશુભ નામકર્મ... | | ... | ૩૨૦ |
| અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનન | | ... | ૨૯૭ |
| અસંભવ દોષ | ... | ... | ૧૨ |
| અસલી સુખનું સ્વરૂપ .. | | ... | ૫૮૧ |
| અસલી સુખ સંસારીને કેમ હોતું નથી ? | | | ૫૮૨ |
| અસલી સુખ ક્યારે મળે છે ? | | ... | ૫૮૩ |
| અસમર્થ કારણ | ... | ... | ૪૦૫ |
| અસદ્ભૂતવ્યવહારનય ... | | ... | ૧૦૩ |
| અસિદ્ધ ... | ... | ... | ૪૦ |
| અસિદ્ધહેત્વાભાસ | ... | ... | ૪૪ |
| અસ્તિકાય... | ... | .. | ૧૭૫ |
| અસ્તિકાયના ભેદ | ... | ... | ૧૭૬-૧૭૭ |

અસ્તિત્વગુણ ... ... ૧૧૮

## આ

આકાશ દ્રવ્ય ... ... ૧૪૩
આકાશના ભેદ ... ... ૧૬૨
આકાશનું સ્થાન ... ... ૧૬૩
આગમપ્રમાણ ... ... ૭૩
આગમબાધિત ... ... ૫૭
આઠમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો
બંધ થાય છે? ... ૬૪૩
,, ,, ઉદય ,, ? ... ૬૪૪
,, ,, સત્તા હોય છે? ... ૬૪૫
આઠે કર્મોની સ્થિતિ... ... ૩૫૮–૩૫૯
આતાપ નામકર્મ ... ... ૩૦૬
આત્મભૂત લક્ષણ ... ... ૪
આદેય નામકર્મ ... ... ૩૨૫
આનુપૂર્વી નામકર્મ ... ... ૩૦૨

આમ ... ... ... ૭૪
આભ્યન્તર ક્રિયા ... ... ૨૧૯
આભ્યન્તર ઉપકરણ ... ... ૪૮૧
આભ્યન્તર નિવૃત્તિ ... ... ૪૭૮
આયુકર્મ... ... ... ૨૭૩
આયુકર્મના ભેદ ... ... ૨૭૪
આવલી ... ... ... ૩૬૫–૬૦૨
આસ્રવ ... ... ... ૪૦૦
આસ્રવના ભેદ ... ... ૪૦૧
આસ્રવોના સ્વામી કોણ કોણ છે?... ૪૪૫
આહાર ... ... ... ૫૨૬
આહારક શરીર ... ... ૧૩૫
આહારમાર્ગણાના ભેદ ... ૫૨૭
આહાર વર્ગણા ... ... ૧૩૨
આજ્ઞાનિક મિથ્યાત્વ ... ... ૪૨૫

ઇ

ઇતર નિગોદ ... ... ૫૦૭

ઇન્દ્રિય ... ... ... ૪૭૨
ઇન્દ્રિયના ભેદ ... ... ૪૭૩
ઇષ્ટ ... ... ... ૩૮

ઈ

ઈહાજ્ઞાન... .. ... ૨૦૧
ઈર્યાપથ આસ્રવ ... ... ૪૪૪

ઉ

ઉચ્ચ ગોત્રકર્મ ... ... ૩૩૨
ઉચ્છ્વાસ નામકર્મ ... ... ૩૦૯
ઉત્કર્ષણ... ... ... ૩૮૫
ઉત્પાદ ... ... ... ૧૫૮
ઉદય ... ... ... ૩૭૦
ઉદયાભાવી ક્ષય ... ... ૩૮૪
ઉદાહરણ... ... ... ૬૨
ઉદીરણા... ... ... ૩૭૧
ઉદ્યોત નામકર્મ ... ... ૩૦૭
ઉપકરણ... ... ... ૪૭૯

ઉપકરણના ભેદ ... ... ૪૮૦
ઉપઘાત નામકર્મ ... ... ૩૦૪
ઉપચરિત વ્યવહારનય અથવા ઉપચરિત
અસદ્દ્ભૂત વ્યવહારનય ... ૧૦૪
ઉપનય ... ... ... ૬૭
ઉપપાદ જન્મ ... ... ૫૩૬
ઉપયોગ... ... ... ૪૬૨–૪૮૫
ઉપયોગના ભેદ ... ... ૪૬૩
ઉપશમ... ... ... ૩૭૨
ઉપશમના ભેદ ... ... ૩૭૩
ઉપશમ શ્રેણી ... ... ૬૩૦
ઉપશમ શ્રેણીના ક્યા ક્યા ગુણસ્થાન છે ? ૬૩૩
ઉપશાન્તમોહ ગુણસ્થાન ... ૬૫૩
ઉપશાન્તમોહ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો
બંધ થાય છે ?... ૬૫૪
,, ,, ઉદય ,, ... ૬૫૫

ઉપશાન્તમોહ ગુણસ્થાનમાં કેટલી
,, પ્રકૃતિઓની સત્તા રહે છે? ... ૬૫૬
ઉપાદાન કારણ ... ... ૪૦૮

ઊ

ઊર્ધ્વલોક ... ... ૫૭૭

ઋ

ઋજુસૂત્રનય ... ... ૯૭

એ

એકત્વ પ્રત્યભિજ્ઞાન ... ... ૩૧
એક મુહૂર્તના શ્વાસોચ્છ્વાસ ... ૩૬૭
એકેન્દ્રિયના ૪૨ ભેદ... ... ૫૪૫
એવંભૂત નય ... ... ૧૦૦

ઐ

ઐકાન્તિક મિથ્યાત્વ ... ... ૪૨૨

ઔ

ઔદયિક ભાવ ... ... ૪૫૪
ઔદયિક ભાવના ભેદ ... ૪૫૯
ઔદારિક શરીર ... ... ૧૩૩

ઔપશમિક ભાવ ... ... ૪૫૧
ઔપશમિક ભાવના ભેદ ... ૪૫૬

ક

કર્મ ... ... ... ૨૪૭
કર્મપ્રકૃતિ ૧૪૮ ના બંધનો હિસાબ ૪૪૧
કર્મભુમિના જીવના ૧૨ ભેદ ... ૫૪૯
કલ્પાતીત દેવ ... ... ૫૬૦
કલ્પાતીત દેવોના ભેદ ... ૫૬૨
કલ્પોપપન્ન... ... ... ૫૫૯
કલ્પોપપન્ન દેવોના ભેદ... ... ૫૬૧
કષાય ... ... ૨૨૧–૪૩૧–૫૧૩
કષાયના ભેદ ... ...૨૬૭–૫૧૪
કષાયના ઉદયથી કેટલી પ્રકૃતિઓનો બંધ થાયછે?૪૩૯
કાય ... ... ... ૪૯૩
કારણ ... ... ... ૪૦૨
કારણના ભેદ ... ... ૪૦૩
કાર્માણ શરીર ... ... ૧૩૯

કાર્માણવર્ગણા ... ... ૧૩૮
કાલ દ્રવ્ય ... ... ૧૪૪
કાલદ્રવ્યના ભેદ ... ... ૧૪૫
કાલદ્રવ્યના ભેદ અને સ્થિતિ ... ૧૬૯
ક્યા ક્યા જીવોને કયો કયો જન્મ થાય છે ? ૫૩૯
,, ક્યા ક્યા લિંગ હોય છે ? ૫૪૦
,, કઈ કઈ ઇંદ્રિયો હોય છે ? ૪૯૨
કીલક સંહનન ... ... ૨૯૬
કુબ્જક સંસ્થાન ... ... ૨૮૮
કેવલ દર્શન ... ... ૨૧૫
કેવલ વ્યતિરેકી હેતુ ... ... ૭૧
કેવલ જ્ઞાન .. ... ... ૨૫
કેવલાન્વયી હેતુ ... ... ૭૦
કોડાકોડી... ... ... ૩૬૦
ક્યા ક્યા ગુણસ્થાનનું કયું કયું નિમિત્ત છે ? ૫૯૪
ક્રમભાવી વિશેષ ... ... ૭૯

| | |
|---|---|
| ગતિ ... ... ... | ૪૭ |
| ગતિના ભેદ ... ... | ૪૭ |
| ગતિ નામકર્મ ... ... | ૨૭૭ |
| ગર્ભ જન્મ ... ... | ૫૩૭ |
| ગર્ભજ પચેન્દ્રિયના ૧૬ ભેદ. ... | ૫૪૮ |
| ગંધ નામકર્મ ... ... | ૨૯૯ |
| ગુણ ... ... ... | ૧૧૩ |
| ગુણના ભેદ ... ... | ૧૧૪ |
| ગુણસ્થાન ... ... | ૫૯૧ |
| ગુણસ્થાનોના ૧૪ નામ ... | ૫૯૨ |
| ગુણસ્થાનોના એ નામ હોવાનું કારણ | ૫૯૩ |
| ગુણહાનિ ... ... ... | ૩૮૯ |
| ગુણહાનિ આયામ ... ... | ૩૯૦ |
| ગોત્ર અને ગોત્રના ભેદ ... | ૩૩૦ ૩૩૧ |

ઘ

| | |
|---|---|
| ઘાતિયા કર્મ ... ... | ૩૩૮ |
| ઘાતિયા કર્મ કેટલા અને ક્યા ક્યા છે ? | ૩૪૭ |

ઘ્રાણેન્દ્રિય ... ... ૪૮૯

ચ

ચય ... ... ... ૩૯૭
ચયનું પરિમાણ કાઢવાની રીત ... ૩૯૮
ચક્ષુર્દર્શન... ... ... ૨૧૨
ચક્ષુરિન્દ્રિય... ... ... ૪૯૦
ચારિત્ર... ... ... ૨૧૭
ચારિત્રના ભેદ ... ... ૨૨૨
ચારિત્રમોહનીય ... ... ૨૬૫
ચારિત્રમોહનીયના ભેદ ... ૨૬૬
ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ તથા ક્ષય કરવા માટે આત્માના કયા પરિણામ નિમિત્ત–કારણ છે? ... ... ૬૩૫
ચેતના ... ... ... ૧૮૮
ચેતનાના ભેદ ... ... ૧૮૯

જ

જન્મના ભેદ ... ... ૫૩૫

જાતિ ... ... ... ૨૭૮
જાતિ નામકર્મ ... ... ૨૭૯
જીવદ્રવ્ય... ... ... ૧૨૫
જીવદ્રવ્ય કેટલા અને ક્યાં છે ? ... ૧૭૧
જીવના આકાર ... ... ૧૭૨
જીવના ભેદ... ... ... ૨૪૪
જીવત્વ ગુણ ... ... ૨૩૧
જીવના અનુજીવી ગુણ ... ૧૮૬
જીવના અસાધારણ ભાવ ... ૪૫૦
જીવવિપાકી કર્મ ... ... ૩૪૨
જીવવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ? ૩૫૩
જીવસમાસ... ... ... ૫૪૧
જીવ સમાસના ભેદ ... .. ૫૪૨
જીવોના પ્રાણોની સંખ્યા ... ૨૩૬
જ્યોતિષ્ક દેવોના સ્થાન... ... ૫૭૨
જ્યોતિષ્ક દેવોના ભેદ... ... ૫૫૭

## ત


તર્ક ... ... .. ૩૩

તિર્યંચના ૮૫ ભેદ ... ... ૫૪૩

તીર્થંકર નામકર્મ ... ... ૩૨૯

તૈજસ, કાર્માણ શરીરોના સ્વામી ... ૧૪૦

તૈજસ વર્ગણા ... ... ૧૩૬

ત્રસ ... ... ... ૪૯૪

ત્રસ જીવ ક્યાં રહે છે? ... ૫૬૭

ત્રસ નામકર્મ ... ... ૩૧૦


## દ


દુર્ભગ નામકર્મ ... ... ૩૨૨

દર્શન ક્યારે થાય છે? ... ૨૧૧

દર્શનચેતના ... ... ૧૯૦

દર્શનચેતનાના ભેદ ... ... ૧૯૪

દર્શનમાર્ગણાના ભેદ ... ... ૫૧૮

દર્શનમોહનીય ... ... ૨૬૦

દર્શનમોહનીયના ભેદ ... ... ૨૬૧

દર્શનાવરણ... ... ... ૨૫૪
દર્શનાવરણના ભેદ ... ... ૨૫૫
દર્શનોપયોગના ભેદ ... ... ૪૬૪
દુઃસ્વર નામકર્મ ... ... ૩૨૪
દૃષ્ટાંત ... ... ... ૬૩
દૃષ્ટાન્તના ભેદ ... ... ૬૪
દેવોના બે ભેદ ... ... ૫૫૩
દેવોના વિશેષ ભેદ ... ... ૫૫૪
દેશઘાતિ કર્મ ... ... ૩૪૧
દેશઘાતિ પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે? ૩૫૦
દેશચારિત્ર ... ... ૨૨૪
દેશવિરત નામક પાંચમું ગુણસ્થાન ... ૬૧૫
દેશવિરત ગુણસ્થાનમાં કેટલી
,, ,, પ્રકૃત્તિઓનો બંધ થાય છે? ... ૬૧૬
,, ,, ,, ઉદય ,, ૬૧૭
,, ,, ,, સત્તા હોય છે? ... ૬૧૮
દ્રવ્ય ... ... ... ૧૧૨

નારકિઓના બે ભેદ ... ... ૫૫૨
નારકિઓના વિશેષ ભેદ ... ૫૬૩
નારકિ જીવોનાં સ્થાન... ... ૫૭૦
નારાચ સંહનન ... ... ૨૯૪
નિગમન... ... ... ૬૮
નિત્ય નિગોદ ... ... ૫૦૬
નિમિત્ત કારણ ... ... ૪૦૭
નિર્જરા... ... ... ૫૮૭
નિર્માણ નામકર્મ ... ... ૨૮૧
નિર્વૃત્તિ ... ... ... ૪૭૫
નિર્વૃત્તિના ભેદ .. ... ૪૭૬
નિશ્ચયનય ... ... ૮૭
નિશ્ચય કાળ ... ... ૧૪૬
નિશ્ચય નયના ભેદ ... ... ૮૯
નિષેક ... ... ... ૩૭૮
નિષેકહાર ... ... ૩૯૬
નિક્ષેપ ... ... ... ૧૦૫

નિક્ષેપના ભેદ ... ... ૧૦૬
નીચ ગોત્રકર્મ ... ... ૩૩૩
નૈગમ નય ... ... ૯૩
નોકષાયના ભેદ ... ... ૨૬૮
ન્યગ્રોધપરિમંડલ ... ... ૨૮૬

પ

પદાર્થોને જાણવાનો ઉપાય ... ૧
પશ્ચાત નામકર્મ ... ... ૩૦૫
પરમાણુ... ... ... ૧૨૮
પરોક્ષ પ્રમાણ ... ... ૨૬
પરોક્ષ પ્રમાણના ભેદ... ... ૨૭
પરોક્ષ મતિજ્ઞાનના ભેદ... ... ૧૯૮
પર્યાપ્તિકર્મ ... ... ૩૧૨
પર્યાપ્તિ ... ... ... ૩૧૩
પર્યાપ્તિના ભેદ ... ... ૩૧૪
પર્યાય ... ... ... ૧૪૮
પર્યાયના ભેદ ... ... ૧૪૯

પર્યાયાર્થિક નય ... ... ૯૧
પર્યાયાર્થિક નયના ભેદ... ... ૯૬
પક્ષ ... ... ... ૪૭
પચેન્દ્રિય તિર્યંચ ક્યાં ક્યાં રહે છે ? ... ૫૬૯
પાપ કર્મ ... ... ૩૩૭
પાપ પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ? ૩૫૫
પારિણામિક ભાવ ... ... ૪૫૫
પારિણામિક ભાવના ભેદ ... ૪૬૦
પારમાર્થિક પ્રત્યક્ષ ... ... ૧૮
પારમાર્થિક પ્રત્યક્ષના ભેદ. ... ૧૯
પુણ્ય કર્મ ... ... ૩૩૬
પુણ્ય પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે?... ૩૫૬
,, પ્રકૃતિબંધના કારણત્વની અપેક્ષાએ
આસ્રવના કેટલા ભેદ છે ? ... ૪૧૯
પુણ્યાસ્રવ-પાપાસ્રવનાં કારણ ... ૪૪૬
પુદ્ગલ દ્રવ્ય ... ... ૧૨૬
પુદ્ગલ દ્રવ્યના ભેદ ... ... ૧૨૭

પુદ્ગલ દ્રવ્યની સંખ્યા અને સ્થિતિ ... ૧૭૦
પુદ્ગલવિપાકી કર્મ ... ... ૩૪૩
પુદ્ગલવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે? ૩૫૪
પ્રકૃતિબંધ ... ... ૨૫૦
પ્રકૃતિબંધના ભેદ ... ... ૨૫૧
પ્રકૃતિબંધ અને અનુભાગ બંધમાં કયો ભેદ છે? ૪૧૭
પ્રકૃતિબંધમાં વિશેષતા ... ૪૧૮
પ્રકૃતિબંધના કારણત્વની અપેક્ષાએ આસ્રવના ભેદ ૪૧૯
પ્રતિજ્ઞા... ... ... ૬૦
પ્રતિજીવી ગુણ ... ... ૧૭૯
પ્રતિજીવી ગુણના ભેદ... ... ૧૮૭
પ્રત્યભિજ્ઞાન ... ... ૨૯
પ્રત્યભિજ્ઞાનના ભેદ ... ... ૩૦
પ્રત્યક્ષ ... ... ... ૧૫
પ્રત્યક્ષના ભેદ ... ... ૧૬
પ્રત્યક્ષબાધિત ... ... ૫૫

પ્રત્યાખ્યાનાવરણુ કર્મ... ... ૨૭૧
પ્રત્યાખ્યાનાવરણુ કષાયોદયજનિત અવિરતિથી
કઈ કઈ પ્રકૃતિઓનો બંધ થાય છે? ૪૩૭
પ્રત્યેક નામકર્મ ... ... ૩૧૬
પ્રત્યેક વનસ્પતિ ... ... ૪૯૯
પ્રત્યેક વનસ્પતિના ભેદ ... ૫૦૧
પ્રત્યેક ગુણહાનિના દ્રવ્યોનું પરિમાણુ... ૩૯૫
પ્રથમોપશમસમ્યક્ત્વ ... ... ૬૦૦
પ્રદેશ ... ... ... ૧૬૮
પ્રદેશવત્વગુણુ ... ... ૧૨૩
પ્રદેશબંધ ... ... ૩૬૯
પ્રધ્વંસાભાવ ... ... ૧૮૩
પ્રમત્તવિરત નામનું ૭મું ગુણુસ્થાન ... ૬૧૯
પ્રમત્તવિરત ગુણુસ્થાનમાં કેટલી
પ્રકૃતિઓનો બંધ થાય છે? ૬૨૦
" " " ઉદય " ૬૨૧
" " " સત્તા હોય છે? ૬૨૨

| | | | |
|---|---|---|---|
| પ્રમાણ ... | ... | ... | ૧૩ |
| પ્રમાણુના ભેદ | ... | ... | ૧૪ |
| પ્રમાણુના વિષય | ... | ... | ૭૫ |
| પ્રમાણાભાસ | ... | ... | ૮૦ |
| પ્રમાણાભાસના ભેદ | ... | ... | ૮૧ |
| પ્રમાદ .. | ... | ... | ૪૨૯ |
| પ્રમાદના ભેદ | ... | ... | ૪૩૦ |
| પ્રમાદથી કેટલી પ્રકૃતિઓનો બંધ થાય છે ? | | | ૪૩૮ |
| પ્રમેયત્વ ગુણુ | ... | ... | ૧૨૧ |
| પ્રાગભાવ | ... | ... | ૧૮૨ |
| પ્રાણુ તથા પ્રાણુના ભેદ | | ... | ૨૩૨–૨૩૩ |

બ

| | | | |
|---|---|---|---|
| બંધ ... | ... | ... | ૧૩૦ |
| બંધના ભેદ | ... | ... | ૨૪૮ |
| બંધના કારણુ | ... | ... | ૨૪૯ |
| બંધન નામકર્મ | ... | ... | ૨૮૨ |
| બલ પ્રાણુના ભેદ | ... | ... | ૨૩૮ |

બાદર ... ... ... ૪૯૬
બાદર એકેન્દ્રિય જીવ ક્યાં રહે ? ... ૫૬૬
બાદર અને સૂક્ષ્મ જીવ કયા છે ? ... ૫૦૮
બાધિતવિષય હેત્વાભાસ ... ૫૩
બાધિતવિષય હેત્વાભાસના ભેદ ... ૫૪
બાહ્યક્રિયા ... ... ૨૧૮
બાહ્યનિર્વૃત્તિ ... ૪૭૭
બાહ્યોપકરણ ... ... ૪૮૨

ભ

ભવનવાસી દેવોના ભેદ... ... ૫૫૫
ભવનવાસી તથા વ્યંતરોનાં સ્થાન ... ૫૭૧
ભવવિપાકી કર્મ ... ... ૩૪૪
ભવવિપાકી પ્રકૃતિ ... ... ૩૫૨
ભવ્યત્વ ગુણ ... ... ૨૨૯
ભવ્યમાર્ગણાના ભેદ ... ... ૫૨૦
ભાવનિક્ષેપ ... ... ૧૧૧
ભાવપ્રાણ ... ... ૨૩૫
ભાવપ્રાણના ભેદ ... ... ૨૩૭(ક)

ભાવબંધ ... ... ૪૧૦
ભાવબંધના નિમિત્ત કારણ ... ૪૧૩
ભાવબંધના ઉપાદાન કારણ ... ૪૧૪
ભાવાસ્રવ ... ... ૪૧૫
ભાવેન્દ્રિય ... ... ૪૮૩
ભાવેન્દ્રિયના ભેદ ... ... ૨૩૭ (અ)
ભાષા વર્ગણા ... ... ૧૩૭
ભોગભૂમિના જીવોના ભેદ ... ૫૫૦

મ

મતિજ્ઞાન... ... ... ૧૯૬
મતિજ્ઞાનના ભેદ ... ... ૧૯૭
મતિજ્ઞાનના બીજા ભેદ.. ... ૧૯૯
મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોના ભેદ... ૨૦૪
મધ્યલોક... ... ... ૫૭૮
મધ્યલોકનું વિશેષ સ્વરૂપ ... ૫૭૯
મનઃપર્યય જ્ઞાન ... ... ૨૩
મનુષ્યોનો નિવાસ... ... ૫૭૪

મનુષ્યોના ૯ ભેદ ... ... ૫૫૧
મહાસત્તા ... ... ... ૧૯૧
માર્ગણા ... ... ... ૪૬૮
માર્ગણાના ભેદ ... ... ૪૬૯
મિથ્યાત્વ ... ... ... ૨૬૨ ૪૨૦
મિથ્યાત્વના ભેદ ... ... ૪૨૧
મિથ્યાત્વની પ્રધાનતાથી પ્રકૃતિઓના બંધ ભેદ ૪૩૪
મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ ... ૫૯૫
મિથ્યાત્વ ગુણસ્થાનમાં કઈ કઈ
પ્રકૃતિઓનો બંધ થાય છે? ૫૯૬
" " " ઉદય " ૫૯૭
" " " સત્તા હોય છે? ૫૯૮
મિશ્ર ગુણસ્થાન... ... ૬૦૭
મિશ્ર ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો બંધ થાયછે? ૬૦૮
" " " ઉદય " ૬૦૯
" " " સત્તા હોય છે? ૬૧૦
મુક્તજીવ... ... ... ૨૪૬

મુહૂર્ત ... ... ... ૩૬૩
મોહનીયકર્મ ... ... ૨૫૮
મોહનીયકર્મના ભેદ ... ... ૨૫૯
મોક્ષનું સ્વરૂપ .. ... ૫૮૪
મોક્ષપ્રાપ્તિનો ઉપાય ... ... ૫૮૫
મોક્ષ જનારની ગતિ ... ... ૫૩૪

ય

યથાખ્યાત ચારિત્ર ... ... ૨૨૬
યશસ્કીર્તિ નામકર્મ ... ... ૩૨૭
યોગ ... ... ૨૨૦–૪૩૨–૫૦૯
યોગના ભેદ ... ૪૩૩–૫૧૦
યોગના નિમિત્તે કઈ પ્રકૃતિનો બંધ થાય છે? ૪૪૦

ર

રત્નત્રયની એકતા યુગપત્ થાય છે યા ક્રમથી? ૫૮૯
રત્નત્રયના પૂર્ણ ગુણોની એકતા થવાનો ક્રમ ક્યા પ્રકારે છે? ૫૯૦
રસ નામકર્મ ... ... ૩૦૦

રસનેન્દ્રિય ... ... ૪૮૮

લ

લબ્ધિ ... ... ... ૪૮૪
લક્ષણ ... ... ... ૨
લક્ષણના ભેદ ... ... ૩
લક્ષણાભાસ ... ... ૬
લક્ષણના દોષ ... ... ૭
લક્ષ્ય ... ... ... ૮
લેશ્યા ... ... ... ૪૬૧
લેશ્યામાર્ગણાના ભેદ ... ... ૫૧૯
લોકની મોટાઈ વગેરે ... ... ૧૬૬
લોકના ભેદ ... .. ૫૭૫
લોકાકાશ ... ... ૧૬૪
લોકાકાશ બરાબર જીવ ... ૧૭૩

વ

વજ્રનારાચ સંહનન ... ... ૨૯૩
વજ્રર્ષભનારાચ સંહનન ... ૨૯૨

| | |
|---|---|
| વનસ્પતિના ભેદ... | ૪૯૮ |
| વર્ગ | ૩૮૧ |
| વર્ગણા | ૩૮૦ |
| વર્ણ નામકર્મ | ૨૯૮ |
| વસ્તુત્વ ગુણ | ૧૧૯ |
| વ્યતિરેક દૃષ્ટાન્ત | ૬૬ |
| વ્યક્તાવ્યક્ત પદાર્થોના ભેદ | ૨૦૯ |
| વ્યય | ૧૫૯ |
| વ્યવહારકાલ | ૧૪૭ |
| વ્યવહારનય (દ્રવ્યાર્થિક નયના ભેદ) | ૯૫ |
| વ્યવહારનય (ઉપનય) | ૮૮ |
| વ્યવહારનયના ભેદ | ૧૦૧ |
| વ્યંજનપર્યાય | ૧૫૦ |
| વ્યંજનપર્યાયના ભેદ | ૧૫૧ |
| વ્યંજનાવગ્રહ અને તેનો વિશેષ | ૨૦૭-૨૦૮ |
| વ્યંતરોના ભેદ | ૫૫૬ |
| વામન સંસ્થાન | ૨૮૯ |

વ્યાપ્તિ ... ... ... ૩૪
વિકલત્રયના ૯ ભેદ ... ... ૫૪૬
વિકલત્રય ક્યાં રહે છે ? ... ૫૬૮
વિકલપારમાર્થિક પ્રત્યક્ષ ... ૨૦
વિકલપારમાર્થિક પ્રત્યક્ષના ભેદ ... ૨૧
વિગ્રહગતિ ... ૩૪૬–૫૨૯
વિગ્રહગતિમાં કયો યોગ હોય છે? ... ૫૩૦
વિગ્રહગતિના ભેદ ... ... ૫૩૧
વિગ્રહગતિમાં અનાહારક અવસ્થાનો સમય ૫૩૩
વિગ્રહગતિઓનો કાળ... ... ૫૩૨
વિપક્ષ ... ... ... ૪૯
વિપરીત મિથ્યાત્વ ... ... ૪૨૩
વિપર્યય ... ... ૮૩
વિભાવ અર્થપર્યાય ... ... ૧૫૭
વિભાવ વ્યંજનપર્યાય... ... ૧૫૩
વિરુધ્ધ હેત્વાભાસ .. ... ૪૫
વિશેષ ... ... ... ૭૬

વિશેષના ભેદ ... ... ૭૭

વિશેષ ગુણ ... ... ૧૧૬

વિહાયોગતિ નામકર્મ ... ... ૩૦૮

વીર્ય ... ... ... ૨૨૮

વ્યુચ્છિત્તિ ... ... ૬૦૪

વેદ અને વેદના ભેદ ... ૫૧૧-૫૧૨

વેદનીય કર્મ અને તેના ભેદ... ૨૫૬-૨૫૭

વૈક્રિયિક શરીર ... ... ૧૩૪

વૈનયિક મિથ્યાત્વ ... ... ૪૨૬

વૈભાવિક ગુણ ... ... ૨૩૯

વૈમાનિક દેવોના ભેદ ... ... ૫૫૮

વૈમાનિક દેવોના સ્થાન... ... ૫૭૩


શા


શબ્દ નય ... ... ૯૮

શરીર નામ કર્મ ... ... ૨૮૦

શક્તિ શબ્દની ઇષ્ટતા... ... ૩૮૩

શ્વાસોચ્છ્વાસ ... ... ૩૬૬

શુભ નામ કર્મ ... ... ૩૧૯
શુભ યોગ અને અશુભ યોગ ... ૪૪૭
શુભયોગ પાપાસ્રવનું પણ કારણ ઠર્યું ૪૪૯
શુભયોગમાં પાપપ્રકૃતિઓનો આસ્રવ થાય કે નહિ? ૪૪૮
શ્રુતજ્ઞાન... ... ... ૨૧૦
શ્રેણી કોને કહે છે? ... ... ૬૨૮
શ્રેણીના ભેદ ... ... ૬૨૯
શ્રેણી ચઢવાને પાત્ર કોણ છે? ... ૬૨૭
શ્રોત્રેન્દ્રિય ... ... ૪૯૧

## સ

સકલ ચારિત્ર ... ... ૨૨૫
સકલ પારમાર્થિક પ્રત્યક્ષ ... ૨૪
સદવસ્થારૂપ ઉપશમ ... ... ૩૭૫
સદ્‌ભૂત વ્યવહારનય ... ... ૧૦૨
સપક્ષ... ... .. ૪૮
સપ્રતિષ્ઠિત પ્રત્યેક ... ... ૫૦૨
સમય પ્રબદ્ધ ... ... ૩૮૮

સમચતુરસ્રસંસ્થાન ... ... ૨૮૫
સમભિરૂઢ નય ... ... ૯૯
સમર્થ કારણ ... ... ૪૦૪
સમુદ્ઘાત ... ... ૧૭૪
સમ્મૂર્ચ્છન જન્મ ... ... ૫૩૮
સમ્મૂર્ચ્છનના ૬૯ ભેદ... ... ૫૪૪
સમ્મૂર્ચ્છન પંચેન્દ્રિયના ૧૮ ભેદ ... ૫૪૭
સમ્યક્ત્વ... ... ... ૫૨૧
સમ્યક્ત્વ માર્ગણાના ભેદ ... ૫૨૨
સમ્યક્પ્રકૃતિ ... ... ૨૬૪
સમ્યક્મિથ્યાત્વ ... ... ૨૬૩
સમ્યક્ત્વ ગુણ ... ... ૨૧૬
સયોગકેવળી ગુણસ્થાન... ... ૬૬૧
સયોગ કેવલી ગુણસ્થાનમાં કેટલી
પ્રકૃતિઓનો બંધ થાય છે ?...૬૬૨
" " " ઉદય " ૬૬૩
" " " સત્તા હોય છે ? ૬૬૪

સર્વઘાતિ કર્મ ... ... ૩૪૦
સર્વઘાતિયા પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે ? ૩૪૯
સહકારી સામગ્રીના ભેદ ... ૪૦૬
સહભાવી વિશેષ ... ... ૭૮
સંક્રમણ ... ... ... ૩૮૭
સંગ્રહનય ... ... ૬૪
સંઘાત નામકર્મ ... ... ૨૮૩
સંજ્વલન કષાય ... ... ૨૭૨
સંયમ ... ... ... ૫૧૬
સંયમ માર્ગણાના ભેદ... ... ૫૧૭
સંજ્ઞા ... ... ૪૬૬-૫૨૪
સંજ્ઞાના ભેદ ... ... ૪૬૭
સંજ્ઞી ... ... .. ૫૨૩
સંજ્ઞી માર્ગણાના ભેદ... ... ૫૨૫
સંવર ... ... ... ૫૮૬
સંવર, નિર્જરા થવાનો ઉપાય ... ૫૮૮
સંશય ... ... ... ૮૨

| | | | |
|---|---|---|---|
| સંસારમાં સુખ કેમ નથી? | | ... | ૫૮૦ |
| સંસારી જીવ | ... | ... | ૨૪૫ |
| સંસ્થાન નામકર્મ | ... | ... | ૨૮૪ |
| સંહનન નામકર્મ | ... | ... | ૨૯૧ |
| સાગર ... | ... | ... | ૩૬૧ |
| સાત પૃથિવિઓના નામ | | ... | ૫૬૪ |
| સાતિશય અપ્રમત્તવિરત | | ... | ૬૨૬ |
| સાદૃશ્યપ્રત્યભિજ્ઞાન | ... | ... | ૩૨ |
| સાધન ... | ... | ... | ૩૬ |
| સાધ્ય ... | ... | ... | ૩૭ |
| સાધારણ નામકર્મ | ... | ... | ૩૧૭ |
| સાધારણ વનસ્પતિ ... | | ... | ૫૦૦ |
| સાધારણ વનસ્પતિ ક્યાં છે? | | ... | ૫૦૪ |
| સાધારણ વનસ્પતિના ભેદ | | ... | ૫૦૫ |
| સામાન્ય ગુણ | ... | ... | ૧૧૫ |
| સામાન્ય ગુણના ભેદ... | | ... | ૧૧૭ |
| સામ્પરાયિક આસ્રવ ... | | ... | ૪૪૩ |

સાંશયિક મિથ્યાત્વ ... ... ૪૨૪

સાસાદન ગુણસ્થાન ... ... ૫૯૯

સાસાદન ગુણસ્થાનમાં કેટલી

પ્રકૃતિઓનો બંધ થાય છે? ૬૦૩

" " " ઉદય " ૬૦૫

" " " સત્તા હોય છે? ૬૦૬

સાંવ્યાવહારિક પ્રત્યક્ષ ... ... ૧૭

સિદ્ધ સાધન ... ... ૫૨

સુખ ... ... ... ૨૨૭

સુભગ નામકર્મ ... ... ૩૨૧

સુસ્વર નામકર્મ ... ... ૩૨૩

સૂક્ષ્મ ... ... ... ૪૯૭

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનું સ્થાન ક્યાં છે? ૫૬૫

સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ... ... ૨૪૩

સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાન ... ૬૪૯

સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનમાં કેટલી
પ્રકૃતિઓનો બંધ થાય છે? ૬૫૦
" " " ઉદય " ૬૫૧
" " " સત્તા હોય છે? ૬૫૨
સ્કંધ ... ... ... ૧૨૯
સ્કંધના ભેદ ... ... ૧૩૧
સ્થાપના નિક્ષેપ ... ... ૧૦૮
સ્થાવર... ... ... ૪૯૫
સ્થાવર નામકર્મ ... ... ૩૧૧
સ્થિતિબંધ ૩૫૭
સ્થિર અને અસ્થિર નામકર્મ ... ૩૧૮
સ્પર્દ્ધક... ... ... ૩૭૯
સ્પર્શનામકર્મ ... ... ૩૦૧
સ્પર્શનેન્દ્રિય ... ... ૪૮૭
સ્મૃતિ ... ... ... ૨૮
સ્વભાવઅર્થપર્યાય ... ... ૧૫૬
સ્વભાવવ્યંજનપર્યાય ... ... ૧૫૨

સ્વવચન બાધિત ... ... ૫૮
સ્વરૂપાચરણચારિત્ર ... ... ૨૨૩
સ્વસ્થાન અપ્રમત્ત વિરત ... ૬૨૫
સ્વાતિ સંસ્થાન ... ... ૨૮૭

હ

હુંડક સંસ્થાન ... ... ૨૯૦
હેતુ ... ... ... ૬૧
હેતુના ભેદ ... ... ૬૯
હેત્વાભાસ ... ... ૪૨
હેત્વાભાસના ભેદ ... ... ૪૩

ક્ષ

ક્ષપકશ્રેણી ... ... ૬૩૧
ક્ષપકશ્રેણીના કયા કયા ગુણસ્થાન છે? ૬૩૪
ક્ષય ... ... ... ૩૭૬
ક્ષયોપશમ ... ... ૩૭૭
ક્ષાયિક ભાવ ... ... ૪૫૨
ક્ષાયિક ભાવના ભેદ ... ... ૪૫૭

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ કઈ શ્રેણી ચઢે છે? ... ૬૩૨
ક્ષાયોપશમિકભાવ ... ... ૪૫૩
ક્ષાયોપશમિક ભાવના ભેદ ... ૪૫૮
ક્ષીણમોહ ગુણસ્થાન ... ... ૬૫૭
ક્ષીણમોહગુણસ્થાનમાં કેટલી
પ્રકૃતિઓનો બંધ થાય છે? ૬૫૮
,, ,, ,, ઉદય ,, ૬૫૯
,, ,, ,, સત્તા હોય છે? ૬૬૦
ક્ષેત્રવિપાકી કર્મ કોને કહે છે? ... ૩૪૫
ક્ષેત્રવિપાકી પ્રકૃતિ કેટલી અને કઈ કઈ છે? ૩૫૧

જ્ઞ

જ્ઞાનચેતના ... ... ૧૯૨
જ્ઞાનચેતનાના ભેદ ... ... ૧૯૫
જ્ઞાનમાર્ગણાના ભેદ ... ... ૫૧૫
જ્ઞાનોપયોગના ભેદ ... ... ૪૬૫
જ્ઞાનાવરણ ... ... ૨૫૨
જ્ઞાનાવરણના ભેદ ... ... ૨૫૩

## સમ્યગ્જ્ઞાનના વિષય દ્રવ્યાનુયોગનું સ્વરૂપઃ—

**जीवाजीवसुतत्त्वे, पुण्यापुण्ये च बन्धमोक्षौ च ।**
**द्रव्यानुयोगदीपः, श्रुतविद्यालोकमातनुते ॥**

**અન્વયાર્થઃ**—દ્રવ્યાનુયોગરૂપી દીપક જીવ અને અજીવ તત્ત્વને, પુણ્ય અને પાપને તથા બંધ અને મોક્ષને ભાવ શ્રુતજ્ઞાનને અનુકૂળ નિરૂપણ કરે છે.

**ભાવાર્થઃ**—જે શાસ્ત્ર. જીવ, અજીવ, પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને ભાવશ્રુતજ્ઞાન અનુસાર જાણે છે તેને દ્રવ્યાનુયોગ કહે છે; એ પણ સમ્યગ્જ્ઞાનનો અવયવ છે.

**रत्नकरण्डश्रावकाचार ।**